ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૪)
અંક-૧૨, માર્ચ, ૨૦૧૬ • પાના ૪૦ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3 • ISSUE : 12 • March 2016 • PAGES 40 • PRICE 20



## જિન-વચન

**સ્ત્રીઓનો નિવાસ હોય તે ઘરમાં રહેવું બ્રહ્મચારી માટે યોગ્ય નથી.**

जहा बिडालावसहस्स मूले
न मूसगाणं वसही पसत्था ।
एमेव इत्थीनिलयस्स मज्झे
न बंभयारिस्स खमो निवासो ।।
(ઉ.૩૨-૧૩)

જેમ બિલાડીઓના નિવાસસ્થાન પાસે રહેવું તે ઉંદરો માટે યોગ્ય નથી, તેમ જે ઘરમાં સ્ત્રીઓનો નિવાસ હોય તે ઘરમાં રહેવું બ્રહ્મચારી માટે યોગ્ય નથી.

It is not advisable for mice to live near a dwelling place of a cat. Similarly, it is not desirable for a person practising celibacy to stay in a house inhabited by women.

**ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### મહામાનવ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની કેટલીક વાતો

કલામ નાની વયે રામેશ્વરમ્‌માં નદીકિનારે આવેલાં શિવાલયમાં ભીના શરીરે ભગવાન શિવની પ્રદક્ષિણા કરતાં.

કલામસાહેબ રાષ્ટ્રપતિ બન્યા એના અમુક સમય બાદ એમના ૫૦થી વધારે સગાંવ્હાલાં ૧૦-૧૨ દિવસ રાષ્ટ્રપતિ ભવનમાં રોકાયાં. મહેમાનોનાં ગયા બાદ એમનું ટોટલ બિલ કલામસાહેબે પોતાના પગારમાંથી ચૂકવી દીધું. કલામસાહેબ માત્ર બે બેગો લઈને રાષ્ટ્રપતિ ભવનમાં આવેલાં અને એટલી જ બેગો લઈને ગયાં...!

પોતાની પાસે જે કાંઈ આર્થિક મૂડી હતી તે તેમણે અનાથાશ્રમને આપી દીધી કારણકે એમને સરકાર તરફથી રાષ્ટ્રપતિ બન્યા બાદ આજીવન પેન્શન મળવાનું હતું, સગવડો મળવાની હતી.

ધર્મને બદલે જીવનભર માનવધર્મની જ વાતો પર જ ધ્યાન આપ્યું. ગીતા અને કુરાન એમ બંનેને સાથે રાખ્યા અને અમલ કરતા રહ્યા.

છેલ્લે શું મૂકી ગયાં...? બે પેન્ટ, ચાર શર્ટ, ત્રણ સૂટ, ૨૫૦૦ પુસ્તકો, એક ફ્લેટ જે એમણે સંશોધન માટે દાનમાં આપી દીધો. એમના છેલ્લાં આઠ વર્ષના પેન્શનની રકમ પોતાના ગામની ગ્રામ પંચાયતને દાનમાં આપી દીધી. એમની પાછળ ન કોઈ જમીન, ન કોઈ બેંક બેલેન્સ, ન કોઈ શેર, ન કોઈ કાર...!

મિત્રો ઉંઘના કલાકો ઓછા કરીએ. દરરોજ એક કલાક દેશ અને વિશ્વનાકલ્યાણ માટે આપીએ એ જ આવા દેશભક્ત સંતને અપાયેલી સાચી શ્રદ્ધાંજલિ છે.

[સૌજન્ય : ધર્મદ્વાર]

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ડૉ. ધનવંત ટી. શાહ : હવે સ્મૃતિ શેષ...! | પ્રમુખઃ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | ૩ |
| ૨. | નિત્ય સારસ્વત યજ્ઞ | ડૉ. નરેશ વેદ | ૫ |
| ૩. | મૂક જીવોપદેશ | સૂર્યવદન ઠાકોરદાસ જવેરી | ૧૦ |
| ૪. | અષ્ટપ્રકારી પૂજાની કથાઓ | આચાર્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજી | ૧૧ |
| ૫. | ગુજરાતમાં જળસિંચનનો મહાયજ્ઞ | રશ્મિન ચંદુલાલ સઘવી | ૧૩ |
| ૬. | કાલ-આજ-કાલ : આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા : પં. સુખલાલજી | ડૉ. સેજલ શાહ | ૧૫ |
| ૭. | ૨૩મો જૈન સાહિત્ય સમારોહ, સોનગઢ | પારુલ ભરતભાઈ ગાંધી | ૧૯ |
| ૮. | આ ધર્મ! | ડૉ. રણજિત પટેલ 'અનામી' | ૨૧ |
| ૯. | શ્રી મું. જૈ. યુ. સંઘ દ્વારા ગુજરાતની બે સંસ્થાને નવ્વાણું લાખ રૂપિયાનું અનુદાન | રાજેશ પટેલ | ૨૨ |
| ૧૦. | ભાવ-પ્રતિભાવ | — | ૨૫ |
| ૧૧. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| 12. | એક યુગને અલવિદા... : Farewell to an era... | Reshma Jain | 30 |
| 13. | Mushak Vihar | Muni Vatsalyadeepji Trans. Pushpa Parikh | 31 |
| 14. | A small gesture can escort a big smile!! | Prachi Shah | 32 |
| 15. | Enlighten yourself by Self Study of Jainology Lesson 11 : Essence of Liberation : (Nine Tattvas) | Dr. Kamini Gogri | 34 |
| 16. | The Nineth Chakravarty Mahapadma | Dr. Renuka Porwal | 38 |
| 17. | The Nineth Chakravarty Mahapadma Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 39 |
| ૨૨. | પંથે પંથે પાથેય : અમીરીનો માપદંડ | જીતુ-રેહાના | ૪૦ |


આ અંકનું મુખપૃષ્ઠ



*દેવી ભગવતી! તારી વીણાના સૂરસ્પર્શથી!*
*જાગ્યાં સંસારીનાં હૈયે કર્મો પુનિત પંથનાં*
*શુભ્રવસ્ત્રે શોભતી, જયમાળ લઈ હસ્તે*
*નમું માત તને સ્નેહે, ચરણે તવ રાખજે.*

● નલિની મડગાવકર

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૪) • અંક : ૧૨ • માર્ચ ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૨ • વીર સંવત ૨૫૪૨ • ફાગણ સુદ તિથિ ૮ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • • • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## ડૉ. ધનવંતભાઈ ટી. શાહ

## હવે સ્મૃતિ શેષ...!

### ચમકતો સિતારો જોતજોતામાં ખરી પડ્યો

### પરિવાર તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સાથ છોડી ગયા...

શ્રી ધનવંતભાઈ ટી. શાહ એટલે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું હાર્દ, તેઓએ મુ. રમણભાઈ પછીની શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પડેલી ખોટ જણાવા દીધી નથી. તેઓ સ્વભાવે એકદમ મૃદુ, વહેવારૂ, માયાળુ અને પ્રેમાળ હોવાથી બધાના લાડીલા બની ગયા હતા. તેઓ વ્યક્તિ પૂજાના વિરોધી હતા પરંતુ અમારી સમિતિના કોઈ પણ સભ્યે કરેલ નાના સરખા કામની પણ કદર કરી જાણતા. દરેક સાથે મિત્રતા નિભાવી જાણી. કાર્યાલયમાં કાર્ય કરનાર દરેક વ્યક્તિને તેઓ પ્રોત્સાહન આપતા.

તા. ૨૮ ફેબ્રુઆરી. ૨૦૧૬ના રોજ તેઓ આ ધરતીથી એકાએક વિખુટા પડી ગયા.

તેઓએ પોતાનું જીવન પોતે ઘડયું અને અન્યોને પ્રેરણા આપી. તેઓ વિખ્યાત સાહિત્યકાર અને નાટ્યકાર તો હતા જ અને સાથે સાથે અનેક સંસ્થાઓને સેવા આપી જાણી. તેઓએ આપણા મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મહામંત્રી રહી મુખપત્રને નવું સ્વરૂપ આપી ઉચ્ચ માનવીય મૂલ્યોને સ્પર્શતા વિષયો સાથે એક ઉચ્ચ સ્થાને પહોંચાડ્યું. તેઓના તંત્રી લેખોમાં હંમેશાં સામાજિક ઉત્કર્ષ અને જીવમાત્ર પ્રત્યેની તેમની કલ્યાણની ભાવના પ્રગટ થતી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ હોવાના નાતે તેઓ આઠ દિવસના ૧૬ વ્યાખ્યાતાઓ અને ૧૬ વિષયો પસંદ કરતા. તેઓ જૈનોના બધા જ ફિરકાના વ્યાખ્યાતાઓ તથા જુદા જુદા ધર્મોના વ્યાખ્યાતાઓને પણ પસંદ કરતા. તેમના વિચારો અને પસંદગીના કારણે વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓ દોડી દોડી આવતા.

ફક્ત ૧૮ વર્ષની કુમળી વયે ફાર્બસ ગુજરાતી સભા દ્વારા યોજાયેલ

**આ અંકના સૌજન્યદાતા**

**મીરાબેન સૂર્યવદન જવેરી**

**તથા**

**દક્ષાબેન વસંત પંડિત**

**પુણ્યસ્મૃતિ : મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ અગ્રગણ્ય કાર્યકર્તા પ્રવિણચંદ્ર મંગલદાસના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તથા ચંદ્રકલાબેન પ્રવિણચંદ્રની સ્મૃતિમાં**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

નિબંધ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક મેળવ્યું હતું. તેમના નિબંધનો વિષય હતો 'ગુજરાતના સામાજિક જીવનમાં નાટકોનો ફાળો'. ૧૯૭૫માં તેમના નાટક 'અંગારા'ને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની નાટ્ય સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર તેમજ સંશોધનાત્મક સત્યઘટનાના મૌલિક નાટ્ય ગ્રંથ 'રાજવી કવિ કલાપી'ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો બેસ્ટ નાટ્ય ગ્રંથનો પુરસ્કાર મળ્યો હતો. તેઓએ લખેલ નાટક 'કલાપી'ને પણ ઍવૉર્ડ મળ્યો હતો.

૨૦૧૬ની ચોથી જાન્યુઆરીએ કલાપીનગર લાઠીમાં પૂજ્ય મુરારીબાપુના હસ્તે તેમનું સન્માન થયું હતું અને 'રાજવી કવિ કલાપી' ઍવૉર્ડથી તેમને નવાજવામાં આવ્યા હતા.

ગુજરાતી નાટ્ય જગતને પ્રયોગાત્મક નાટક આપનાર એક માતબર સર્જકની ખોટ પડી અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તો તેના પ્રાણસમા સંનિષ્ઠ મહામંત્રી ગુમાવ્યા છે.

એ બહુશ્રુત આત્મા જ્યાં હશે ત્યાં શાંતિમાં જ હશે. અમારી સૌની તેઓને શ્રદ્ધાંજલિ.

**પ્રમુખ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

## 'પ્રબુદ્ધ જીવન'નો આગામી અંક શ્રી ધનવંતભાઈને શબ્દાંજલિ અર્પવા વિશેષાંક

શ્રી ધનવંતભાઈની અણધારેલી પડેલી ખોટને શ્રી મુંબઈ જૈન યુવક કદી નહીં પૂરી પાડી શકે. પરંતુ શબ્દરૂપે આપણે ધનવંતભાઈને એક વિશેષ શ્રદ્ધાંજલિ આપતો 'પ્રબુદ્ધ જીવન'નો આગામી અંક શ્રી ધનવંતભાઈ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવાનું નિર્ધાર્યું છે. સૌ વિદ્વાન વાચકો પોતાની લાગણી શબ્દસ્થ કરી વધુમાં વધુ ૧૫૦ શબ્દોમાં પોતાનો લેખ ૨૫ માર્ચ પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં મોકલી આપે એવો અનુરોધ છે.

**–મેનેજર**


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**




**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી




**।। નેમ–રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા




**પાર્શ્વ–પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. અને સી. ડી. તૈયાર થઈ ગઈ છે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે– ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.


● **૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–**(U.S. $ 20) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–**(U.S. $ 50) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–**(U.S. $ 80)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–**(U.S. $180) ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c.No.બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c.No.003920100020260

# નિત્ય સારસ્વત યજ્ઞ*

□ ડૉ. નરેશ વેદ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શતાબ્દી વર્ષમાં એમના દ્વારા યોજાતા જૈન સાહિત્ય સમારોહના આ ત્રેવીસમા સંમેલનમાં આપ સૌએ મારી પ્રમુખપદે વરણી કરી એ માટે હું આપ સૌનો હૃદયથી આભાર માનું છું. હું જન્મે કે ધર્મે જૈન નથી, તેમ નથી જૈન ધર્મદર્શન અને તત્ત્વમીમાંસાનો વિદ્વાન. તેમ છતાં આપ સૌએ આ સ્થાન ઉપર મારી પસંદગી કરી છે ત્યારે આ સ્થાન માટે મારી પાત્રતા કરતાં આપ સૌનો સ્નેહભાવ એમાં નિમિત્તરૂપ બન્યો છે, એમ હું દૃઢતાપૂર્વક માનું છું. આપણી આ સંસ્થાને અને એનાં સંમેલનોને એના સ્થાપનાકાળથી માંડીને આજ સુધી અનેક પ્રબુદ્ધ સાધુમહારાજો, પ્રવર સ્થવિરો અને અનેક સારસ્વત વિદ્યાપુરુષોનું માર્ગદર્શન અને સંચાલન મળતું રહ્યું છે. તે સૌએ આ સંસ્થાને અને એની પ્રવૃત્તિઓને ઘણી ઉમદા બનાવી છે અને આપણા અભ્યાસવિષયના અધ્યયન, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણના કાર્યને સંગીન બનાવવાનો પુરુષાર્થ કર્યો છે. એ સૌ મહાત્માઓ અને વિદ્યાપુરુષોનું સ્નેહાદરપૂર્વક સ્મરણ અને વંદન કરી, મારા નાના ખભ્ભા ઉપર મૂકાયેલી આ મોટી જવાબદારી, સ્વાધ્યાય-સંશોધનના આ કપરા કાળમાં, નિષ્ઠા અને નિસબત સાથે, યથાશક્તિમતિ નિભાવવાનો હું પ્રયત્ન કરીશ, એમ નમ્રતાપૂર્વક જણાવવાની હું રજા લઉં છું.

આવું મોટું, મહત્ત્વનું અને માનભર્યું સ્થાન સ્વીકારતાં મારા મનમાં જાગેલા ક્ષોભ અને સંકોચ સાથે એક વિશેષ પ્રકારની લાગણી ભળેલી છે, અને એ છે કૃતજ્ઞતાની. એનું કારણ એ છે કે હું વૈષ્ણવધર્મની પરંપરામાં જન્મેલો અને ઉછરેલો ગુજરાતી ભાષા-સાહિત્યનો અધ્યાપક. પરંતુ મને જૈન ધર્મદર્શન અને તત્ત્વમીમાંસા તરફ આકર્ષ્યા આદરણીય ડૉ. રમણલાલ શાહ સાહેબે. ઈ. સ. ૨૦૦૦ની સાલથી એમણે મને શ્રી મુંબઈ યુવક મંડળ આયોજિત પ્રથિતયશ પર્યુષણ વ્યાખ્યાન-માળામાં વ્યાખ્યાનો માટે વર્ષોવર્ષ આમંત્ર્યો. એ પરંપરા એમના પછી એ વ્યાખ્યાનમાળાનું અધ્યક્ષ પદ સંભાળતા આદરણીય ડૉ. ધનવંતભાઈ શાહે પણ ચાલુ રાખી; ઉપરાંત એમણે 'પ્રબુદ્ધ જીવન'માં નિયમિત લેખો આપવા માટે પણ મને પ્રેર્યો. આ બે વિદ્વાનો ઉપરાંત સન્મિત્રો ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, પ્રો. નવીનભાઈ કુબડિયા, શ્રી કિશોરભાઈ દોશી વગેરેએ પણ વિષયો આપી વ્યાખ્યાનો માટેનાં નિમંત્રણ આપીને મને આ ક્ષેત્રમાં વિચાર વિમર્શ કરતો કર્યો. આ માટે જરૂરી પુસ્તકો, માહિતી અને પ્રેરણા આપીને અન્ય ત્રણ મિત્રો–શ્રી અનંતભાઈ રવાણી, પ્રો. પ્રશાંતભાઈ દવે અને ડૉ. હર્ષદ પંડ્યાએ પણ મને ખૂબ મદદ કરી છે. આ તકે આ સહુનું કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું અને એ સૌને પણ અભિવંદન કરું છું.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીની 'કરિયર ઍવૉર્ડ' સ્કીમ અંતર્ગત 'પ્રાચીન ભારતીય વૃત્તાંતાત્મક સાહિત્યનું અધ્યયન' (`An indepth Study of ancient Indian Narrative Literature') એ વિષય પર એક સંશોધન પ્રકલ્પ હાથ ધરીને મેં સન ૧૯૮૭થી ૧૯૯૧ સુધીના ચાર વર્ષો દરમ્યાન શોધકાર્ય કર્યું હતું. એ દરમ્યાન ગુજરાત અને અન્ય રાજ્યોના કૉલેજોના, વિશ્વ વિદ્યાલયોના, સરકારી અને ખાનગી પુસ્તક ભંડારો અને હસ્તપ્રત ભંડારોની મેં મુલાકાત લીધી હતી. ત્યારે મને બે-ત્રણ બાબતોનો ખ્યાલ આવ્યો હતો. પ્રથમ તો એ કે પ્રાચીન અને મધ્યકાલીન ગાળામાં આપણે ત્યાં માત્ર વૃત્તાંતાત્મક સાહિત્ય જ નહીં, પરંતુ કાવ્ય, કથા, નાટ્ય, ઉપરાંત દાર્શનિક, વૈચારિક,

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**
**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

**।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।**

તારીખ : ૨૧ એપ્રિલ, ગુરુવાર, સાંજે ૬-૩૦
૨૨ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૬-૩૦
૨૩ એપ્રિલ, શનિવાર, સાંજે ૬-૩૦
૨૪ એપ્રિલ, રવિવાર, સવારે ૧૦-૦૦
સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ચાર દિવસીય કથાના સૌજન્યદાતા**
**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિઃ શ્રી સી. યુ. શાહ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.

વૈજ્ઞાનિક અને સમીક્ષાત્મક સાહિત્ય પણ ઘણું રચાયેલું હતું. એવા સાહિત્યની રચનામાં જૈનેતર ઉપરાંત જૈન સમાજનો ઘણો ફાળો હતો. આ સાહિત્ય મોટે ભાગે જૈન સાધુ, સૂરિ, ગણિ, ઉપાધ્યાય, આચાર્યો દ્વારા રચાયેલું હતું. વળી એ બધું દેશના જુદા જુદા ભાગોમાં, છાપખાના અને પ્રકાશનની સુવિધાના અભાવ તથા સામાજિક-રાજકીય પ્રતિકૂળ વાતાવરણને કારણે, હસ્તપ્રતોરૂપે ઉપાશ્રયો અને ખાનગી ભંડારોમાં સંગ્રહાઈને પડેલું છે. છાપખાના, સામયિકો, સંસ્થાઓ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના આગમન પછી કેટલાક અભ્યાસવાંચ્છું અધ્યેતાઓ, શોધાર્થીઓ અને આરૂઢ વિદ્વાનો દ્વારા એમાંનું કેટલુંક પ્રકાશિત થયું છે, પણ 'થયું થોડું, રહ્યું અધિક' (petty done undone vast) જેવી સ્થિતિ છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામી અને અન્ય તીર્થંકરોની વાણીનું વર્ગીકરણ કરી એને વ્યવસ્થિત રૂપમાં ગણધરોએ સંકલિત કરી અને એ રચનાઓની અધિકૃત હસ્તપ્રતો એકઠી કરી, ઉકેલી એનું ગહન અધ્યયન કરી હરિભદ્રસૂરિ, પ્રભાનંદસૂરિ, જયશેખરસૂરિ, દેવેન્દ્રસૂરિ, લક્ષ્મીસૂરિ, જિનલાભસૂરિ, જિનભદ્રગણિ, હેમચંદ્રાચાર્ય, દેવચંદ્રજી મહારાજ, યશોવિજય ઉપાધ્યાયજી, પુષ્પદંતજી, ભૂતબલિજી, અધરસેનજી, કુમુદચંદ્રજી, અમૃતાચાર્યજી, અકલંકજી, વિદ્યાનંદજી, લુહાચાર્યજી, પૂજ્યપાદજી, માનતુંગજી, સમંતભદ્રજી, સિદ્ધસેન દિવાકરજી, કુંદકુંદાચાર્યજી, ઉમાસ્વાતિજી, જીવવિજયજી, શ્રીમદ્ રાજચંદ્રજી અને અનેક સાધુમહારાજો દ્વારા રચાયેલ કે સંપાદિત કરાયેલ, ચિંતનાત્મક કે રસાત્મક સાહિત્યનું અનુશીલન, અધ્યયન, શોધન અને પ્રકાશન કરવામાં એ. એન. ઉપાધ્યાય, અગરચંદ નહાટા, બનારસીદાસજી, હુકમચંદ ભારિલ, સાગરમલ જૈન, વીરેન્દ્ર જૈન, પંડિત સુખલાલજી, પંડિત દલસુખ માલવણિયાજી, રૂપેન્દ્રકુમાર પગારિયાજી, ડૉ. જે. સી. શિખદારજી, ડૉ. નગીનભાઈ શાહ, ધીરજલાલ ટોકરશી, વીરચંદ ગાંધી, મોહનલાલ દલીચંદ દેસાઈજી, ડૉ. રમણલાલ શાહ, ડૉ. જિતેન્દ્ર શાહ, શ્રી પન્નાલાલ શાહ, શ્રી કનુભાઈ શેઠ, શ્રી જયંત કોઠારી, શ્રી ગુણવંત બરવાળિયા, આચાર્ય તુલસીજી, આચાર્ય યુવા મહાપ્રજ્ઞજી, સમણી મંગલપ્રભા જેવા કેટલાંક ભારતીય વિદ્વાનોએ અને જેકોબી, ઈ. લ્યૂમન, શુબ્રીંગ, જર્લ શાર્પેન્ટિયર, લુડ્વિગ અલ્સડૉર્ફ વગેરે પશ્ચિમી વિદ્વાનોનું મૂલ્યવાન યોગદાન છે. એ જ રીતે પોતાની પીએચ.ડી.ની ઉપાધિ માટે આ ક્ષેત્રમાં રસરુચિ દાખવી કામ કરનારાં ડૉ. ભારતીબેન વૈદ્ય, ડૉ. રાકેશકુમાર ઝવેરી, ડૉ. કલાબેન શાહ, ડૉ. નિરંજના વોરા, ડૉ. રશ્મિકાંત ઝવેરી, ડૉ. કવીન શાહ, ડૉ. ફાલ્ગુનીબેન ઝવેરી, ડૉ. પાર્વતીબેન ખીરાણી, ડૉ, રતનબેન છાડવા, ડૉ. ઉત્પલા મોદી, ડૉ. કોકિલાબેન શાહ, ડૉ. હંસાબેન શાહ, ડૉ. છાયાબેન શાહ, ડૉ. રેણુકાબેન પોરવાલ, ડૉ. કેતકીબેન શાહ, ડૉ. રશ્મિબેન ભેદા, ડૉ. કામિની ગોગરી, ડૉ. અભય દોશી, ડૉ. સેજલ શાહ અને અન્ય કેટલાય અભ્યાસીઓએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહત્ત્વનું શોધકાર્ય અને લેખનકાર્ય કર્યું છે, એની નોંધ લેતા મને આનંદ થાય છે.

મિત્રો, શ્રી મહાવીર જૈન વિદ્યાલય જે સાહિત્ય સમારોહનું આયોજન કરે છે એની પાછળ બે મુખ્ય પ્રયોજનો હોવાનું દૃષ્ટિગોચર થાય છે. એક તો, જૈન શાસ્ત્રો અને જૈન સાહિત્યનું અધ્યયન અને સંશોધન થાય અને બીજું વધુ ને વધુ યુવાન અભ્યાસીઓ આ વિષયોથી માહિતગાર થાય અને તેઓ ઉત્સુક બની આ ક્ષેત્રમાં પ્રવેશે, આથી પ્રત્યેક સાહિત્ય સમારોહમાં ત્રણ-ચાર દિવસો દરમ્યાન જુદા જુદા વિષયો નક્કી કરી, નિશ્ચિત બેઠકોમાં, નિર્ધારિત વક્તાઓ દ્વારા એ વિષયો પર શોધપત્રો રજૂ થાય એવી એક વ્યવસ્થા સ્વાભાવિક રીતે સ્વીકારેલી છે. એ કારણે આજ સુધીના બાવીસ સમારોહમાં જૈન શાસ્ત્રો અને સાહિત્યના અનેક વિષયો પર અનેક વિદ્વાન અભ્યાસીઓના શોધપત્રો રજૂ થયા છે. એમાંથી કેટલાકનું પુસ્તકાકારે પ્રકાશન પણ થયું છે અને એ પુસ્તકો અનુગામી પેઢીના શોધાર્થીઓને ઘણી પ્રેરણા પૂરી પાડી રહ્યાં છે. આવા કાર્યક્રમોમાં મારા જેવા જુદા જુદા ધર્મસંપ્રદાયના લોકોને નિમંત્રીને સંસ્થા વૈચારિક સહિષ્ણુતાનું દૃષ્ટાંત પૂરું પાડી રહી છે. અન્ય સંપ્રદાયના લોકોને પણ આ રીતે, પોતપોતાના ધર્મસંપ્રદાયના શાસ્ત્રગ્રંથો અને સાહિત્યકૃતિઓના અધ્યયન અને સંશોધન માટેની અભિપ્રેરણા પણ પૂરી પાડતી રહે છે.

આજ સુધીના બાવીસ સમારોહમાં અનેક વિષયો વિશે શોધપત્રો દ્વારા ઘણી મહત્ત્વની સામગ્રી ઉપલબ્ધ થઈ છે. પરંતુ હજુ ઘણું શોધકાર્ય કરવું જરૂરી છે. કેમકે, જૈનધર્મ અતિ પ્રાચીન હોવાને કારણે એના શ્વેતાંબર અને દિગંબરો જેવા સંપ્રદાયો અને એના તેરાપંથી અને અન્ય ફાંટાઓના સાહિત્યકારો અને વિદ્વાનો દ્વારા ભાવાત્મક (lyrical), પ્રતિભાવાત્મક (dramatic), વૃત્તાંતાત્મક (narrative), ચિંતનાત્મક (reflective), દાર્શનિક (phylosophical) બોધાત્મક (didectic)-એમ વિવિધ પ્રકારનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં સર્જાયેલું છે. આ બધા સંપ્રદાયો, પંથો અને મતોમાં રચાયેલા સાહિત્યનું અધ્યયન અને સંશોધનનું ક્ષેત્ર ઘણું મોટું છે અને એ સન્નિષ્ઠ સમર્પિત અભ્યાસીઓ અને શોધીર્થીઓની પ્રતીક્ષા કરી રહ્યું છે. આમાંનું ઘણું સાહિત્ય હસ્તપ્રતોરૂપે જૈન ઉપાશ્રયોમાં તથા ખાનગી અને સરકારી હસ્તપ્રત ભંડારો અને જ્ઞાનમંદિરોમાં સચવાઈને પડેલું છે. પ્રોફેસર કાંતિભાઈ શાહે થોડાં વર્ષો પૂર્વે ગુજરાતમાં આવેલાં આવાં ભંડારો અને મંદિરોની સૂચિ પ્રગટ કરી હતી. એની સંખ્યા જ ૭૦ જેટલી હતી, તો આખા દેશમાં એ સંખ્યા કેટલી મોટી હશે અને એમાં કેટલી બધી અધ્યયન સામગ્રી પડી હશે એવો વિચાર કોઈને પણ થાય એવું છે. એક અંદાજ મુજબ આપણા દેશમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો

એમાં સચવાયેલી પડી છે. અત્યાર સુધી એમાંથી હસ્તપ્રતો મેળવી જે કાંઈ કામ થયું છે એ તો હજુ સાવ અલ્પસંખ્ય છે. હવે હસ્તપ્રતભંડારોની, એમાં સંગ્રહાયેલી સામગ્રીની, જ્ઞાનમંદિરોની માહિતી ઉપલબ્ધ થઈ છે, બાકી છે તે પણ ઉપલબ્ધ થઈ રહેશે. કૉલેજો, યુનિવર્સિટીઓ, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકોની સંખ્યા વધી છે. અધ્યયન-સંશોધન માટે અનુદાન આપતી સંસ્થાઓ પણ વધી છે, સંશોધન-અધ્યયન માટેના પ્રિન્ટ મીડિયા અને ઇલેક્ટ્રોનિક મીડિયાના સાધનો પણ વધ્યાં છે. ત્યારે હવે. આ બધી સામગ્રીના સમુદ્ધકરણનું કામ મોટા પાયે થવું જોઇએ. એ બાબત વિશે સૌને સભાન અને સન્નદ્ધ કરવા આ સમારોહનું આયોજન થાય છે.

ત્યારે અહીં ઉપસ્થિત થયેલા આપ સૌ અભ્યાસી વિદ્વાનો સમક્ષ આવા કામોની શકયતાઓ કેવી છે, તેની થોડી વિગતો આપું તો એ પ્રાસંગિક ગણાશે. જૈન ધર્મના પ્રાચીન શાસ્ત્ર ગ્રંથો એટલે આગમો. આ આગમોની સંખ્યા નિશ્ચિત કરવી, એમની પ્રતો મેળવી એમની શ્રદ્ધેય સટીક વાચનાઓ તૈયાર કરવી, એ કામ બહુ મહત્ત્વનું છે. શ્વેતાંબર મૂર્તિપૂજકો એમની સંખ્યા ૪૫ની માને છે, જ્યારે સ્થાનકવાસી અને તેરાપંથી જૈનો એમની સંખ્યા ૩૨ની માને છે, કોઈ એમની સંખ્યા ચોરાસીની માને છે. આ સંખ્યાનો અને અધિકૃત વાચનાનો પ્રશ્ન હાથ ધરી ધર્મના બધા ફિરકાઓએ કેટલુંક પ્રાથમિક કાર્ય કર્યું છે, પણ એમાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે. દિગંબર પરંપરાએ આગમો જેટલું જ મહત્ત્વનું સ્થાન પ્રથમાનુયોગ, કરુણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ચરણાનુયોગમાં વહેંચાયેલા ગ્રંથોને પણ આપ્યું છે. એટલું જ નહિ, ષડ્ખણ્ડાગમ અને કષાયપ્રભૃત–એ બે ગ્રંથોને પણ આગમરૂપ માન્યા છે. ત્યારે શોધાર્થીઓ માટે અધ્યયન-સંશોધનનો આ એક મોટો પડકારજનક વિષય છે. આ આગમો ઉપર રચાયેલી નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને ટીકાઓ પણ મોટો અભ્યાસ વિષય છે. આગમો જૈન ધર્મના મૂળ આધારરૂપ શાસ્ત્રગ્રંથો હોવાથી એ બધાની વૈજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર થયેલી વાચના ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થવી જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં રામાયણ અને મહાભારત પ્રભાકર અને દિવાકર રૂપે શોભી રહ્યાં છે. આ બે જ્વાલા ગ્રંથોને આધારે મધ્યકાલીન અને અર્વાચીન ભારતીય ભાષાઓના સાહિત્યમાં અનેક રચનાઓ થયેલી છે. આ ગ્રંથોએ ભારતીય પ્રજાને આચારો (ethos), આદર્શો (ideals), અને મૂલ્યો (values), શીખવાડ્યાં છે. જૈન સાહિત્યમાં પણ આ બે ગ્રંથોની રચનાઓ થયેલી છે. ત્યારે તેમનું સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અધ્યયન અને સંશોધન થાય, એમની પાત્રસૃષ્ટિનો, એમાંથી નિષ્પન્ન થતાં સૌંદર્યબોધ અને મૂલ્યબોધનો અભ્યાસ થાય તે અપેક્ષિત છે. ઉપરાંત, હિંદુ રામાયણ અને મહાભારત સાથે જૈન રામાયણ અને મહાભારતનો તુલનાત્મક અભ્યાસ થાય એ પણ ઈચ્છનીય છે.

હિંદુ પરંપરામાં અઢાર મુખ્ય અને અઢાર ઉપપુરાણો છે. એમ જૈન સાહિત્યમાં પણ 'આદિપુરાણ', 'ઉત્તર પુરાણ', 'મહા પુરાણ', 'હરિવંશ પુરાણ', 'પદ્મપુરાણ' વગેરે પુરાણોની રચના થયેલી છે. આ બંને પરંપરાઓના પુરાણોનું તુલનાત્મક અધ્યયન અધ્યયન થાય તો ભારત વર્ષની સભ્યતા અને સંસ્કૃતિની અનેક વિગતો ઉજાગર થાય તેમ છે.

હિંદુ પરંપરામાં ગીતાકાવ્યોની એક દીર્ઘ પરંપરા છે. 'શ્રીમદ્ ભગવદગીતા', 'કપિલગીતા', 'અષ્ટાવક્રગીતા', ઉદ્ધવગીતા', 'સતીગીતા', 'ગુરુગીતા', 'રમણગીતા' વગેરે. એ જ રીતે જૈન પરંપરામાં પણ 'પંચ પરમેષ્ઠિગીતા' અને અન્ય ગીતાઓ રચાયેલી છે. બંને પરંપરાની મળતીભળતી રચનાઓનું તુલનાત્મક અને વૈયક્તિક રૂપે અધ્યયન સંશોધન થવું પણ જરૂરી છે.

લગભગ બધા ધર્મોમાં મંત્રસાહિત્ય, સૂત્રસાહિત્ય અને સ્તોત્રસાહિત્યનું પ્રણયન થતું હોય છે. જૈન સાહિત્યમાં પણ આ ત્રણેય પ્રકારનું સાહિત્ય રચાયેલું છે. 'મંત્રાભિધાન' અને 'મંત્રરાજરહસ્ય' જેવા સ્વતંત્ર ગ્રંથો પણ લખાયા છે. 'તત્ત્વાર્થસૂત્ર', 'ઉત્તરાધ્યયનસૂત્ર', 'દસવૈતાલિકસૂત્ર', 'નંદીસૂત્ર', 'મહાનિશિથસૂત્ર', 'વ્યવહારસૂત્ર', 'સ્થાનાંગસૂત્ર', 'ઇરિયાવહસૂત્ર', 'તસ્સઉત્તરીસૂત્ર', 'અન્નત્થસૂત્ર' વગેરે અનેક સૂત્રગ્રંથો લખાયા છે. 'ઋષિમંડળ સ્તોત્ર', 'અજિતશાંતિસ્તોત્ર', 'વિષયાપહારસ્તોત્ર', 'જયવીયરાય સ્તોત્ર', 'કલ્યાણમંદિર સ્તોત્ર', વગેરે અનેક સ્તોત્રગ્રંથો પણ રચાયા છે. આ સૌમાં મંત્રમાં 'નવકાર મંત્ર'નો, સૂત્રમાં 'લોગસ્સ સૂત્ર'નો અને સ્તોત્રસાહિત્યમાં 'ભક્તામરસ્તોત્ર'નો ઘણો મહિમા જૈનસમાજમાં છે. અભ્યાસી સંશોધકોએ આ મંત્ર, સૂત્ર અને સ્તોત્રસાહિત્યમાં ઊંડા ઊતરી એમનો અભ્યાસ કરવો જરૂરી છે.

બધા તીર્થંકરોને પોતપોતાના શિષ્યો–ગણધરો હતા. એમાંથી માત્ર ભગવાન મહાવીરના ગણધરો વિશે થોડું કામ થયું છે. કોઈકે ગણધરવાદરૂપે પણ કામ કર્યું છે, પણ બધા તીર્થંકરોના ગણધરોના નામ અને કામની વિગતો ઉપર અભ્યાસીઓએ ધ્યાન આપવું જરૂરી ગણાય છે. કંઈ નહીં તો આ બધા ગણધરોનો પરિચય કરાવતા ચરિત્રગ્રંથ (who's who)ની રચના થવી જોઇએ.

એ જ રીતે જુદા જુદા ફિરકાના જુદા જુદા ગચ્છના સાધુમહારાજો, ઉપાધ્યાયો, આચાર્યો, મુનિઓ, સૂરિઓ, ગણિઓ, સ્થવિરોના જીવનકાળ દર્શાવતી વર્ણાનુસારી ડિરેક્ટરીઝ પણ તૈયાર થવી જોઇએ.

પ્રત્યેક ધર્મદર્શનને અને વિષયને એની ખાસ સંજ્ઞાઓ હોય છે. તેને આપણે પારિભાષિક સંજ્ઞાઓ કહીએ છીએ. જૈનધર્મદર્શનની

પણ અનેક આવી સંજ્ઞાઓ છે. જેમકે, અભ્યાખ્યાન, આલોયણ, કેશલોચ, ઊણોદરી, ઉપસર્ગ, સમકીત, જયણુ વગેરે એના ચોક્કસ શબ્દાર્થો આપતા કેટલાક કોશો પ્રગટ થયા છે. કેટલાકમાં માત્ર અર્થછાયા આપવાથી આગળ વધી એનો સંક્ષિપ્ત રૂપમાં ભાવાર્થ અને સમજૂતી આપવાનો પ્રયાસ પણ થયો છે. પરંતુ આવી સંજ્ઞાઓ (terms) પછીથી સંપ્રત્યય (concept) રૂપે વિકસતી હોય છે. વળી, એ સંપ્રત્યયોના અર્થોમાં પણ કાળક્રમે શુદ્ધિવૃદ્ધિ થતી રહેતી હોય છે. આવા મહત્ત્વના સંપ્રત્યયોની સાંગોપાંગ, અશેષ અને શાસ્ત્રીય સમજૂતી આપતા વિશિષ્ટ પરિભાષા સંપ્રત્યય કોષ તૈયાર કરવાનું આહ્‌વાન પણ અભ્યાસીઓ સમક્ષ પડેલું છે. નિયાણુ, લેશ્યા, ક્ષમા, અહિંસા, પરીષહ, લબ્ધિ, સામયિક, પ્રતિક્રમણ વગેરે સંજ્ઞાઓ સંપ્રત્યરૂપે વિકસેલી છે. દસબાર પૃષ્ઠમાં એની સમજૂતી આપતા કોશની ખાસ આવશ્યકતા છે. હમણાં શ્રી તારાચંદભાઈ રવાણીએ તૈયાર કરેલો આવો સંપ્રત્યય કોશ ડિજીટલ ફોર્મેટમાં ઉપલબ્ધ થયો છે. પરંતુ કોશવિદ્યાના સ્વરૂપ, તંત્ર, પ્રવિધિ અને પદ્ધતિની જાણકારીના અભાવે, એમણે તો માત્ર સ્વાન્ત સુખાય અને સ્વસમજૂતી માટે આવો કોશ તૈયાર કર્યો છે, પરંતુ કોશ વિજ્ઞાનના નિયમો અને ધારાધોરણ અનુસાર આવો કોશ તૈયાર કરવાનું કામ હજુ ઊભું જ છે.

એવું જ મહત્ત્વનું કામ બીજી અનેક રીતે થઈ શકે તેમ છે. જેમકે, જૈનદર્શનમાં સ્થળ અને સમયની સંકલ્પના, જૈનદર્શનમાં આત્મા-પરમાત્માની સંકલ્પના, જૈનદર્શનમાં કર્મ અને કર્મસંવર તથા નિર્જરાની સંકલ્પના, જૈનદર્શનમાં મોક્ષની સંકલ્પના, જૈનદર્શનમાં યોગ અને યોગીની સંકલ્પના, જૈનદર્શનમાં શ્રદ્ધા, મતિજ્ઞાન અને કેવળજ્ઞાનની સંકલ્પના, જૈનદર્શનમાં પ્રમાણની સંકલ્પના, જૈનદર્શનમાં જીવ અને જગતની સંકલ્પના, જૈનદર્શનમાં વ્રતની સંકલ્પના, જૈનદર્શનમાં લબ્ધિવિદ્યા અને સિદ્ધિની સંકલ્પના, જૈન દર્શનમાં કર્મસંવર અને નિર્જરાની કલ્પના, જૈનદર્શનમાં ગુરુ અને જ્ઞાનની સંકલ્પના, જૈનધર્મદર્શનમાં મરણના સ્વરૂપ અને પ્રકારોનો ખ્યાલ.

જૈન તત્ત્વચિંતનમાં કર્મ અને જ્ઞાનની ઘણી સૂક્ષ્મ અને ગહન ચર્ચાવિચારણા થયેલી છે. જૈન ઉપરાંત હિંદુ અને બૌદ્ધ તત્ત્વચિંતનમાં આ વિષયોની આવી ચર્ચાવિચારણા થયેલી છે. ત્યારે કોઈ અભ્યાસીએ જૈન, બૌદ્ધ અને હિંદુ–એ ત્રણેય પરંપરામાં થયેલી કર્મની અને જ્ઞાનની વિચારણાનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઇએ. એ જ રીતે આ ત્રણેય ધર્મપરંપરામાં મંત્ર અને એના શાસ્ત્રની સૂક્ષ્મ મીમાંસા છે. એનું તુલનાત્મક અધ્યયન થઈ શકે. જૈનોમાં એક સંપ્રત્યય 'પ્રવરણા'નો છે. એવા જ સંપ્રત્યયો ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મોમાં પણ છે. ખ્રિસ્તી ધર્મમાં એને કન્ફેશન્સ અને રીટ્રીટ (confession & retreat) કહે છે અને ઈસ્લામ ધર્મમાં એને 'તોબાહ' કહે છે. તો આ ત્રણેય ધર્મોના ત્રણેય સંપ્રત્યયોને સરખાવી અને તુલનાવી જોવા જોઇએ.

જૈન મુનિઓને હાથે રચાયેલા લલિત સાહિત્યમાં થોડું કામ અભ્યાસીઓ દ્વારા થયું છે. જેમકે ભારતીબહેન વૈદ્યે 'રાસ-રાસા' વિશે, ડૉ. અભય દોશીએ 'ચોવીસીઓ' વિશે, ડૉ. કવિન શાહે 'વિવાહલો' વિશે, ડૉ. રેણુકાબહેને 'આચાર્ય બુદ્ધિસાગરજી' વિશે, ડૉ. પાર્વતીબેન ખીરાણીએ કવિ ઋષભદાસ કૃત 'જીવવિચાર રાસ' વિશે, ડૉ. કેતકીબહે શાહે 'ગુણસ્થાનક' વિશે, ડૉ. ફાલ્ગુનીબહેન ઝવેરીએ 'પૂજા સાહિત્ય' વિશે, ડૉ. ભદ્રાબેન શાહે 'જૈનધર્મની સ્તુતિ અને સઝ્ઝાય' વિશે, ડૉ. રક્ષાબહેન શાહે 'પ્રતિક્રમણ' વિશે, અને અન્ય કેટલાક અભ્યાસી ભાઈ-બહેનોએ ફાગ-ફાગુ વિશે, પ્રબંધકાવ્યો વિશે અને પદ્યવાર્તા અને લોકકથા વિશે અધ્યયન-સંશોધનકાર્ય કર્યું છે. પરંતુ હજુ જૈન બારમાસી કાવ્યો, કક્કા, માતૃકા, ટબ્બા અને દૂહા સાહિત્ય પર કામ થઈ શકે તેમ છે.

જૈન સમાજે સ્થાપેલાં અને વિકસાવેલાં તીર્થસ્થાનોનો પણ અભ્યાસ થવો જરૂરી છે. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર વગેરે જૈન કલાઓ વિશે સ્વતંત્ર અધ્યયનો થાય તો એ પણ ઘણું ઉપયોગી કામ થશે. જૈન પ્રજા અને સમાજનું ભારતીય સંસ્કૃતિમાં કેવું પ્રદાન છે એ વિષય પર મહત્ અધ્યયન થવું પણ જરૂરી છે. જૈન કવિઓએ રચેલી રાસ, ફાગુ, પ્રબંધ, ચરિત, બારમાસી વગેરે સાહિત્ય સ્વરૂપોની રચનાઓનું સાહિત્યિક દૃષ્ટિએ અધ્યયન-સંશોધન-સંપાદન ભલે થાય, પરંતુ એ સાથે એનો ભાષા દૃષ્ટિએ પણ વિચાર થાય તો ભાષાવિકાસની ભૂમિકાઓ સમજવામાં ઘણી સહાયતા મળે. એ જ રીતે એ કૃતિઓમાં પ્રતિબિંબિત થતો સમાજ, એમના એ વખતના રીતરિવાજો વગેરે વિશે પણ માહિતી મળે. ઘણાં જૈન કવિઓની રચનાઓ છંદોબદ્ધ છે. તો છંદોરચનાની દૃષ્ટિએ પણ એનું અધ્યયન થાય. મધ્યકાલીન જૈનેતર સાહિત્ય મુખ્યત્વે પદ્યમાં રચાયેલું, એમાં ગદ્યરચનાઓ થોડી છે. પરંતુ જૈન સર્જકોએ પદ્ય

**ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય**
**સી. ડી. અને ડી.વી.ડી..**

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.

**સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.**

**હિતેશ–૦૯૮૨૦૩૪૭૯૯૦.**

ઉપરાંત ગદ્યના માધ્યમમાં પણ ઘણી કૃતિઓનું સર્જન કર્યું છે. તો એ રચનાઓના ગદ્યની શાસ્ત્રીય ઢબે તપાસ થાય એમ છે.

તરુણો અને યુવાનોની નવી પેઢી આ વારસા અને વૈભવથી પરિચિત થાય એ માટે 'પ્રબુદ્ધ જીવન' જેવું સામયિક અને અન્ય કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિઓ મહત્ત્વનું કાર્ય કરી રહ્યાં છે. 'પ્રબુદ્ધ જીવને' આગમ સૂત્ર પરિચય, ગણધરવાદ, જૈનદર્શન અને અન્ય દર્શનોમાં કર્મવાદ, જૈન તીર્થવંદના અને શિલ્પ-સ્થાપત્ય, અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદ અને નયવાદ–જેવા વિષયો પર વિશેષાંકો પ્રસિદ્ધ કરીને શોધકર્તાઓ માટે ઉપયોગી સંશાધનો ઊભા કર્યાં છે. જૈનદર્શન અને અન્ય દર્શનોમાં કર્મવાદ અને જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ–જેવા વિશેષાંકો દ્વારા તુલનાત્મક પરિપ્રેક્ષ્યથી કામગીરી થઈ શકે એવી સામગ્રી પૂરી પાડી છે.

હવે ઈન્ટરનેટની કેટલીક લિન્ક પર ઘણી ઉપયોગી માહિતી ઉપલબ્ધ છે. અભ્યાસીઓની સુવિધા અર્થે અહીં એનો નિર્દેશ કરું છું. જૈન સાધુ અને સાધ્વીજી મહારાજો વિશેની લિન્ક છે. http// jainreligion.in/jain_muni/jain sadhu-sadhviji.asp. દિગંબર સંઘની વિગતો ઉપરાંત એના શિષ્યોની વિગતો માટેની લિન્ક છે; jainreligion.in@gmail.com ઉપરાંત, જૈનધર્મ, જૈન સ્તવન, જૈન તીર્થો, જૈનીઝમ, જૈન, નવકારમંત્ર, તીર્થંકરો, જૈનગીતો વગેરે માહિતી માટેની લિન્ક છે: http\\jainreligion.in. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિદેશોમાં અને દેશમાં પ્રગટ થયેલા ત્રણ ચાર મહત્ત્વનાં પુસ્તકો છે: Jain path of Purification', by Jaini, Padmanabh (1998), એમનું જ બીજું પુસ્તક છે: `Gender and salvation : Jain Debates on the Spiritual Liberation of women' (1991). `Jainism : An introduction' by Jeffery D Long', `The Jains' by Paul Dundas, અને એમનું બીજું પુસ્તક છે: `History, Scripture and Controversy in Medieval Jain Sect.' `Jains in the World : Religious Values and Ideology in India' by John E. Cort.

અમેરિકામાં ફલોરીડા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં સન ૨૦૧૦માં ભગવાન મહાવીર પ્રોફેસરશીપ ઈન જૈન સ્ટડીઝ સ્થપાયેલી છે. સમસ્ત પશ્ચિમી દેશોમાં આ પ્રકારની આ પ્રથમ સંસ્થા છે. આ સંસ્થામાં જૈન પરંપરા અને સાહિત્યનો ઇતિહાસ, એના શાસ્ત્રગ્રંથો, સિદ્ધાંતો, કળા, આચારો વિશે દુનિયાભરના શોધકર્તાઓ માટે સંશોધનકાર્ય માટે સુવિધાઓ છે. આ ઉપરાંત જૈન પરંપરાના અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તવાદ જેવા અનેક સંપ્રત્યયો અને સિદ્ધાન્તો વિશે શોધકાર્ય પણ થાય છે. એ સંસ્થામાં પ્રવેશ લઈ જૈન દર્શન, તત્ત્વમીમાંસા અને સાહિત્ય તેમ પરંપરાઓમાં કામ કરવા ઈચ્છનારને માટે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. વધારામાં પ્રેક્ષાધ્યાન અને એવા અન્ય વિષયો પર રસ ધરાવનાર વિદ્યાર્થીઓ માટે એકસ્ટ્રા કરિક્યુલર પ્રોગ્રામ્સ પણ ચલાવાય છે. એ સંસ્થા રસ ધરાવતા શોધાર્થીઓને સંશોધનકાર્ય માટે પ્રવેશ, માર્ગદર્શન અને આર્થિક સહાય પણ આપે છે.

આમ હવે જૈન ધર્મદર્શન, તત્ત્વમીમાંસા અને સાહિત્ય–એમ બધાં ક્ષેત્રોમાં સમય, સંજોગો અને સંશાધનો મોટા પ્રમાણમાં અનુકૂળ થયાં છે. આપ સૌ એ બધાંનો ભરપૂર લાભ ઉઠાવી અધ્યયન-સંશોધનની નવી પરિપાટી સ્થાપિત કરો એવી અભ્યર્થના છે. આપ સૌની અધ્યાત્મ અને વિદ્યાસાધના નિત્યપ્રતિ વર્ધમાન રહો અને આપના અધ્યયન-સંશોધનના સુફળ સમાજને નિરંતર મળતાં રહે એવી શુભેચ્છા સાથે હું વિરમું છું.

અહીં વિનમ્રતાપૂર્વક બે સ્પષ્ટતાઓ: (૧) અહીં જેમનો નામોલ્લેખ કર્યો છે એ સ્થળ-સમયના સંકોચને લઈ મર્યાદિત રૂપમાં પ્રતિનિધિરૂપે કરેલો છે. જેમનો નામોલ્લેખ થવો જોઇએ પણ અહીં ન થયો હોય તો એમાં લેખકનો કોઈ પૂર્વગ્રહ નથી. (૨) અહીં જે કાંઈ વાત કરી છે એમાં કાંઈ ભૂલ થઈ હોય તો લેખક ક્ષમાપ્રાર્થી છે.

* * *

** ૨૩મા સાહિત્ય સમારોહના પ્રમુખપદેથી રજૂ કરવા ધારેલ નિબંધ*

* * *

કદમ્બ બંગલો,
પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
મોબાઈલ :
૦૯૭૨૭૩૩૩૦૦૦

**અંધકાર હવે કેમ સહેવાશે ?**

*જ્ઞાનાકાશમાં ઝળહળતો સૂરજ અસ્ત,*
*આ અંધકાર હવે કેમ સહેવાશે?*
*સૌમ્ય છતાં મક્કમ*
*નમ્ર છતાં અડગ એવા શ્રી ધનવંતભાઈનું અસ્તિત્વ હવે નથી રહ્યું,*
*એ કેમ જીરવાશે?*
*ડૉ. ધનવંતભાઈનો આત્મા આ નશ્વર દેહ છોડી ચૌદ રાજલોકમાં,*
*જ્ઞાનની સાધના ચાલુ રાખવા જન્મ લઈ ચૂક્યો છે.*
*હે પ્રભુ, એમની જ્ઞાનની વર્ષા અમારા પર વરસતી રહે એવી પ્રાર્થના...*

**–નીતિન સોનાવાલા**
**–દિપ્તીબેન સોનાવાલા**

# મૂક જીવોપદેશ

❑ સૂર્યવદન ઠાકોરદાસ જવેરી

આપણે અહીં માનવ ખોળિયામાં આવ્યા છીએ, તે નિગોદમાંથી નીકળીને ઠેઠ તળિયેથી–નીચેથી ઉપર ઉઠ્યા છીએ. હજીય ઉપર ઉઠવું હોય, દેવ, દેવાધિદેવ એવા પરમાત્મા થવું હોય, નીચે ઉતરવું ન હોય, તો હે ભવ્ય જીવ! તું નીચે નીચે રહેલાં જીવોના સ્વાંગ લઈ ઊંચું જીવન જીવતો થા!

જીવતત્ત્વની વિચારણામાં જીવવિચાર કરતા સંજ્ઞિ પંચેન્દ્રિય વિચારવંત જીવે વિચારવાનું તો એ છે કે, જો સૂક્ષ્મ એકેન્દ્રિયના અવ્યવહાર રાશિ નિગોદમાં રહેલાં જીવો, કર્મવશ કોઈને અડતા નથી કે કોઈને નડતા નથી એટલે કે કોઈને બાધા પહોંચાડતા નથી તથા કોઈથી કશી બાધાને પામતા નથી; તો પછી મારે વિચારવંતે કેમ કોઈને બાધા (દુ:ખ) પહોંચાડી દુભાવી શકાય અને કેમ કોઈથી બાધા (દુ:ખ) પામી શકાય?

જો એ નિગોદિયા જીવોની કર્માધીન ઔદયિકભાવની અવ્યાબાધતા છે, તો મારી વિચારવંતની ફરજ છે કે હું ક્ષયોપશમિકભાવની અવ્યાબાધતા કેળવું કે જેથી ક્ષાયિકભાવની અવ્યાબાધતાને પામી શકું.

આપણે જોઈએ છીએ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુના જીવો જે બાદર એકેન્દ્રિયના જીવો છે; તે જીવો અન્ય જીવોથી હણાય તો છે પણ તેઓ તેમની કિલાંમણાને વ્યક્ત કરી શકતા નથી. એ જીવોને કોઈ મંતવ્ય જ નથી.

એ જ રીતે બાદર એકેન્દ્રિય વનસ્પતિકાયના જીવો પણ હણાય તો છે; પરંતુ તે એવા સ્થિર–સ્થાવર છે કે સ્વ બચાવમાં ભાગંભાગી–દોડાદોડી કર્યા વિના, કોઈ પણ જાતના પ્રતિકાર કર્યા વિના આવી પડેલ કર્મજનિત ઔદયિક અવસ્થાને વેઠે છે. એ અવસ્થા ચૂંટાવા, ચંપાવા, ચોળાવા, ચગદાવા; કપાવા, કૂટાવા, કચડાવા, છોલાવા, છૂંદાવા, છેદાવા, વીંધાવા, વીંઝાવા, વહેરાવા; તપાવા, તળાવા, તુણાવા; ભૂંજાવા, ભીંજાવા; ફીણાવા, ફેંકાવા, ફંગોળાવા; સોસાવા, શેકાવા, સુકાવા; આદિ રૂપ રીબામણ છે. તો પછી મારે વિચારવંતે પરિષહ, ઉપસર્ગના કસોટીના સમયે શા માટે ભાગવું જોઈએ?

મારે વિચારવંતે પણ બાદર એકેન્દ્રિય જીવોને આદર્શ બનાવીને એ જીવોનો સ્વાંગ લઈને ક્ષાયોપશમિક ભાવે (સાધક ભાવે) આવેલ પરીષહ, ઉપસર્ગને વેઠી લેવા જોઈએ, જેથી હું ક્ષાયિકભાવ (સ્વભાવ)ની સહજ પરમસ્થિરતાને (અકંપતાને) પ્રાપ્ત કરી શકું.

ત્રસ જીવો હણાય ન જવાય તે માટે સ્વ બચાવમાં અહીંતહીં ભાગંભાગી કરી શકે છે, પણ ફરિયાદ નથી કરી શકતા.

તિર્યંચ પંચેન્દ્રિય ગાય, ભેંસ, બળદ, બકરા, ઘેટા, ઘોડા, ગધેડા, ખચ્ચર, ઊંટ, કૂતરા, બિલાડા જેવા પાલતુ પ્રાણી મનુષ્યોની સેવામાં જીવન વિતાવી દે છે.

આ જીવોની કર્મવશ લાચાર પરાધીન ઔદયિક અવસ્થાનો વિચાર કરીને સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય યોનિના વિચારવંત જીવોએ જીવનમાં વણમાગી સલાહ, મંતવ્ય ન આપતા 'બન્યું એ ન્યાય' ગણી ફરિયાદ નહિ કરતા મૂંગા રહેવું જોઈએ, સહન કરતા શીખવું જોઈએ અને થાય તેટલી સેવા કરતા કરતા ઉપર ઉઠવું જોઈએ.

નારકીના જીવોને એટલું બધું અસહ્ય દારુણ દુ:ખ હોય છે કે તેઓ જીવવા જ નથી ઈચ્છતા. સતત મોત માગે છે.

દુ:ખ છે એટલે કે સજા છે. સજા છે કારણ કે અપરાધ–ગુનો કર્યો છે, અર્થાત્ દોષનું સેવન કર્યું છે.

આમ નારકીના જીવો પણ મૂક બોધ આપે છે કે...

અમારા જેવી સજાના, દુ:ખના ભોગ ન થવું હોય તો ક્રૂર ન થાઓ, રૌદ્ર ધ્યાન ન ધરો, દોષ સેવન, પાપકર્મનો બંધ ન કરો! ૧૮ પ્રકારના દોષ સેવન તથા ૧૮ પ્રકારના પાપથી બચીને નિર્દોષ જીવન જીવો કે જેથી સર્વ પાપનો નાશ કરીને સર્વદા સર્વથા દુ:ખથી મુક્ત થઈ શકાય.

તે જ પ્રમાણે મનુષ્યલોકના તથા દેવલોકના જીવો જણાવે છે કે શેઠાઈના, રાજાના, ચક્રવર્તીના રાજવી સુખો હોય યા ઊંચા વૈમાનિક દેવલોકના દેવેન્દ્રના કે નવગ્રૈવેયકના દૈવી સુખો હોય તો તે પણ તરતમતાવાળા, જેનો અંત આવનાર છે તેવા સાદી-સાન્ત નશ્વર, અધુરા-અપૂર્ણ, ઉછીના પરાધીન દુ:ખમિશ્રિત યા પરિણામમાં દુ:ખદ છે. માટે એ જણાવે છે કે 'સુખ ભલે ઉભરાય તું સુખમાં ન ઉભરા તથા દુ:ખમાં દીન ન થા!' આ દિવસો પણ કાલગ્રસ્ત થઈ ચાલ્યા જનારા છે.

માટે જ જો સાદિ-અનંત એવું શાશ્વત Permanent, શુદ્ધ Pure, સંપૂર્ણ Perfact, સર્વોચ્ચ Paramount, સ્વાધીન Personal, સુખ જે આત્મસુખ-મોક્ષસુખ છે, તેને ઈચ્છતા હો તો નશ્વર, પરાધીન, ભેળસેળિયા, તુચ્છ સુખમાં નહિ લેપાતા તેનો ત્યાગ કરીને કે તે સુખમાં નિર્લેપ રહીને સ્વરૂપમાં–સ્વભાવમાં રમતા

(વધુ માટે જુઓ પાનું ૨૬)

***'સુખ ભલે ઉભરાય તું સુખમાં ન ઉભરા તથા દુ:ખમાં દીન ન થા!' આ દિવસો પણ કાલગ્રસ્ત થઈ ચાલ્યા જનારા છે.***

# અષ્ટપ્રકારી પૂજાની કથાઓ

☐ પ. પૂ. આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી

*[ ભૂમિકા : આજથી ૧૫૦ વર્ષ પૂર્વે પં. શ્રી વીરવિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજાઓ લખેલી છે, તેમાં છેલ્લી અંતરાય કર્મ નિવારણની પૂજા છે. આ પૂજામાં અષ્ટપ્રકારી પૂજાની કથાઓનો ઉલ્લેખ થયો છે. આ કથાઓ 'શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર'માં લખાયેલી જોવા મળે છે. તેનું ભાષાંતર શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર તરફથી ઘણાં વર્ષો પૂર્વે પ્રગટ થયેલું. અષ્ટપ્રકારી પૂજાનો મહિમા સમજવા માટે આ કથાઓ ખૂબ ઉપયોગી છે. આ કથાઓની નોંધ શ્રી ગુણવંત અ. શાહે મને વર્ષો પૂર્વે લખી આપેલી તેના આધારે લખી છે.* -**લેખક** ]

## ૧ જળપૂજા કથા

પુરાણકાળની વાત છે.

બ્રહ્મપુર નામનું નગર, એ નગરમાં સૌમિલ નામે બ્રાહ્મણ રહે. તેની પુત્રવધૂનું નામ સોમશ્રી.

સોમશ્રી સરળ હતી અને ભોળી હતી. હંમેશાં સારા વિચારો કરતી. સોમશ્રી કોઈનું પણ કામ કરીને રાજી થતી. તેનું સખીવૃંદ પણ મોટું હતું.

સોમશ્રી રોજ સવારમાં નદીએ પાણી ભરવા જતી. તેની સખીઓનું મંડળ પણ ભેગું જતું. સખીઓ રોજ અવનવી વાતો કરતી. સોમશ્રી તે સાંભળતી અને આનંદ પામતી.

સોમશ્રીની સખીઓમાં કેટલીક શ્રાવિકાઓ પણ હતી. આ શ્રાવિકાઓ ધર્મની વાત કરતી. એ દિવસે વાતમાંથી વાત નીકળી અને એક શ્રાવિકા બોલી, 'જે જિનમંદિરમાં જઈને જિનેશ્વર પરમાત્માની જળપૂજા કરે તેને ઘણો લાભ થાય, બુદ્ધિ નિર્મળ થાય, આત્મા વિશુદ્ધ બને, અશુભ કર્મો ચાલ્યા જાય.'

**સોમ શ્રી સરળ હતી અને તેને જળપૂજા ગમતી હતી**

સોમશ્રી આ સાંભળીને ખુશ થઈ ગઈ.

સોમશ્રીને ભગવાનની પૂજાની વાત ખૂબ ગમી. એને મનમાં થયું કે મારે રોજ જિનમંદિરમાં જઈને ભગવાનની જળપૂજા કરવી જોઈએ. જો હું ભગવાનની જળપૂજા કરીશ તો મારા અશુભ કર્મો ચાલ્યા જશે. મારું પુણ્ય વધશે. મને સુખ મળશે.

સોમશ્રી સખીઓની સાથે નદીએથી પાછી વળી અને સીધી મોટા બજામાં આવેલા જિનમંદિર તરફ ચાલી.

એક સખીએ પૂછ્યું, 'અરે! તું આમ ક્યાં જાય છે?'

સોમશ્રી કહે, 'તેં હમણાં જ ના કહ્યું કે જિનમંદિરમાં જઈને જળપૂજા કરવાથી આપણને સુખ મળે! હું જિનમંદિરમાં જિનેશ્વર ભગવાનની જળપૂજા કરવા જાઉં છું.'

સખીઓ સોમશ્રીની ભક્તિભાવના જોઈને ધર્મના વિચાર કરવા માંડી.

સોમશ્રી સીધી દેરાસર ગઈ. એણે જળ ભરેલો ઘડો પૂજારીને આપી દીધો. કહ્યું કે મારા વતી જળપૂજા કરજો ભાઈ.

સોમશ્રી ઘડા વિના અને પાણી વિના ઘરે પહોંચી. ઘરના આંગણામાં સાસુ ઊભેલી. સાસુ તીખાતમતમતા સ્વભાવવાળી હતી. કોઈ પણ નિમિત્ત પકડીને સોમશ્રીને કડવાં વેણ કહ્યા કરતી. સોમશ્રી સાસુની વાત મનમાં ન લેતી. એ સમજતી હતી કે સાસુનો સ્વભાવ જ આવો છે. એ બદલાવાનો નથી. જો એવું જ છે તો પોતે જ થોડી શાંતિ રાખે અને સહન કરી લે તો ઘરમાં કલેશ તો ન થાય!

સાસુ તાડૂકીઃ

'કેમ વહુજી, ખાલી હાથે ચાલી આવ્યાં?'

સોમશ્રીએ સહેજ પણ અકળાયા વિના કહ્યું, 'મા, આજે હું પ્રભુની ભક્તિ કરીને આવી.'

સાસુ વધારે ભડકી. કહે, 'સીધી વાત કરને, ઘરનો ઘડો ક્યાં ફોડી આવી?'

સોમશ્રી કહે, 'મા, મેં ઘડો ફોડ્યો નથી. એ ઘડો તો હું જિનમંદિરમાં પ્રભુના અભિષેક માટે પૂજારીને આપીને આવી.'

આ સાંભળીને સાસુના ગુસ્સાનો પાર ન રહ્યો. તેની આંખો લાલ લાલ થઈ ગઈ. સાસુ કહે, 'હું બીજું કંઈ ન જાણું. વહુ, તું પાછી જા. પાણી ભરેલો ઘડો લઈને આવ, પછી જ ઘરમાં પગ મૂકજે.'

સોમશ્રી શાંતિથી પાછી વળી ગઈ.

એને ભગવાનની પૂજા માટે જળ ભરેલો ઘડો અર્પણ કર્યાનું કોઈ દુઃખ નહોતું. સોમશ્રીને મનમાં થતું હતું કે મારી સાસુમા નાહક ગુસ્સો કરે છે. તેમને એમ કેમ નહીં થતું હોય કે મારી પુત્રવધૂ સારું કામ કરીને આવી છે, તો ધન્યવાદ આપું. પણ ખેર, એ તો જેનો સ્વભાવ. તે ચૂપચાપ ઘરની નજીક રહેતા કુંભારને ત્યાં પહોંચી. જઈને કહ્યું, 'ભાઈ, મારું આ સોનાનું બલૈયું રાખ અને મને એક ઘડો આપ.'

કુંભાર સોમશ્રીને રસ્તા પરથી ઘણી વખત જતીઆવતી જોતો હતો. કુંભાર જાણતો હતો કે આ કોઈ ખાનદાન ઘરની સ્ત્રી છે. એક ઘડા માટે પોતાનું સોનાનું બલૈયું આપતી સોમશ્રીને જોઈને કુંભાર વિચારમાં પડી ગયો. એને થયું કે આ સ્ત્રી કોઈ સંકટમાં છે. તેણે

પ્રેમથી પૂછ્યું, 'બેટા, તું ખુદ જાણે છે કે એક ઘડાની કિંમત સોનાના બલૈયા જેટલી મોટી ન હોય અને છતાં તું સોનાનું કડું આપે છે, એટલે નક્કી તું કોઈક ચિંતામાં છે. સાચી વાત કર બેટા.'

સોમશ્રીએ જે બન્યું હતું તે કહી દીધું. તેની આંખમાંથી અશ્રુબિંદુ ખરી પડ્યું.

કુંભારની આંખમાં પણ અશ્રુબિંદુ ચમકી ઊઠ્યા. તેણે ભાવભર્યા સ્વરે કહ્યું, 'બેટા, તેં ભગવાનની પૂજા માટે ઘડો અર્પણ કર્યો તે તો ઘણું ઉત્તમ કામ છે. તેં તો પ્રભુની પૂજા માટે ઘડો અર્પણ કર્યો છે. હું તને સરસ ઘડો આપું છું. તે તું તારી સાસુને આપી દેજે. આ ઘડાના પૈસા મારે લેવાના નથી.'

સોમશ્રીએ કુંભારને પૈસાના બદલામાં કડું રાખી લેવા કહ્યું. એણે વધુમાં કહ્યું કે મારી પાસે પૈસા આવશે એટલે હું આપી જઈશ અને કડું પાછું લઈ જઈશ.

કુંભારે પૈસા લેવાની બિલકુલ ના પાડી. કહ્યું, 'બેટા, તેં ખૂબ સારું કામ કર્યું છે. મને પણ આટલો લાભ લેવા દે.'

સોમશ્રી પાછી વળી ગઈ. તેણે ઘડો સાસુને આપ્યો.

સમય તો વહેતો રહ્યો. સોમશ્રી સદાય જિનપૂજા માટે જળ અર્પણ કરતી રહી. દિન દિન તેની ભાવના અભિવૃદ્ધિ પામતી ગઈ.

સોમશ્રી કાળક્રમે મૃત્યુ પામી. બીજા ભવે તે કુંભશ્રી નામની રાજકુમારી થઈ. કુંભારે ખૂબ અનુમોદના કરી હતી. તે મૃત્યુ પામીને શુભ ફળ પામ્યો. તે શ્રીધર નામે રાજા થયો. સાસુનો આત્મા દુર્ગતિમાં ગયો. રાજકુમારી કુંભશ્રી પાંચમા ભવે મોક્ષમાં ગઈ.

પંડિત વીરવિજયજી મહારાજે કુંભશ્રીની પ્રશંસા કરતાં આમ કહ્યું છે: જળે પૂજંતી દ્વિજ નારી, સોમગીરી મુગતી વરી રે!'

પ્રતિદિન જિનાલયમાં થતી અષ્ટપ્રકારી પૂજામાં થતી સર્વપ્રથમ જળપૂજાની આવી છે મંગળમય કથા.

જળપૂજાના દુહા

૧. જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ
જળપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ.
મિશ્રિત કેસર ઔષધિ રે, કર્મ પડલ દૂર જાય,
આત્મવિમલ કેવલ લહે રે, કારણે કારજ થાય.
–પં. વીરવિજયજી

૨. રત્નજડિત કળશે કરી, ન્હવણ કરો જિનભૂપ;
પાતક પંક પખાળતા, પ્રગટે આત્મસ્વરૂપ
કાળ અનાદિ મળ ટાળવા રે, ભાળવા આતમરૂપ;
જળપૂજા યુક્તે કરી રે, પૂજો શ્રી જિનભૂપ.
–શ્રી દેવવિજયજી

૩. એણિપરે જળપૂજા કરી, કરીએ અપ્પા શુદ્ધ;
માને છિણું જે એહમાં, જાણે તેહ અબુદ્ધ.
-પં. ઉત્તમવિજયજી

જૈન સ્તવનોના પ્રણેતા

## આનંદઘનજીના જીવન પર આધારીત સંગીતમય કાર્યક્રમ 'આનંદઘન ધન'નું આયોજન

જૈન ધર્મનો ઇતિહાસ તપાસતાં જણાશે કે ભૂતકાળમાં જૈન ધર્મ વિષેનું ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન ધરાવનાર અનેક વિભૂતિઓ જેવા કે પ. પૂ. આનંદઘનજી, દેવચંદ્રસુરીજી, યશોવિજયજી, ચિદાનંદજી વગરેએ જે સ્તવનો, પ્રાર્થનાઓ, પદો, સ્તુતિ આદિની રચના કરી છે તેમાં અરિહંત પરમાત્માની અધ્યાત્મ વિદ્યાની પ્રશંસા છે. આ બધી રચનાઓ ખાસ રાગો પર આધારિત છે જેની અતિ ગહન અસર થતી હોય છે. શ્રી કુમાર ચેટરજીએ એ અંતર્ગત તેમનું સંશોધન કંપન, ભૌતિક શક્તિ અને આધ્યાત્મિકતાને અર્પણ કરેલું છે અને ખાસ શાસ્ત્રીય સંગીનતો સહારો લીધો છે. શાસ્ત્રીય સંગીત એક પ્રકારની સાધના જ છે. સંગીનતા સપ્ત સૂરો મેઘધનુષ્યના સપ્ત રંગો દર્શાવે છે. શુદ્ધ સૂરોની ગાયકી ગાયકના શારિરીક અને માનસિક સ્તરે દૃષ્યમાન થાય છે એટલું જ નહીં પરંતુ આવા સંગીતની અસર શ્રોતાગણ પર પણ થાય છે.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંત શાહે પ. પૂ. આનંદ-ઘનજીના સ્તવનો, પ્રાર્થના, પદોનું નિરૂપણ કરતી હિંદીમાં એક કથાવસ્તુ તૈયાર કરી હતી તથા કુમાર ચેટરજીના રાગ-રાગિનીના આ સંશોધનમાં ઊંડો રસ દાખવ્યો હતો. આ અંગે શ્રી ચેટરજી આ કાર્યક્રમમાં તેમનો આભાર પ્રદર્શિત કરી જાહેર ઋણ-સ્વીકાર કરશે અને તેમના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવાનો અનુરોધ કરશે.

શુક્રવાર તા. ૧૮મી માર્ચ ૨૦૧૬ના રોજ સાંજના ૭-૩૦ વાગે નહેરુ ઓડિટોરિયમ ખાતે આનંદઘજીના જીવન પર 'આનંદઘન ધન' નામક તેમના એક પ્રોગ્રામનું આયોજન કર્યું છે. આનંદઘનજી એટલે શાસ્ત્રીય રાગો પર આધારિત જૈન સ્તવનોના પ્રણેતા.

આ પ્રોગ્રામના શ્રોતાવર્ગમાં અર્ધ ઉપરાંત યુવાનો તથા આશરે બસો જેટલા પાર્કીન્શન, અલ્ઝેમર, કેન્સર વગેરેના દર્દીઓ પણ હાજર હશે. આ `Audio Visual' પ્રોગ્રામમાં આનંદઘનજી ચોવીસમાંથી દશ સ્તવનો દસ રાગોમાં મંત્રો સહીત રજૂ કરવામાં આવશે, જેમાં છ ચુનંદા સાજીંદાઓ પણ ભાગ લેશે.

કાર્યક્રમમાં આપની હાજરી માટે મહત્ત્વની બની રહેશે, તો જરૂર પધારી આપને એ મહાન કાર્યમાં મદદનીશ બનવા નમ્ર વિનંતી છે.

શ્રી કુમાર ચેટરજીને ભૂતકાળમાં પણ 'ધમ્મ ધ્વજ' અર્પણ કરી વિભૂષિત કરવાં આવ્યા છે.

શ્રી કુમાર ચેટરજી (Musicologist)ના સંપર્ક માટે
મો. નં. ૯૮૨૧૧૧૨૪૮૯.

# ગુજરાતમાં જળસિંચનનો મહાયજ્ઞ : સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારનો ઉત્તમ સમન્વય

❑ રશ્મિન ચંદુલાલ સંઘવી

રાજકીય નેતાઓ, સરકારી અમલદારો અને વહીવટી તંત્રની નિષ્કાળજી અંગે સરેરાસ નાગરિકોને ફરિયાદ રહે છે, પરંતુ ગુજરાત સરકારે સ્વયંસેવી સંસ્થાઓનો સાથ લઈ ચોમાસાના જળનું સિંચન ઉત્તમ રીતે કરી શકાય તેનું અદ્‌ભુત ઉદાહરણ આપી આમ નાગરિકોને સુખદ આશ્ચર્ય આપ્યું છે. ગુજરાતમાં નાની સિંચાઈની યોજનાઓના કારણે જળ અને હરિત ક્રાંતિની શરૂઆત થઈ છે. ગરીબ ખેડૂત આજે તે કારણે થોડો પગભર થવા લાગ્યો છે, પરંતુ મહાયજ્ઞનો પ્રારંભ ૧૯૯૦થી ૨૦૦૦ના દાયકામાં થયો છે. આવનાર વર્ષમાં સૌરાષ્ટ્રની કાયાપલટ થશે એવી આશા આ લેખમાં વ્યક્ત થઈ છે.

૨૦૦૫, જૂન-જુલાઈમાં ગુજરાતમાં સખત વરસાદ પડ્યો, ઠેરઠેર પૂર આવ્યાં, બંધો-નાળાં ફાટ્યાં અને પુષ્કળ નુકશાન થયું. મુંબઈથી મિત્રો રોજ ફોન કરીને તપાસ કરે. પહેલા ચાર દિવસ તો સુરેન્દ્રનગર-લીંબડીમાં ચારેબાજુ પાણી જ ભરાયેલાં. સેવાભાવી સંસ્થાઓ તાત્કાલિક રાહતકામ સિવાય બીજું કંઈ કરી શકે એમ નહોતી. પાંચમા દિવસે સમાચાર આવ્યા કે ગુજરાત સરકારે મોટા પાયે કામ શરૂ કરી દીધું છે. રસ્તાઓ સાફ કરી રહ્યા છે, તૂટેલા બંધ-પાળાઓ રિપેર કરી રહ્યા છે અને મુંબઈથી કોઈ દાનની જરૂર નથી! આવા સારા સમાચાર સાંભળી ભૂતકાળના બીજા થોડા સારા સમાચાર આપવા માંગું છું. લીંબડીમાં લીંબડી સેવામંડળ અને સુરેન્દ્રનગરમાં વઢવાણ મહાજનના આગેવાનો લગભગ ૧૯૯૬થી પાણી વ્યવસ્થા માટે સુંદર કામ કરે છે. લીંબડીના આગેવાનોએ એ વખતે પાણી વ્યવસ્થા માટે નવી જ રીત શરૂ કરી. નવા ડૅમો બાંધવા કે તળાવો ખોદાવવામાં ખૂબ ખર્ચ થાય, એના બદલે જૂના ખોદાયેલાં તળાવોને જ સાફ કરાવી, કાંપ કઢાવી રિપેર કરાવવાનું શરૂ કર્યું. આ કામમાં ઓછા ખર્ચે એટલી બધી રાહત મળી કે મંડળે વધારે ઉત્સાહથી સારું એવું કામ અલગ અલગ ગામોમાં શરૂ કર્યું.

એ વખતે ગુજરાત સરકાર ગુજરાતમાં જુદાં જુદાં જળ વ્યવસ્થાનાં કામો કરાવતી હતી. ૬૦:૪૦ સ્કીમોમાં ગામ લોકો ૪૦ ટકા ખર્ચ આપે અને સરકાર ૬૦ ટકા ખર્ચ આપે એ રીતે નવા ચેક ડૅમો બંધાતા હતા; પરંતુ જૂના તળાવનો કાંપ કાઢવાની કોઈ સ્કીમ ન હતી.

એક તળાવ ખોદીને એની માટી બહાર કાઢી ખેડૂતો લઈ જાય. એ કાંપ ખેડૂતો માટે ખાતર બરાબર કામ કરે. તળાવ ખોદવાથી તળાવની સંગ્રહ શક્તિ વધે અને પાણી જમીનમાં વધારે ઊતરે. એટલે આજુબાજુના કૂવામાં પાણી જલદીથી ભરાઈ જાય. એમ એક સાથે અનેક લાભ થાય.

તળાવો ખોદવા માટે જેસીબી મશીનનો ઉપયોગ શરૂ કર્યો. કાંપ લઈ જવા માટે ખેડૂતો પોતાના ટ્રેક્ટરો લઈ આવે. આમ નાગરિકોની ભાગીદારી અને દાનથી સારું કામ થવા લાગ્યું. નવા તળાવ ખોદવા કરતાં બે ટકા જેટલો ખર્ચ આવે અને છતાં સેવાભાવી સંસ્થાઓ પાસે રકમ ખૂટતી હતી.

અમદાવાદથી રાજકોટનો હાઈવે ગુજરાત સરકારે પહોળો અને પાકો કરાવ્યો. પહેલાં કરતાં ઊંચો કરાવ્યો. આમાં પુષ્કળ માટી જોઈએ.

લીંબડી સેવા મંડળે ગુજરાત સરકારને અને કોન્ટ્રેક્ટરને વિનંતી કરી; 'તમારે માટી જોઈએ છે, અમારે તળાવમાંથી માટી કાઢવી છે. તમે જો ઉનાળામાં સુકાઈ ગયેલા તળાવમાંથી જ માટી કાઢો તો એક ખર્ચમાં બે કામ થઈ જાય.' કોન્ટ્રેક્ટરને માટી માટે ખર્ચ કરવો પડતો હતો. એમને તો સૂચન ગમી ગયું.

પહેલી વખત રોડના કોન્ટ્રાક્ટરે તળાવમાંથી માટી કાઢી. તળાવો ખૂબ ઊંડાં અને પહોળાં થયાં અને ગામ લોકોને પુષ્કળ લાભ થયો. આજે તો ગુજરાત સરકારનાં હુકમથી કોઈ પણ રોડ વગેરે કામ માટે જોઈએ તો તળાવોમાંથી માટી કાઢવામાં આવે છે.

શરૂઆતની સફળતાથી ઉત્સાહિત થઈને લીંબડી સેવા મંડળે નીતિનભાઈ પટેલ-એ વખતે નાની સિંચાઈ યોજનાના પ્રધાન-ને વિનંતી કરી. એમને મળવા માટે મુલાકાત માંગી. પ્રધાને મુલાકાત આપી. મંડળના ટ્રસ્ટીઓ મુંબઈ અને લીંબડીથી ગાંધીનગર પહોંચ્યા.

બધાના આશ્ચર્ય વચ્ચે પ્રધાને મુલાકાત એક મોટા હૉલમાં રાખેલી. ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર–પાણી વિભાગનાં એન્જિનિયરોને બોલાવી રાખેલા. લગભગ ૨૫ અધિકારીઓ, ૧૦ ટ્રસ્ટી અને પ્રધાનશ્રીની મીટિંગ થઈ. મંડળે પોતાની કામ કરવાની પદ્ધતિ સમજાવી અને વિનંતી કરી કે ગુજરાત સરકાર મંડળને ૬૦:૪૦ સ્કીમમાં મદદ કરે.

એ જ મીટિંગમાં પ્રધાને આદેશ આપ્યો: 'આ મંડળની વાત બરાબર છે. મંડળ જેટલાં પણ ગામોમાં કામ કરી શકે એ બધી સ્કીમો મંજૂર કરવી; અને મંડળને બધી જ રીતે મદદ કરવી!'

મંડળના બધા જ ટ્રસ્ટીઓ આનંદાશ્ચર્યથી ચકિત થઈ ગયા. ઈશ્વર કૃપા. સરકારી કૃપા. પછી તો સરકારે ૬૦:૪૦ની સ્કીમ ૮૦:૨૦ની કરી. એટલે ગામ લોકોએ ખાલી ૨૦ ટકા ખર્ચ કાઢવાનો. બાકી ૮૦ ટકા ખર્ચ સરકાર આપે.

એક વર્ષ સુરેન્દ્રનગરમાં ખૂબ ઓછો વરસાદ થયો. સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર, રતનપરને પાણી પૂરું પાડતો ડેમ ધોળીધજા ડેમ આખો ખાલી. વઢવાણ મહાજને વિચાર્યું કે સામાન્ય રીતે ડૅમમાં પાણી હોય એટલે એનો કાંપ કાઢી ન શકાય. આ વખતે ડૅમ ખાલી છે, તો કાંપ કાઢવો જોઈએ. એ ડેમ તો એટલો મોટો કે સંસ્થાઓના ગજા બહારની વાત. માટે સરકારને અરજી કરી.

એક વખત સમય લઈને ટ્રસ્ટીઓ સરદાર સરોવર નિગમનાં તત્કાલીન ચેરમેન ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમાને મળવા ગયા.

વઢવાણ મહાજન કે લીંબડી સેવા મંડળમાં કોઈપણ વ્યક્તિ રાજકારણી કે લાગવગવાળા નહીં. બધાં જ નિષ્ઠાથી ચૂપચાપ કામ કરે. ભૂપેન્દ્રસિંહજી સાથે કોઈ આગળની ઓળખાણ નહિ. કોઈને ખબર નહિ ચેરમેન સાહેબ કેવો જવાબ આપશે.

પાંચ મિનિટની મીટિંગમાં ચૂડાસમાજીએ જવાબ આપ્યો: 'આપની વાત વ્યાજબી છે. આ સૂચન નહીં સ્વીકારવા માટે કોઈ કારણ નથી; પરંતુ આમાં રૂપિયા ૧ કરોડ ઉપરનો ખર્ચ છે. પ્રધાનશ્રીની મંજૂરી લેવી પડે.' ભૂપેન્દ્રસિંહજીએ ત્યારે જ પ્રધાનશ્રીને ફોન કર્યો. એ વખતે મોટી સિંચાઈ અને સરદાર સરોવર નિગમના પ્રધાન શ્રી જયનારાયણ વ્યાસ હતા. એમણે હા પાડી; અને તરત જ બધા જ ટ્રસ્ટીઓ અને ભૂપેન્દ્રસિંહજી પ્રધાનશ્રીની ઑફિસે ગયા. ઉપર કહેલી વિનંતી ફરીથી કરી.

પ્રધાનશ્રીએ જવાબ આપ્યો: 'આજે ૨૬ ડિસેમ્બર છે. આપણે સુરેન્દ્રનગરની પ્રજાને પહેલી જાન્યુઆરીએ નવા વર્ષની ભેટ આપીએ!!! બધા જ ટ્રસ્ટીઓ ખુશખુશાલ પાછા પોતાને ગામ ગયા; પરંતુ કોઈને ભરોસો નહોતો કે ચાર પાંચ દિવસમાં ગુજરાત સરકાર કાંઈ આવું મોટું કામ કરે.

સંસ્થાઓ જ્યારે તળાવ ખોદવાનું કામ કરે ત્યારે બજેટ નક્કી કરે. ખેડૂતોનો સંપર્ક કરે અને કામ શરૂ કરી દે. સરકાર એમ ન કરી શકે એવો મત હતો; પણ સહુના આશ્ચર્ય વચ્ચે ૨૮મી ડિસેમ્બર સુધીમાં તો સો જેટલા અધિકારીઓ અને કાર્યકરો સુરેન્દ્રનગરમાં હાજર થઈ ગયા. ધોળીધજા ડૅમ અને તળાવના સર્વેક્ષણ થયાં.

પહેલી જાન્યુઆરીએ ડૅમ ઉપર સભા રાખવામાં આવી. હોમ-યજ્ઞ કરી પૂજા કરી. શ્રી ચૂડાસમાજી અને શ્રી વ્યાસજી બધા અધિકારીઓ સાથે સ્થળ ઉપર આવ્યા. વ્યાસજીએ ડેમ ઉપર ઊભાં ઊભાં સેક્રેટરીને ડિક્ટેશન આપ્યું. લખો: 'પ્રધાનશ્રીએ જાત તપાસ કરીને તળાવ ખોદાવવાનું નક્કી કર્યું છે. Desilting (કાંપ કાઢવાનું) કામ બને એટલી જલદી શરૂ કરવામાં આવે, અને ચોમાસું શરૂ થાય તે પહેલાં પૂરું કરવામાં આવે.'

લોકો ખુશ હતા. પણ હજી લોકોને ભરોસો ન હતો. જાત જાતની શંકાઓ અને અટકળો ચાલુ થઈ ગઈ.

બે મહિનામાં તો સરકારની મોટી મોટી મશીનરીઓ તળાવમાં આવી ગઈ. તળાવ ખોદાવા માંડ્યું અને એની માટી સરદાર સરોવર નિગમની નહેરોના પાળા બાંધવા વપરાવા માંડી. જૂન મહિનામાં વરસાદ પડ્યો અને તળાવ ભરાઈ ગયું.

પછી તો જયનારાયણ વ્યાસજીએ વધારે ભેટો આપી. નિગમના પ્લાનમાં થોડો ફેરફાર કર્યો. ધોળીધજા ડૅમને નિગમના પાણીથી બારે માસ પૂરો ભરેલો રાખવાનું નક્કી કર્યું. આ ડેમમાંથી નહેરો અને પાઈપ લાઈનો વતી આજુબાજુના ગામોમાં ખેતી અને પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું. આજે (ઈ. સ. ૨૦૧૪માં) આ ડેમ બારે માસ ભરેલો રહે છે. સુરેન્દ્રનગરની પ્રજાને બે પ્રધાનોએ અને ગુજરાત સરકારે મોટી ભેટ આપી.

આ ઈશ્વરીય ભેટની પાછળ દશ વર્ષોની મહેનત હતી. એ હવે પછીના લેખોમાં વર્ણવી છે.

અમારી સંસ્થાઓએ તો લગભગ ૪૦-૫૦ ગામોના તળાવો ખોદાવ્યાં. આજે તો ગુજરાત સરકારે એ કામ મોટા પાયે ઉપાડી લીધું છે. દર વર્ષે સેંકડો તળાવો ખોદાવાઈ રહ્યાં છે. અત્યાર સુધીમાં હજારો તળાવો ખોદાવાઈ ગયાં. સરકારના જે કોઈ પ્રોજેક્ટમાં માટી જોઇએ–તે બને ત્યાં સુધી સુકાયેલાં તળાવોમાંથી જ લેવામાં આવે છે.

મે, ૨૦૦૫ મહિનામાં બધાં ગુજરાતી છાપાંઓમાં સમાચાર આવેલા. ૨૦૦૪-'૦૫ માં ખેતી ઉત્પાદન આગલા વર્ષ કરતા ૨૫ ટકા વધારે થયું. આનાથી કેટલા ખેડૂતો, ખેત મજૂરો અને સામાન્ય જનતાને લાભ થયો! આના માટે કીર્તિના યશભાગી છેઃ ગુજરાત સરકાર, નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા અને જયનારાયણજી વ્યાસ અને અનેક સંસ્થાઓ, કાર્યકરો અને દાતાઓ.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં આજે પણ ખૂબ મોટાં તળાવો છે. તળાવની આસપાસ ઘણી વગડાઉ જમીનો છે. અનેક ગામોમાં અત્યારે અનેક સંસ્થાઓ તળાવો ખોદવાનું કામ કરે છે; પણ કુલ માટીના વીસ-પચ્ચીસ ટકા જ કાઢવામાં આવે છે. આટલું જ કામ કરે ત્યાં જ રૂા. ૧ થી ૨ લાખનો ખર્ચ થઈ જાય. સંસ્થાનું એ ગામ માટેનું બજેટ પૂરું થઈ જાય

જો આખા તળાવ સંપૂર્ણપણે ખોદાવવામાં આવે, આવરાઓ સારી રીતે સાફ થાય અને આજુબાજુની પડતર જમીન ખોદીને તળાવ વિસ્તારવામાં આવે તો તળાવોમાં એટલું બધું પાણી ભરાય કે એક વખત તળાવ ભરાય પછી ત્રણ વર્ષ સુધી નવું પાણી ન પણ આવે તો ગામને પીવા માટે તો પાણી મળી જ રહે. હકીકતમાં વરસાદ તો દર વર્ષે આવે છે. એટલે પાણી એટલું બધું મળે કે ખેતી સિંચાઈ માટે પણ પાણી વાપરી શકાય. મોટા ભાગના ગામો પાણી માટે સ્વાવલંબી થઈ જાય.

આજે ગુજરાતમાં એક જળક્રાંતિની શરૂઆત થઈ ગઈ છે. આશા રાખીએ કે આ ક્રાંતિ ગામેગામ-આખા ભારતમાં પહોંચી જાય અને ભારતની બહાર પણ. આની સાથે જ ખેતીવાળી ઉત્પાદન ક્રાંતિ જોડાયેલી જ છે. મહેનત કરનારને ઈશ્વર મદદ કરે છે તે આ ક્રાંતિથી પુરવાર થયું છે. ✷✷✷

મોબાઈલ : ૯૮૨૦૧૯૪૪૯૧.

## પ્રબુદ્ધ જીવન
# કાલ–આજ–કાલ
❑ ડૉ. સેજલ શાહ

### પ્રબુદ્ધ જૈન
વર્ષ બીજું, અંક ૧૬, ૧૭, ૧૮
શનિવાર, તા. ૧૧-૦૨-૩૩, ૧૮-૦૨-૩૩, ૨૫-૦૨-૩૩

### આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા
લેખક : પં. સુખલાલજી

બહુ જૂના વખતમાં જ્યારે આર્ય ઋષિઓએ પુનર્જન્મની શોધ કરી ત્યારે પુનર્જન્મના વિચાર સાથેજ તેમને કર્મના નિયમો અને આ લોક તેમજ પરલોકની કલ્પના પણ આવી. કર્મતત્ત્વ, ઇહલોક અને પરલોક એટલું તો પુનર્જન્મ સાથે સંકળાએલું છે જ. આ વસ્તુ એકદમ સીધે સીધે અને સૌને સહેલાઈથી ગળે ઉતરે તેવી તો નથી જ એટલે હંમેશાં એને વિષે ઓછોવત્તો મતભેદ રહે છે. એ જૂના જમાનામાં પણ એક નાનો કે મોટો એવો વર્ગ હતો કે જે પુનર્જન્મ અને કર્મચક્ર વગેરે માનવા તદ્દન તૈયાર ન હતો. અને પુનર્જન્મવાદીઓ સાથે વખતે ચર્ચા પણ કરતો. તે વખતે પુનર્જન્મશોધક અને પુનર્જન્મવાદી ઋષિઓએ પોતાના મંતવ્યને ન માનનાર પુનર્જન્મવિરોધી સામા પક્ષને નાસ્તિક કહી ઓળખાવ્યો, અને પોતાના પક્ષને આસ્તિક તરીકે જણાવ્યો. આ શાંત અને વિદ્વાન ઋષિઓએ જ્યારે પોતાના પક્ષને આસ્તિક કહ્યો ત્યારે એનો અર્થ એટલો જ હતો કે અમે પુનર્જન્મ કર્મતત્ત્વ માનનાર પક્ષના છીએ અને તેથી જ જે પણ એ તત્ત્વ નથી માનતો તેને માત્ર અમારા પક્ષથી ભિન્ન પક્ષ તરીકે ઓળખાવવા 'ન' શબ્દ ઉમેરી નાસ્તિક કહીએ છીએ. એ સમભાવી ઋષિઓ તે વખતે આસ્તિક અને નાસ્તિક એ બે શબ્દ માત્ર અમુક પ્રકારના એ ભિન્ન પક્ષને સૂચવવા માટે જ વાપરતા. તે સિવાય એથી વધારે એ શબ્દના વાપરની પાછળ કાંઈ અર્થ ન હતો. આ શબ્દો ખૂબ ગમ્યા અને સૌને અનુકૂળ થઈ પડ્યા. વખત જતાં વળી ઇશ્વરની માન્યતાનો પ્રશ્ન આવ્યો. ઈશ્વર છે અને તે જગતનો કર્તા છે એમ માનનાર એક પક્ષ હતો. બીજો પક્ષ કહેતો કે સ્વતંત્ર અલગ ઈશ્વર જેવું તત્ત્વ નથી અને હોય તોપણ તેને જગતના સર્જન સાથે કોઈ સંબંધ નથી. આ બે ભિન્ન પક્ષો અને તેની અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી ત્યારે પેલા આસ્તિક અને નાસ્તિક શબ્દ તે એક વખતે માત્ર પુનર્જન્મ-વાદી અને પુનર્જન્મ-વિરોધી પક્ષ પૂરતાજ હતા તે બન્ને શબ્દો ઈશ્વરવાદી અને ઈશ્વર-વિરોધી એ બે પક્ષ માટે પણ વપરાવા લાગ્યા. આ રીતે આસ્તિક અને નાસ્તિક શબ્દના અર્થનું ક્ષેત્ર પુનર્જન્મના અસ્તિત્વ નાસ્તિત્વથી વધારે વિસ્તૃત ઈશ્વરના અસ્તિત્વ નાસ્તિત્વ સુધી ગયું. હવે પુનર્જન્મ માનનાર વર્ગમાં પણ ઈશ્વરને માનનાર અને ન માનનાર બે પક્ષો પડી ગયા હતા એટલે પોતાને આસ્તિક તરીકે ઓળખાવનાર આચાર્યોની સામે પણ પોતાની પરંપરામાં બે ભિન્ન પાર્ટીઓ હતી અને તે વખતે પણ તેઓને ઈશ્વર ન મનનાર પક્ષ જો કે તે પક્ષ પુનર્જન્મવાદી હોઈ પોતાની આસ્તિક શ્રેણીનો હતો છતાં તેને નાસ્તિક કહેવાની એટલે કે તેને નાસ્તિક તરીકે ઓળખાવવાની ફરજ પડી. પરંતુ હજુ સુધી એ શબ્દોની પાછળ અમુક માનવું અને અમુક ન માનવું એટલા ભાવ સિવાય બીજો વધારે ખાસ ભાવ ન હતો. તેથી આ હિસાબે પુનર્જન્મવાદી આર્ય પુરુષોએ પોતાના જ પક્ષના પણ ઈશ્વરને ન માનનાર પોતાના ભાઈઓને ફક્ત પોતાનાથી અમુક માન્યતામાં જુદા પડે છે એટલું જ જણાવવા નાસ્તિક કહ્યા. તે રીતે સાંખ્ય, મીમાંસક, જૈન અને બૌદ્ધ એ બધા પુનર્જન્મવાદીઓ પણ એક રીતે આસ્તિક છતાં બીજી રીતે નાસ્તિક કહેવાય.

વળી એક બીજો પ્રશ્ન ઊભો થયો હતો અને તે શાસ્ત્રના પ્રામાણ્યનો. વેદશાસ્ત્રની પ્રતિષ્ઠા રૂઢ થઈ ગઈ હતી. પુનર્જન્મ માનનાર અને ઈશ્વરતત્ત્વને પણ માનનાર એક એવો મોટો પક્ષ હતો કે જે વેદનું પ્રામાણ્ય પૂરેપૂરૂં સ્વીકારતો. તેની સાથે જ એક એવો પણ મોટો અને પ્રાચીન પક્ષ હતો કે જે પુનર્જન્મમાં માનતો, વેદનું પ્રામાણ્ય સંપૂર્ણતયા સ્વીકારતો છતાં ઈશ્વરત્ત્વમાં ન માનતો. હવે અહીં આસ્તિક નાસ્તિક શબ્દનો ભારે ગોટાળો થયો. ઈશ્વરને ન માનવાથી જો નાસ્તિક કહેવામાં આવે તો પુનર્જન્મ અને વેદનું પ્રામાણ્ય


આપણી આર્થીક સ્થિતી
Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'
પ્રબુદ્ધ જૈન.
સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.
છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.
વર્ષ ૨જું, અંક ૧૬ મો.
શનીવાર તા. ૧૧-૨-૧૯૩૩.
તા૦ ૧૧-૨-૩૩ પ્રબુદ્ધ જૈન ૧૨૫
આસ્તિક અને નાસ્તિક શબ્દની મીમાંસા.
[લેખકઃ પં. સુખલાલજી.]

સ્વીકારનાર પોતાના સગા ભાઈ મીમાંસકને પણ નાસ્તિક કહેવા પડે એટલે મનુ મહારાજે આ ગૂંચમાંથી મુક્તિ મેળવવા નાસ્તિક શબ્દની ટૂંકી વ્યાખ્યા કરી દીધી અને તે એ કે વેદનિંદક હોય તે નાસ્તિક, આ હિસાબે સાંખ્ય લોકો જે નિરીશ્વરવાદી હોઈ એકવાર નાસ્તિક ગણાતા તે પણ વેદનું અમુક અંશે પ્રામાણ્ય સ્વીકારતા હોવાથી ધીરેધીરે નાસ્તિક કહેવાતા મટી આસ્તિક ગણાવા લાગ્યા, અને જૈન, બૌદ્ધ જેવા જે વેદનું પ્રામાણ્ય તદ્દન જ ન સ્વીકારતા તેઓ નાસ્તિક પક્ષમાં રહ્યા. અહીં સુધી તો આસ્તિક નાસ્તિક શબ્દના પ્રયોગ વિષે થયું.

હવે બીજી બાજુએ, જેમ પુનર્જન્મવાદી અને વેદવાદી લોકો પોતાથી વિભિન્ન એવા પક્ષને માટે ઓળખાણ ખાતર નાસ્તિક શબ્દ વાપરતા અને વ્યવહારમાં કોઈક શબ્દ વાપરવાની જરૂર તો પડે જ, તેમ પેલા વિભિન્ન પક્ષવાળાઓ પણ પોતાના પક્ષને અને સામા પક્ષને ઓળખાવવા અમુક શબ્દો વાપરતા. તે શબ્દો બીજા કોઈ નહિ પણ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ. પુનર્જન્મને માનવા છતાં પણ કેટલાક વિચારકો પોતાના ઊંડા વિચાર અને મનનને પરિણામે એમ જોઈ શક્યા હતા કે સ્વતંત્ર ઈશ્વર જેવી વસ્તુ નથી; અને તેથી તેઓએ ભારેમાં ભારે વિરોધ અને જોખમ વહોરીને પણ પોતાનો વિચાર લોક સમક્ષ મૂક્યો હતો. એ વિચાર મૂકવા જતાં છેવટે વેદોનું પ્રામાણ્ય સ્વીકારવાની ના પાડી હતી. એ લોકો એમ ધારતા અને સાચે જ પ્રામાણિકપણે ધારતા કે તેઓની દૃષ્ટિ એટલે માન્યતા સમ્યક્ એટલે સાચી છે, અને સામા વેદવાળા પક્ષની માન્યાતા મિથ્યા એટલે ભ્રાન્ત છે. તેથી માત્ર સમભાવે તેમણે પોતાના પક્ષને સમ્યગ્દૃષ્ટિ અને સામાને મિથ્યાદૃષ્ટિ તરીકે ઓળખાવ્યો. આ રીતે જેમ સંસ્કૃતજીવી વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક એ શબ્દો વ્યવહાર ખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજીવી વિદ્વાનોએ પોતાના પક્ષ માટે આસ્તિક અને પોતાથી ભિન્ન પક્ષ માટે નાસ્તિક એ શબ્દો વ્યવહાર ખાતર યોજ્યા હતા તેમ પ્રાકૃતજીવી જૈન અને બૌદ્ધ તપસ્વીઓએ પણ પોતાના પક્ષ માટે સમ્યગ્દૃષ્ટિ (સમાદિટ્ઠિ) અને પોતાથી ભિન્ન પક્ષ માટે મિથ્યાદૃષ્ટિ (મિચ્છાદિટ્ઠિ) શબ્દ યોજ્યા. પણ એટલાથી કંઈ અંત આવે તેમ થોડું હતું? મન અને મતભેદનું વટવૃક્ષ તો જમાના સાથે જ ફેલાતું જાય છે એટલે જૈન અને બૌદ્ધ બન્ને વેદવિરોધી હોવા છતાં તે બન્ને વચ્ચે પણ પ્રબળ મતભેદ હતો.

પણ મનુષ્ય પ્રકૃતિમાં જેમ મીઠાશ તેમ કડવાશનું પણ તત્ત્વ છે. આ તત્ત્વ દરેક જમાનામાં ઓછુંવત્તું દેખાય છે. શબ્દો કોઈ જાતે સારા કે નરસા નથી હોતા. તેના મધુરપણા અને કડવાશપણાનો અથવા તો તેની પ્રિયતા અને અપ્રિયતાનો આધાર તેની પાછળના મનોભાવ ઉપર અવલંબિત હોય છે. આ વસ્તુ આપણે થોડાક દાખલાઓથી વધારે સ્પષ્ટ કરીને સમજી શકીશું. નાગો, લુચ્ચો અને બાવો એ શબ્દો લ્યો અને વિચારો. નાગો સંસ્કૃતમાં નગ્ન અને પ્રાકૃતમાં નગિણ. લુચ્ચો સંસ્કૃતમાં લુંચક અને પ્રાકૃતમાં લુંચઓ. બાવો સંસ્કૃતમાં વપ્તા અને પ્રાકૃતમાં વંપ્પા અથવા બપ્પા.

જે માત્ર કુટુંબ અને માલમત્તા જ નહિ પણ કપડાં સુદ્ધાંનો તદ્દન ત્યાગ કરી આત્મશોધન માટે નિર્મમત્વ વ્રત ધારણ કરતો અને મહાન આદર્શ નજર સામે રાખી જંગલમાં એકાકિ સિંહની પેઠે વિચરતો તે પૂજ્ય પુરુષ નગ્ન કહેવાતો. ભગવાન મહાવીર આજ અર્થમાં નગ્ન તરીકે પ્રખ્યાતિ પામ્યા છે. પરિગ્રહનો ત્યાગ કરી અને દેહદમનનું વ્રત સ્વીકારી આત્મસાધના માટે જે ત્યાગી થતો અને પોતાના મસ્તકનાં વાળને પોતાનાને હાથે ખેંચી કાઢતો તે લુંચક અર્થાત્ લોચ કરનાર કહેવાતો. એ શબ્દ શુદ્ધ ત્યાગ અને દેહદમન સૂચવનાર હતો. વપ્તા એટલે સર્જક અને સર્જક એટલે વડીલ અને સંતાનનો પૂજ્ય. આ અર્થમાં બપ્પા અને બાવા શબ્દ વપરાતો. પરંતુ હંમેશાં શબ્દોના વપરાશની મર્યાદા એક સરખી નથી રહેતી. તેનું ક્ષેત્ર નાનું મોટું અને વખતે વિકૃત થઈ જાય છે. નગ્ન એટલે વસ્ત્ર રહિત તપસ્વી; ને આવો તપસ્વી એટલે માત્ર એક કુટુંબ અગર એક જ પરિવારની જવાબદારી છોડી વસુધા કુટુંબિક બનનાર અને આખા વિશ્વની જવાબદારીનો વિચાર કરનાર. પરંતુ કેટલાક માણસો કુટુંબમાં એવા નીકળે કે જેઓ નબળાઈને લીધે પોતાની કૌટુંબિક જવાબદારી ફેંકી દે છે, અને તેની જગાએ વધારે સારી અને વધારે વ્યાપક જવાબદારી સ્વીકારવાને બદલે આળસ અને અજ્ઞાનને લીધે તેઓ પોતાના કુટુંબને અને પોતાની જાત સુદ્ધાંને બીનજવાબદાર થઈ ભટકતા અને રખડતા રામ થઈ જાય છે. આવા માણસો અને પેલા જવાબદાર નગ્ન તપસ્વીઓ વચ્ચે ઘર પ્રત્યેની બીનજવાબદારી પુરતું, ઘર છોડી ગમે ત્યાં ભટકવા પૂરતું સામ્ય હોય છે. આટલા સામ્યને લીધે પેલા બીનજવાબદાર માણસોના લાગતાવળગતાઓએ તે રખડતા રામને તિરસ્કારસૂચક તરીકે અગર પોતાની અરુચિ દર્શાવવા તરીકે નાગો (નગ્ન) કહ્યો. આ રીતે વ્યવહારમાં જ્યારે કોઈ એક જવાબદારી છોડે, આપેલું વચન ન પાળે, માથેનું કરજ અદા ન કરે, તેને દાદ ન આપે ત્યારે પણ તે તિરસ્કાર અને અણગમાના વિષય તરીકે નગ્ન કહેવાયો. બસ! ધીરે ધીરે પેલો મૂળ નગ્ન શબ્દ પોતાના મહાન તપ, ત્યાગ અને પૂજ્યતાના અર્થમાંથી સરી ધીરે ધીરે માત્ર બીનજવાબદાર એ અર્થમાં આવીને અટક્યો અને આજે તો એમ બની ગયું છે કે કોઈ ત્યાગી સુદ્ધાં પોતાને માટે નાગો શબ્દ પસંદ નથી કરતો. દિગંબર ભિક્ષુકો જેઓ તદ્દન નગ્ન હોય તેઓને પણ જો નાગો કહેવામાં આવે તો તેઓ પોતાનો તિરસ્કાર અને અપમાન માને. લુંચક શબ્દે પણ પોતાનું પવિત્ર સ્થાન ગુમાવ્યું છે, અને કહેલું ન પાળે, બીજાને ઠગે તેટલા જ અર્થમાં સ્થાન લીધું છે. બાવો શબ્દ તો ઘણીવાર બાળકોને ભડકાવવાના અર્થમાં જ વપરાય છે, અને કેટલીકવાર તો કશી જ જવાબદારી ન ધરાવતો હોય તેવા આળસી અને પેટભરૂ માટે પણ વપરાય છે. આ રીતે ઉપયોગની પાછળના સારા કે નરસા, આદર કે તિરસ્કાર, સંકુચિત કે વિસ્તૃત ભાવને લીધે શબ્દો પણ એક જ છતાં ક્યારેક સારા, ક્યારેક નરસા,

ક્યારેક આદરસૂચક, ક્યારેક તિરસ્કારસૂચક અને ક્યારેક સંકુચિત અર્થવાળા તેમજ વિસ્તૃત અર્થવાળા જોવામાં આવે છે. આ દાખલાઓ આપણને પ્રસ્તુત ચર્ચામાં બહુ કામના છે.

અહીં આપણે એક બાબત ઉપર લક્ષ આપ્યા સિવાય રહી શકતા નથી અને તે એ છે કે આસ્તિક અને નાસ્તિક શબ્દોની પાછળ માત્ર હકાર અને નકારનો જ ભાવ છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ શબ્દની પાછળ તેથી કાંઈક વધારે ભાવ છે. તેમાં પોતાનું યથાર્થપણું અને બીજા પક્ષનું ભ્રાન્તપણું ખાત્રીથી સૂચવાય છે. એ ભાવ જરા આકરો અને કાંઈક અંશે કડવો પણ છે. એટલે પ્રથમના શબ્દો કરતાં પાછળના શબ્દોમાં જરા ઉગ્રતા સૂચવાય છે. વળી જેમ જેમ સાંપ્રદાયિકતા અને મતાંધતા વધતી ચાલી તેમ તેમ કટુકતા વધારે ઉગ્ર બની. તેને પરિણામે નિન્હવ અને જૈનાભાસ જેવા ઉગ્ર શબ્દો સામા પક્ષ માટે અસ્તિત્વમાં આવ્યા. અહીં સુધી તો માત્ર આ શબ્દનો કાંઈક ઇતિહાસ જ આવ્યો. હવે આપણે વર્તમાન સ્થિતિ ઉપર નજર કરીએ.

અત્યારે આ શબ્દોમાં ભારે ગોટાળો થઈ ગયો છે. એ શબ્દો હવે તેના મૂળ અર્થમાં નથી રહ્યા, તેમજ નવા અર્થમાં પણ ચોક્કસ અને મર્યાદિત રીતે નથી યોજાતા. ખરું કહીએ તો અત્યારે એ શબ્દો નાગો, લુચ્ચો અને બાવો શબ્દની પેઠે માત્ર ગાળ રૂપે અથવા તિરસ્કાર સૂચક રીતે હરકોઈ વાપરે છે. સાચી બાબત રજૂ કરનાર અને આગળ જતાં જે વિચાર પોતાને અગર પોતાની સંતતિને અવશ્યમેવ સ્વીકારવા લાયક હોય છે તે વિચાર મૂકનારને પણ શરૂઆતમાં રૂઢીગામી, સ્વાર્થી અને અવિચારી લોકો નાસ્તિક કહી ઉતારી પાડવા પ્રયત્ન કરે છે. મથુરા વૃન્દાવનમાં મંદિરોના ઢગલા ખડકી તે દ્વારા માત્ર પેટ ભરનાર અને ઘણીવારે તો ભયંકર અનાચાર પોષનાર પંડ્યા કે ગોંસાઈઓના પાખંડનો મહર્ષિ દયાનંદે વિરોધ કર્યો અને કહ્યું કે આ તો મૂર્તિપૂજા નહિ પણ ઉદરપૂજા અને ભોગપૂજા છે. વળી કાશી અને ગયાના શ્રાદ્ધ સરાવી તાગડધીન્ના કરનાર અને વધારામાં અનાચાર પોષનાર પંડ્યાઓને સ્વામિજીએ કહ્યું કે આ શ્રાદ્ધપિંડ પિતરોને નથી પહોંચતો, પણ તમારા પેટમાં જરૂર પહોંચે છે. એમ કહી સમાજમાં સદાચાર, વિદ્યા અને બળનું વાતાવરણ સરજવાનો જ્યારે પ્રત્યન કર્યો ત્યારે તુરતજ પેલા વેદપુરાણમાંની પંડ્યા-પક્ષે સ્વામિજીને નાસ્તિક કહ્યા. એ લોકોએ સ્વામિજીને માત્ર પોતાથી ભિન્ન મતદર્શક છે એટલા અર્થમાં નાસ્તિક કહ્યા હોત તો તો કાંઈ ખોટું ન હતું, પણ જૂના લોકો જે મૂર્તિ અને શ્રાદ્ધમાં મહત્ત્વ માનતા તેમને ભડકાવવા અને તેમની વચ્ચે સ્વામિજીની પ્રતિષ્ઠા ઘટાડવા એ નાસ્તિક શબ્દ વાપર્યો. એજ રીતે મિથ્યાદૃષ્ટિ શબ્દની પણ કદર્થના થઈ. જૈન વર્ગમાં કોઈ વિચારક નીકળ્યો અને કોઈ વસ્તુની ઊચિતતાનો વિચાર તેણે મૂક્યો કે તરત જ પ્રિય વર્ગે તેને મિથ્યાદૃષ્ટિ કહ્યો. એક જતિ કલ્પસૂત્ર જેવાં પવિત્ર પુસ્તકો વાંચે અને લોકો પાસે તેની પૂજા કરાવી જે દાન-દક્ષિણા આવે તે પોતે પચાવી લે. વળી બીજો જતિ મંદિરની આવકનો માલિક થાય અને એ પૈસાથી અનાચાર વધારે. આમ બનતું જોઈ તેની અયોગ્યતા જ્યારે કોઈએ બતાવવા માંડી ત્યારે શરૂઆતમાં તો પેલા સ્વાર્થી જતિઓએ એ વિચારકને પોતાના વર્ગમાં ઉતારી પાડવા મિથ્યાદૃષ્ટિ સુદ્ધાં કહ્યો. આ રીતે શરૂઆતમાં નાસ્તિક અને મિથ્યાદૃષ્ટિ શબ્દો સુધારક અને વિચારક માટે વપરાવા લાગ્યા, અને હવે તો તે એવા સ્થિર થઈ ગયા છે કે જે મોટે ભાગે વિચારશીલ, સુધારક અને કોઈ વસ્તુની યોગ્યતાની પરીક્ષા કરનાર માટે જ વપરાય છે. જૂનાં બંધનો, જૂનાં નિયમો, જૂની મર્યાદાઓ અને જૂનાં રીત-રિવાજો દેશકાળ અને પરિસ્થિતિને લીધે અમુક અંશે બંધ બેસતાં નથી. તેના સ્થાનમાં અમુક પ્રકારનું બંધન અને અમુક પ્રકારની મર્યાદા રાખીએ તો સમાજને વધારે લાભ થાય. અજ્ઞાન અને સંકુચિતતાની જગાએ જ્ઞાન અને ઉદારતા સ્થાપીએ તો જ સમાજ સુખી રહી શકે. ધર્મ એ જો વિખવાદ વધારતો હોય તો તે ધર્મ હોઈ ન શકે. એવી સીધી-સાદી અને સર્વમાન્ય બાબતો કહેનાર કોઈ નીકળ્યો કે તુરત જ અત્યારે તેને નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ અગર જૈનાભાસ કહેવામાં આવે છે. આ રીતે શબ્દોના ઉપયોગની અંધાધુંધીનું પરિણામ એ આવ્યું છે કે હવે નાસ્તિક શબ્દની જ પ્રતિષ્ઠા વધી ગઈ છે.

આ રીતે જ્યારે આવેશી પુરાતન પ્રેમીઓએ આવેશમાં આવી વગર વિચારે, ગમે તેવા વિચારી અને ગમે તેવા લાયક માણસને પણ ઉતારી પાડવા અને તેની વિરુદ્ધ લોકોને ઉશ્કેરવા નાસ્તિક જેવા શબ્દો વાપર્યા ત્યારે તે શબ્દોમાં પણ ક્રાન્તિ દાખલ થઈ અને તેનું અર્થચક્ર બદલાતાં મહત્તાચક્ર બદલાવા લાગ્યું, અને સ્થિતિ લગભગ એવી આવી ઊભી છે કે રાજદ્રોહની પેઠે નાસ્તિક, મિથ્યાદૃષ્ટિ આદિ શબ્દો માન્ય થતા ચાલ્યા છે. કદાચ જોઈતા પ્રમાણમાં માન્ય ન થયા હોય તોપણ હવે એનાથી કોઈ ભાગ્યે જ ડરે છે. ઉલટું પોતાને રાજદ્રોહી કહેવડાવવા જેમ ઘણાં આગળ આવે છે તેમ ઘણાં તો નિર્ભયતા કેળવવા પોતાને નાસ્તિક કહેવડાવતાં જરાય ખંચકાતા નથી અને જ્યારે સારામાં સારા વિચારકો, લાયક કાર્યકર્તાઓ અને ઉદાર મનના પુરુષોને પણ કોઈ નાસ્તિક કહે છે ત્યારે આસ્તિક અને સમ્યગ્દૃષ્ટિ જેવા શબ્દોનો અર્થ બદલાઈ જાય છે અને હવે તો આસ્તિક તેમજ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો લગભગ વ્યવહારમાં લોકો એ જ અર્થ કરે છે કે જે સાચી કે ખોટી ગમે તેવી જૂની રૂઢીને વળગી રહે, તેમાં ઉચિતપણા અનુચિતપણાનો વિચાર ન કરે, સાચું કે ખોટું કાંઈ પણ તપાસ્યા સિવાય નવા વિચાર, નવી શોધ અને નવી પદ્ધતિ માત્રથી ભડકે અને છતાંય કાળક્રમે એને પરાણે વશ થતો જાય તે આસ્તિક, તે સમ્યગ્દૃષ્ટિ. આ રીતે વિચારક અને પરીક્ષક અગર તર્ક-પ્રધાન અર્થમાં નાસ્તિક આદિ શબ્દોની પ્રતિષ્ઠા જામતી જાય છે અને કદાગ્રહી, ઝનુની એવા અર્થમાં આસ્તિક આદિ શબ્દોની દુર્દશા થતી દેખાય છે.

પહેલું તો એ કે પોતાને માટે જ્યારે કોઈએ નાસ્તિક કે એવો બીજો શબ્દ વાપર્યો હોય ત્યારે એટલું જ વિચારવું કે તે સામા ભાઈએ મારે માટે ફક્ત જુદો મત ધરાવનાર અથવા એના મતને ન માનનાર એટલા

***જ અર્થમાં સમભાવે અને વસ્તુસ્થિતિ-સૂચક શબ્દ વાપર્યો છે. એ ભાઈની એ શબ્દ વાપરવાની પાછળ કોઈ દુર્વૃત્તિ નથી એમ વિચારી તેના પ્રત્યે પણ પ્રેમવૃત્તિ અને ઉદારતા કેળવવી.***

X X X

કેટલાંક શબ્દોના અર્થો પર પ્રચલિત માન્યતા અને ધોરણોનો બહુ પ્રભાવ પડતો હોય છે. આસ્તિક અને નાસ્તિક શબ્દો હમણાં થોડાં સમય પહેલાં કેટલાંક યુવાનોના મોઢે ફેશનના ભાગ રૂપે સાંભળ્યા ત્યારે આશ્ચર્ય થયું. આજે ધર્મને યુવા વર્ગ બહુ જુદી રીતે મુલવી રહ્યો છે. જે ધર્મને કે ઈશ્વરને નથી માનતા તેઓ પોતાને બહુ જ અભિમાનપૂર્વક નાસ્તિક ગણાવી રહ્યા હતા અને પોતે બીજા કરતાં આધુનિક કે વૈચારિક છે તેવું દર્શાવવા અંગે જાગૃત હતાં. બીજી તરફ કેટલીક ધાર્મિક માન્યતા ધરાવતી યુવતીઓ પોતાની આસ્તિક વિચારણાને રજૂ કરી રહી હતી. વાત તો ધર્મના મૂળભૂત વિચારો અંગે થવી જોઈતી હતી એની બદલે ક્રિયામાં અટવાઈ ગઈ હતી. થોડી વધુ વાર સાંભળ્યા પછી લાગ્યું કે યુવાનોનું તે ટોળું જે ધાર્મિક ક્રિયાઓ, સમારંભો, ઉત્સવો, ઉજવણીઓ વગેરે જુએ છે અને જે ધાર્મિક તહેવારોને ઘરમાં સંભાળે છે તેનાથી જ પરિચિત છે, તેમના માટે ધર્મ એ, આ જ પરિચિત માહોલની આજુબાજુ જ છવાયેલો છે. શબ્દ નાસ્તિક બોલતી વખતે પોતે આધુનિક બની જાય છે અને પરંપરાગત વિચારણાથી પર છે, આ રૂઢીથી પોતે દૂર છે અને તેથી જ પોતાને નાસ્તિક કહેતી વખતે જાણે પોતાને અમેરિકન કહેતા હોય એવો ગર્વ અનુભવે છે, જે નિરાશા અને દુઃખ જન્માવે છે. કોઈ પણ પથને પૂરેપૂરો સમજ્યા વિના તેના વિશે પૂર્વધારિત અર્થને પકડી રાખવો અને તેને આધારે પોતાની ઓળખને પણ એની સાથે જોડી દેવું કેટલું યોગ્ય છે? ૧૯૩૩માં પંડિત સુખલાલજીએ આસ્તિક અને નાસ્તિક બંને શબ્દોની સમજ અને અર્થ સ્પષ્ટ કરતાં એક લાંબો લેખ આપ્યો હતો, જે ત્રણ ભાગમાં 'પ્રબુદ્ધ જૈન'માં ૧૯૩૩માં છપાયો હતો. આ શબ્દોની વિસ્તારથી સમજ અહીં અપાઈ હતી. એ વાંચ્યા પછી એમ થાય છે કે આ શબ્દોની સમજ અને અર્થ આજે પણ આટલી સ્પષ્ટતાથી ફરી સમજાવવા જોઈએ સહુને.

આસ્તિક શબ્દ મૂળભૂત રીતે સંસ્કૃત વિશેષણ છે જે ક્યારેક સંજ્ઞા તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. જેનો અર્થ થાય છે જે અસ્તિત્વ છે તેને જાણવું અથવા પવિત્ર.

જ્યારે નાસ્તિક શબ્દ એનો વિરોધી શબ્દ છે. આ શબ્દોના મૂળ ભારતીય ફિલસૂફીમાં જોવા મળે છે. જે લોકો ભારતીય ફિલસૂફીની સ્કૂલ વેદમાં વિશ્વાસ ધરાવે છે તેઓ આસ્તિક અને જેઓ વેદોની બદલે અન્ય વિચારણાને અનુસરે છે જેમ કે જૈન, બૌદ્ધિઝમ, ચર્વાક વગેરે માટે નાસ્તિક શબ્દનો પ્રયોગ કરાતો હતો. એટલે આ શબ્દોનો અર્થ ધર્મની માન્યતા સાથે જોડાયેલો નહોતો. જે વૈદિક પ્રથાના પ્રચારક હતા તેઓ તંત્રવિદ્યાના ઉપાસકો નાસ્તિક શબ્દ ઉપયોગમાં લેતા. ટૂંકમાં એ દરેક જે વૈદિક વિચારણામાં નથી માનતા તેઓ નાસ્તિક કહેવાતા. એટલે નાસ્તિક શબ્દનો અર્થ એ નથી કે જેઓ ભગવાનમાં નથી માનતા. મનુ સ્મૃતિમાં આ અંગે ચર્ચા કરાઈ છે. જેઓ એમ માને છે કે જ્યાં કોઈ શબ્દ નથી, જ્યાં દાન દેવાથી કોઈ હેતુ સરતો નથી, જ્યાં ક્રિયાઓનું કોઈ મહત્ત્વ નથી તે નાસ્તિક છે. ૬ઠ્ઠી સદીના જૈન સ્કોલર હરિભદ્રએ આસ્તિક અને નાસ્તિક શબ્દ માટે એક જુદું પરિમાણ આપ્યું છે. વેદની સાથે આ શબ્દોને જોડવાને બદલે પોતાનું હોવું જે અનેક સત્યોથી સાબિત કરી સ્થાપે છે તે આસ્તિક છે. પરંતુ એમણે પુણ્ય અને પાપનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. પાણીની પરંપરાના વિચારક કહે છે તે મુજબ આસ્તિક એ છે કે બીજી દુનિયા હોવાનું સ્વીકારે છે અને એની વિરુદ્ધના નાસ્તિક. આત્માના હોવા વિશેની શ્રદ્ધા તે આસ્તિક અને જે એનો વિરોધ કરે તે નાસ્તિક. આમ તો દરેક ધાર્મિક પરંપરાએ આ શબ્દ અંગે પોતાનો વિચાર જુદા જુદા સંદર્ભમાં પ્રગટ કર્યો છે. એટલે આજે જે માત્ર ભગવાનમાં માને અને ન માને તેટલી ટૂંકી વિચારણા આ શબ્દ વ્યક્ત નથી કરતા.

બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપ અમેરિકામાં અનેક વિચારકોએ ભગવાનના હોવા પર શંકા, મૂંઝવણ, આક્રોશ વ્યક્ત કર્યો હતો ત્યારે નિર્દોષ મનુષ્યની થયેલી હત્યા અને પરમાણુ બોમ્બની અસરને કારણે એક આખી પેઢીએ સહન કરવું પડ્યું તેનો ગુસ્સો હતો. ફિલોસોફર ફ્રીદ્રિક નિત્શે (Friedrich Nietzsche)એ ઈશ્વરના મૃત્યુની ઘોષણા કરી હતી, જેની પાછળ એ સમયના માનવજીવન અને વિચ્છિન્નતાનો પ્રતિકાર હતો. જે જગત માનવતા, પવિત્રતા, સત્ય, મૂલ્યોથી દૂર થઈ રહ્યું હતું, પોતાના આંતરિક સત્વને ભૂલી રહ્યું હતું તેને જગાડવા આ વિચારકો આવા અંતિમવાદી વિધાનો કરે છે. અર્થપૂર્ણ જીવનનો આનંદ વિરોધી તત્ત્વના નાશ દ્વારા જ થશે અને આવા વિચારો ધરાવતા નિત્શેને નાસ્તિક કહેવો કે આસ્તિક, એ વાચકોને પણ વિચારતા કરી મુકશે. નિત્શેના વિધાનને અહીં અંગ્રેજીમાં જ મૂકું છું જેથી એનો યથાયોગ્ય ભાવ પહોંચે.

``I teach you the overman. Man is something that shall overcome. What have you done to overcome him? All beings so far have created something beyond themselves, and do you want to be the ebb of this great flood and even go back to the beasts rather than overcome man? What is the ape to man? A laughingstock or a painful embrrassment. And man shall be just that for the overman: a laughingstock or a painful embarrassment...'

એક ઉત્કૃષ્ટ માનવ સમાજ જ સાચા આસ્તિક અને નાસ્તિકને સમજી શકે છે! આપણી મૂળભૂત જરૂરિયાત અંતે તો માનવસેવાથી સંતોષ અને તે દ્વારા જ અસ્તિત્વને સાકાર કરવાની હોય, એથી વધુ બીજું શું જોઇએ ? ✷ ✷ ✷

બિલ્ડિંગ નં. ૧૦, વિંગ 'બી', ફ્લેટ નં. ૭૦૨, અલિકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, કાંદિવલી (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૧૦૧.મોબાઈલ : ૯૮૨૧૫૩૩૭૦૨.

# ૨૩મો જૈન સાહિત્ય સમારોહ - સોનગઢ ૪,૫,૬,૭ ફેબ્રુઆરી, ૨૦૧૬

## આયોજક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ

## સૌજન્ય : રૂપ માણક ભંશાલી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ

## પાવન સ્થળ : શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ-૩૬૪૨૫૦

શત્રુંજયગિરિની નજીકમાં, સોરઠની પવિત્ર ધરા પર આવેલ સોનગઢ ગામમાં વિદ્વત્તજનોનો મેળો જામ્યો છે. શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયશીલચંદ્રસૂરિશ્વજી મ.સા.ની નિશ્રામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ દ્વારા આયોજિત રૂપ માણક ભંશાલી ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈના સૌજન્યથી આ સાહિત્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ સાહિત્ય સમારોહના સંયોજક છે સરળમૂર્તિ, નાટ્યકાર, વિદ્વત્ત શિરોમણી ડૉ. ધનવંતભાઈ શાહ.

તા. ૪,૫,૬,૭/૨/૨૦૧૬ એમ ચાર દિવસના આ સાહિત્ય સમારોહનું ઉદ્‌ઘાટન તા. ૪-૨-૧૬ના રોજ આશ્રમના બાળકો દ્વારા રજૂ કરાયેલ સરસ્સ્વતી વંદના બાદ વૈષ્ણવાચાર્ય પ. પૂ. ગોસ્વામી ૧૦૮, ડૉ. વાગીશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી યુવરાજ) આ સમારોહના પ્રમુખસ્થાને પધારેલા તેમણે અન્ય મહાનુભાવો સાથે દીપપ્રાગટ્ય કરી કર્યું. આશ્રમના બાળકોએ બેન્ડની સૂરાવલી વહાવી અને મા. મુ. શ્રી પ્રવીણભાઈએ બાંસૂરીના સૂરો છેડી સમગ્ર વાતાવરણને આહ્‌લાદક બનાવી દીધું હતું. આવા આ ભક્તિમય વાતાવરણમાં ચાર પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું. આ ચારેય પુસ્તકોનો પરિચય ડૉ. શ્રી અભયભાઈ દોશીએ આપ્યો. આ પુસ્તકોના નામ નીચે મુજબ છે:

૧. આગમ અવગાહન-(૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં પ્રાપ્ત થયેલા શોધનિબંધોનો સંપૂટ-સંપાદક ડૉ. ગુણવંતભાઈ બરવાળિયા.

૨. મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ-(૨૨મા જૈન સાહિત્ય સમારોહમાં બારમાસી, ફાગુ અને ચોવીસી પર પ્રાપ્ત થયેલા શોધનિબંધોનો સંપુટ)

સંપાદક-ડૉ. અભયભાઈ દોશી તથા ડૉ. સેજલબેન શાહ.

૩. જૈન સાહિત્યના અક્ષર આરાધકો (૨૨મા જૈન સાહિત્ય સમારોહમાં ૧૯મી ૨૦મી સદીના જૈન સાહિત્યકારો ઉપર પ્રાપ્ત થયેલ શોધ નિબંધોનો સંપુટ)

આ ત્રણે પુસ્તકોના પ્રકાશક છે વીર તત્ત્વ પ્રકાશ મંડળ, શિવપુરી અને મુંબઈ.

૪. Jain Stupa at Mathura Art & Icon-Renuka Porwal.

આ ઉપરાંત શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા ૭૦ વર્ષ બાદ 'શ્રી આદિનાથ પ્રભુ ચારિત્ર' અને 'વસુદેવ હિંડી' એ બંને પુસ્તકોની બીજી આવૃત્તિનું વિમોચન કરવામાં આવ્યું હતું.

બીજે દિવસે સવારની બેઠકનો પ્રારંભ આશ્રમના બાળકોની પ્રાર્થના દ્વારા થયેલ. આ બેઠકના પ્રમુખસ્થાને ડૉ. ધરમચંદજી જૈન અને સંચાલક તરીકે શ્રી ગુણવંતભાઈ બરવાળિયા હતા. આ દિવસે સાહિત્ય સમારોહના સૌજન્યદાતા રૂપ-માણક ભંશાલી ટ્રસ્ટના વલ્લભભાઈ ભંશાલી ઉપસ્થિત રહ્યા હતા. તેમના જ્યેષ્ઠ ભ્રાતા પૂ. માણેકશાની ૫-૨-૧૬ના દિવસે પુણ્યતિથિ હોઈ આજના દિવસની સમગ્ર બેઠકો તેમને અર્પણ કરવામાં આવી હતી.

આ તકે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શતાબ્દિ નિમિત્તે તૈયાર કરાયેલ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય શતાબ્દિ મહોત્સવ ગ્રંથ ભાગ-૧-૨'નું વિમોચન કરવામાં આવેલ. આ પુસ્તકનું સંપાદન ડૉ. કુમારપાળ દેસાઈએ કરેલ છે. પ્રથમ દિવસે 'જૈન સજ્ઝાય' વિષય પર તથા બીજી દિવસે 'આગમ સાહિત્ય' એ વિષયો પર શોધ નિબંધો પ્રસ્તુત થયા હતા.

ત્રીજા દિવસની બેઠકનો પ્રારંભ પણ આશ્રમના મા. મુ. શ્રી પ્રવીણભાઈ, શ્રી ચેતનભાઈ તથા બાળકોની ટીમની પ્રાર્થના સાથે થયો. આ દિવસે 'તીર્થ સાહિત્ય' વિષેના શોધ-નિબંધોની પ્રસ્તુતિ થઈ. આ વિષયની બેઠકના પ્રમુખસ્થાને ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ શાહ તથા સંચાલક તરીકે ડૉ. શ્રી અભયભાઈ દોશી હતા. ધનવંતભાઈએ આ બંને મહાનુભાવોને મંચ પર આમંત્રિત કર્યા બાદ તેમનું સન્માન કરવામાં આવેલ. પ્રમુખસ્થાનેથી જીતેન્દ્રભાઈએ સાહિત્ય સમારોહને લગતા તથા વિષયને અનુરૂપ કેટલાક સૂચનો આપ્યા.

આ બેઠકમાં જ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ, સંચાલકો જે જુદા જુદા શહેરોમાં વસવાટ કરી રહ્યા છે તેઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સાહિત્ય સમારોહને જેનું ઉદાર સૌજન્ય પ્રાપ્ત થયું છે તેવા ભંશાલી ટ્રસ્ટની બંધુબેલડી રામ-લક્ષ્મણની જોડી વલ્લભ-મંગલનું અતિ સુંદર પોટ્રેટ આપી બહુમાન કર્યું. આ પોટ્રેટનું સર્જન માટીમાંથી માનવ ઘડનારી સંસ્થાના ચિત્રશિક્ષક મિહિરભાઈ આસ્તિકના વિદ્યાર્થી ભાવેશ કુરિયાએ કરેલ.

સાહિત્ય સમારોહની અંતિમ દિવસની બેઠકોમાં ચોથા વિષય 'બાર ભાવના અને ચાર પરાભાવના' એ વિષય પર વિદ્વાનોના નિબંધ વાંચનની શરૂઆત થઈ. આ બેઠકના પ્રમુખસ્થાને ડૉ. વીરસાગરજી તથા સંચાલક તરીકે ડૉ. માલતીબહેન શાહ હતા. આ બંનેનું સન્માન અનુક્રમે શ્રી કિશોરભાઈ શાહ તથા ઉત્પલાબેન મોદીએ કરેલ. દાનવીર શ્રેષ્ઠી વસનજી ગાલા તથા ધર્મપત્ની તારાબહેનનું પણ સન્માન કરવામાં આવ્યું. ભાવેશભાઈ કુરિયા દ્વારા સર્જીત દંપતિનું પોર્ટ્રેટ તેમને અર્પણ કરવામાં આવ્યું. આ સભામાં બાર ભાવના જેમાં સમાવિષ્ટ છે તેવી શાંતસુધારસની ગાથાઓને શાસ્ત્રીય સંગીત તથા સુગમ સંગીત એ બંને રીતે ગાઈને સીડી તૈયાર કરવામાં આવી છે તથા તે ગાથાઓની સમજણ આપતી નાની પુસ્તિકાઓ જેમાં શામેલ છે એવું આલ્બમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને તથા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સંસ્થા માટે અર્પણ કરવામાં આવી.

સમાપન સમારોહના આરંભે પ. પૂ. આચાર્ય શ્રી વિજયશીલચંદ્રસૂરિજીએ સર્વેને આગામી સાહિત્યસત્રમાં કેવા વિષયો પર? કેવી રીતે? સારી રીતે કામ કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું. ધનવંતભાઇએ કાર્યક્રમનો દોર સંભાળતા મહાવીર જૈન વિદ્યાલયના અરુણભાઈ તથા અમીતભાઇને મંચ પર બોલાવ્યા. મહાવીર જૈન વિદ્યાલયના કર્મચારીઓ તરુણભાઈ, રિતેશભાઈ, સુરેશભાઈ, પ્રદીપભાઈનું સન્માન કરાયું. ત્યારબાદ સંસ્થાના પંકજભાઈ, મહેન્દ્રભાઈ તથા વિદ્યાલયના અરુણભાઈ-અમીતભાઈનું સન્માન કરવામાં આવ્યું. મહાવીર જૈન વિદ્યાલય તરફથી તથા આશ્રમ તરફથી મંગલભાઈ ભણશાલીનું બહુમાન કર્યું. બધાએ સાથે મળી સાહિત્ય સમારોહના સંયોજક, સૌજન્યમૂર્તિ, સૌના માનીતા અને આદરણીય એવા ધનવંતભાઈ-સ્મિતાબેનનું સન્માન કર્યું.

ચારેય દિવસ દરમિયાન સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ સાંસ્કૃતિક કાર્યક્રમો થયા. જેમાં પ્રથમ દિવસે આશ્રમના બાળકો દ્વારા સંગીત-નૃત્યનો કાર્યક્રમ હતો. બીજા દિવસે 'જયભિખ્ખુ'ના જીવન પર આધારિત નાટક, ત્રીજા દિવસે કુમાર ચેટરજીનો સંગીત કાર્યક્રમ તથા ચોથા દિવસે મનોજ શાહ અભિનીત ઉપમિતી ભવપ્રપંચા એકોક્તિ નાટયકૃતિનો કાર્યક્રમ હતો. છેલ્લા દિવસે સવારે બાળકોએ મલખમ તથા રોપ યોગાનો કાર્યક્રમ કરેલ. બધા જ કાર્યક્રમ અદ્‌ભુત, અવિસ્મરણીય હતા. આ આશ્રમ એ એક સંસ્થા નહિ પણ તપોભૂમિ છે જેની મુલાકાત લઈએ તો પણ શરીરનો અણુએ અણુ રોમાંચિત થઈ જાય. પાંચમા દિવસે પાલીતાણા તથા અન્ય તીર્થોની દર્શનયાત્રા સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

ચાર દિવસ માટે યોજાયેલા આ સમારોહમાં ભારતના વિવિધ પ્રાંતોમાંથી ૩૦૦ જૈન અજૈન વિદ્વાનો પધાર્યા હતા.

કુલ ૧૩ બેઠકમાં ૧. જૈન આગમ, જૈન તીર્થ સાહિત્ય, બાર ભાવના અને સજ્ઝાય ઉપર લગભગ ૧૦૦ નિબંધોનું વાંચન થયું હતું. દરેક વક્તાને દશ મિનિટ ફાળવવામાં આવી હતી. આ શોધ નિબંધો ગ્રંથ સ્વરૂપે આગામી ૨૦૧૮ના સાહિત્ય સમારોહમાં પ્રકાશિત થશે.

વિદ્વાનોના નામ, વિષય, ફોનની વિગતો 'પ્ર.જી.'ના એપ્રિલના અંકમાં પ્રકાશિત થશે.

શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ આશ્રમના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ ચારે દિવસ મહેમાનોની આગતા-સ્વાગતા કરી. વાતાવરણને પ્રસન્ન બનાવ્યું હતું.

આ સંસ્થામાં લગભગ ૪૫૦ વિદ્યાર્થીઓ કોઈ પણ મૂલ્ય આપ્યા વગર અભ્યાસ અને જીવન ઘડતર કરે છે.

**અહેવાલ પ્રસ્તુતિ : પારુલ ભરતભાઇ ગાંધી**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**ભાનુ ચેરીટીઝ અનાજ રાહત**

| | |
|---|---|
| ૨૨૫૦૦ | અસિત આર. દેસાઈ, હસ્તે : ઉષાબેન શાહ |
| **૨૨૫૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૬૦૦૦૦ | શ્રી ધીરેનભાઈ નગીનદાસ શાહ, હસ્તે : રમાબેન મહેતા |
| **૬૦૦૦૦** | **કુલ રકમ** |

**વિનય યશ પરિસંવાદ**

| | |
|---|---|
| ૫૦૦૦૦ | સિદ્ધાર્થ અભય ચોકસી, હસ્તે : દિલીપભાઈ શાહ |
| **૫૦૦૦૦** | **કુલ રકમ** |

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | શ્રીમતી કુંદનબેન વસંતરાય શેઠ, એપ્રિલ ૨૦૧૬ અંક |
| **૨૫૦૦૦** | **કુલ રકમ** |

**પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | મૃદુલા તંબોલી, USA |
| ૧૧૦૦૦ | કાનજી કોરસી ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે : કલ્યાણજીભાઈ |
| ૩૪૫ | શ્રી વિનોદ વસા |
| **૧૬૩૪૫** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી ધિરેનભાઈ નગીનદાસ શાહ, હસ્તે : રમાબેન મહેતા |
| ૬૦૦૦ | શ્રીમતિ ભાનુબેન પટેલ, હસ્તે : રમાબેન મહેતા |
| **૨૬૦૦૦** | **કુલ રકમ** |

✷ ✷ ✷

# આ ધર્મ !

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

દુર્યોધન ઘણી બાબતોમાં ભલે સુયોધન ન હોય પણ ધર્મની બાબતમાં એ નિખાલસ હતો. ધર્મ શું છે તે હું જાણું છું પણ આચરી શકતો નથી, અધર્મ શું છે તે પણ હું જાણું છું પણ એનાથી દૂર રહી શકતો નથી. કારણ કે એવી કોઈ અજ્ઞાત શક્તિ છે જે મને ધૂણાવે તેમ ધૂણું છું. ચોક્કસ શબ્દોની મને ખબર નથી પણ એના કહેવાનો ભાવ આ પ્રકારનો છે.

હું તો ધર્મ-અધર્મ કશું જ સમજતો નથી. જેમ જેમ સમજવા પ્રયત્ન કરું છું તેમ તેમ ગૂંચવાડો વધતો જાય છે. રામે શંબૂકનો વધ કર્યો તે ધર્મ હતો? વાલીનો વધ કર્યો તે ધર્મ હતો? યુધિષ્ઠિર 'નરો વા કુંજરો વા' બોલ્યા તે ધર્મ હતો?' વિકર્ણનો વધ એ ધર્મ હતો? યજ્ઞોમાં થતી પશુહિંસા એ ધર્મ હતો? કાલિમંદિરમાં દરરોજ વધેરાતાં પશુ એ ધર્મ છે? દુષ્ટ કામનાની સિદ્ધિ કાજે નરબલિનો વિધિ એ ધર્મ છે? ઉઘાડી તલવારો સાથે અમુક અખાડાના સાધુઓનું થતું શાહી સ્નાન એ શું ધર્મ છે? પુત્ર જ અગ્નિસંસ્કાર કરે એ ધર્મ છે? પુત્ર ન હોય તે પુ-નામના નરકમાં જાય એ શું ધર્મ છે? અમુક નર્ક નક્કી કરી ભીતિ ને લાલચ દ્વારા અમુક પ્રકારનું આચરણ કરાવવું એ શું ધર્મ છે? સમજ્યા વિના જડતાથી થતા કર્મકાંડ એ શું ધર્મ છે? અમુક બેન્કો ફડચામાં ગઈ એમાં અમુક ધર્મગુરુ કે આચાર્યોના બે કરોડ રૂપિયા ડૂબ્યા-પાણીમાં ગયા એ શું ધર્મ છે? આપણા ધર્મને સંસ્કૃતિની વિશેષતા અનેકતામાં એકતા ગણાવીએ ને એકતામાંથી શતધા છિન્નભિન્નતા થાય એ શું આપણી વિશેષતા છે? વાડા, સંપ્રદાય એ શું ધર્મ છે? પોથીમાંનાં રીંગણાં એ શું ધર્મ છે? વારતહેવારે ઊભરાતો ભાવુકોનો ગાડરિયો પ્રવાહ એ શું ધર્મની ને ધાર્મિકતાની પારાશીશી છે? મહાત્મા ગાંધીએ લોક સંગ્રહ ને જનસેવાની ભાવનાથી પ્રેરાઈ રાજકારણમાં ઝંપલાવ્યું ને રાજકારણની ગંદકી ને મર્યાદાઓથી દૂર રહ્યા...ચાર આનાના કોંગ્રેસી સભ્ય પણ નહોતા...જ્યારે આજના રાજકારણે ધર્મની પત્તર રગડી નાખી છે. ઈન્દિરા ગાંધીએ સત્તાની સાઠમારીમાં સૈકાથી પ્રતિષ્ઠિત પામેલી કોંગ્રેસના ભાગલા કર્યા ને હવે તો એની એ એકતામાં અનેકતાનાં દર્શન થાય છે. 'અત્યારના આયારામ, ગયારામ–ભાંગતોડના નાતરાઓ અને રાષ્ટ્રીયને બદલે ક્ષેત્રીય રાજકારણે અંગ્રેજી મૂળાક્ષરો ખૂટાડી દે એટલા બધા સત્તાની ભૂખ ભાંગે એવા સગવડિયા રાજકીય જ્ઞાતિનિર્ભર સંપ્રદાયો ખડા કરી દીધા છે–જ્યાં ધર્મની હરાજી થાય છે ને અધર્મ દ્વારા સત્તા ને સંપત્તિ પાવડે પાવડે ઉશેટાય છે! ધર્મ પરિધમાં ચાલ્યો ગયો છે ને સત્તાની સામ્રાજ્ઞી કેન્દ્રમાં આવી ગઈ છે. સત્તાલક્ષી રાજકારણે રહ્યા સહ્યા ધર્મની રેવડી દાણા દાણ કરી દીધી છે ને જે જ્ઞાતિઓ ને સમાજો વર્ષોથી એકબીજા સાથે સંપથી રહેતા હતા તેમનામાં શંકા ને વિદ્વેષના બીજ–ઝેરી બીજ–વાવી દીધાં છે. વર્ષોથી હું જોતો આવ્યો છું કે ધર્મના શાલિગ્રામથી રાજકારણની ચટાકેદાર ચટણી વટાય છે. 'જેશ્રીકૃષ્ણ' કે 'જય સ્વામિનારાયણ' કહી પ્રસાદ રૂપે એકાદ લાડુડી હાથમાં ધરી દીધી એટલે સારાયે ગામના બધા વોટ મળી ગયા સમજો. પ્રલોભનોની મધલાળની લ્હાણી થાય છે પણ પેલા સાંઢના વૃષ્ણ પડતાયે નથી ને એ માંસ-પિંડ માટે નિરંતર સાંઢની પાછળ પાછળ ભમતા શિયાળની ભૂખ ભાંગતીયે નથી. રાજકારણનો એ સાંઢ શીંગડે ખાંડો છે ને પૂંછડે બાંડો છે એટલે ભોળી-લોભી જનતાથી પકડાતો ય નથી! ચૂંટણી-ટાણે લગભગ બધા જ સત્તાભૂખ્યા રાજકીય પક્ષો ચૂંટણી-ઢંઢેરો બહાર પાડે છે જે ઠગોનો ઢંઢેરો પૂરવાર થાય છે. ગરીબાઈ જનતાની નથી હઠતી પણ એમની તો ઈકોતેર પેઢી સુધીની હઠી જાય છે. ગંગાના પાણીનું ઘી બનાવનાર ગંગાજલને ગટરનું પાણી બનાવી દે છે. માખણનો હિમાલય દર્શાવનાર ઝાંઝવાના જલેય દઈ શકતો નથી. રેતીના કણને અનાજ બનાવનાર અનાજને જ રેતીકણ બનાવી દે છે. બધાં જ માટીનાં ઢેફાંને સુવર્ણનાં ગચ્ચાં બનાવનારનાં આકાશમાંય ન સમાય એવા કૌભાંડો દિન પ્રતિદિન છાપે છપાય છે. ઈન્દ્રધનુષના ઝભ્ભા બનાવનાર દિગંબર સ્થિતિમાં ભટકે છે. ચાંદા સૂરજના દીપ બનાવનારને ત્યાં વિજળીનાય ધાંધિયાં છે. પેટના જ્વાલામુખીને વચનામૃતોથી ઠારવામાં આવે છે. આજે તો જહન્નમ કે જન્નતથી સરહદો ભૂંસાઈ ગઈ છે. રાજકીય પક્ષોના ચૂંટણી-ઢંઢેરા એવી ઈન્દ્રજાળ રચે છે કે ભગવાન કૃષ્ણ દિવ્યચક્ષુનું વરદાન આપે તોય હાથમાં અક્ષયપાત્રને બદલે રામપાતર કે ચપણિયું દેખાય!

*'જે શ્રીકૃષ્ણ' કે 'જય સ્વામિનારાયણ' કહી પ્રસાદ રૂપે એકાદ લાડુડી હાથમાં ધરી દીધી એટલે સારાયે ગામના બધા વોટ મળી ગયા સમજો.*

ધર્મોએ ક્રિયાકાંડના અતિરેક દ્વારા, રાજકારણે અપેક્ષાઓ ને પ્રલોભનોની ઈન્દ્રજાળ દ્વારા અને શિક્ષણે સૂંઠને ગાંગડે ગાંધી બની જઈ ઠેર ઠેર માંડેલી હાટડીઓ દ્વારા જનતાનું અપાર અહિત કર્યું છે. જ્ઞાનની દીક્ષા દેનાર ગુરુ જ જ્યાં કાણો કે બાડો હોય તે સત્યદર્શન શું કરાવવાનો? આજે તો પ્રકાશની એને જ ઝાઝી જરૂર છે. 'ફીઝીશીયન ક્યોર ધાય સેલ્ફ'ના લાગનો આજે તો શિક્ષક-અધ્યાપક કે પ્રાધ્યાપક છે. ગુરુ શબ્દ તો જોડણીકોશમાં જ કેદ બની ગયો છે. અંધકાર ફેડી પ્રકાશ ફેલાવનાર એવા એ શબ્દના લક્ષ્યાર્થને ચરિતાર્થ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૧)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ગુજરાતની બે સંસ્થાને નવ્વાણું લાખ રૂપિયાનું માતબર અનુદાન

## એક ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનવાની ધન્ય પળે!!

**અવસર**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની, સામાજિક, ધાર્મિક મુલ્યો અને સેવાકીય પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સંઘ વતી દર વર્ષે એક સામાજિક, શૈક્ષણિક કે ઉચ્ચ માનવ મૂલ્યોને પ્રસ્થાપિત કરતી કોઈ એક સંસ્થાને સહાયરૂપ થવાના ઉમદા ઉદ્દેશ સાથે અનુદાન માટે ટહેલ નાખવામાં આવે છે. વર્ષ ૨૦૧૧માં વિચરતી જાતી સમર્થન મંચ માટે અપીલ કરવામાં આવી હતી અને સંઘના સ્વજનો દ્વારા માતબર રકમ, ૫૨,૩૪,૭૬૩ રૂા.નું અનુદાન મળ્યું હતું. પણ સંઘની ભાવના વિચરતા સમુદાયના પરિવારોના બાળકોનું વિચરણ હવે અટકે અને તેમની માટે કોઈ સ્થાયી વ્યવસ્થા થાય, જ્યાં એ બાળકોને હાથ હૈયું અને મસ્તકની સાચી કેળવણી મળે. વિદ્યાઅભ્યાસ સાથે જીવતરના પાઠો પઢીને સમાજના મુખ્ય પ્રવાહ સાથે યોગ્ય સંતુલન સાધી નવું જીવન પામે ને પોતાનું અને પરિવારનું કલ્યાણ થાય એવો શુભભાવ હતો!!

વિચરતી જાતિ સમર્થન મંચ, આ માટે ખૂબ જ ઉમદા કાર્ય કરી રહ્યું છે. મંચના પ્રમુખશ્રી અને સહૃદયી કવિ શ્રી માધવ રામાનુજ અને બહેનશ્રી મિત્તલબેન પટેલ, લીલાધરભાઈ ગડા અને અનેક સારસ્વતો, શ્રેષ્ઠીઓ મિશનમાં જોડાયા છે. કચ્છ કાઠીયાવાડના આંતરિયાળ વિસ્તારોમાં વસતા, સરાણિયા, વાદી, મદારી, બજાણીયા, નટ, તરગાળા, ભૂંગળ, વાસફોડા, ગાડલીયા, ડફેર, વણઝારા, કંજરી, જેવી અનેક જાતિના હજારો પરિવારોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું અને તેમના સમાજના ઉત્કર્ષ માટે અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે.

ગતિશીલ ગુજરાતમાં આજે સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ જમીનની છે. આર્થિક વિકાસની આંધળી દોડમાં જમીનોના ભાવો એ હદે વધ્યા છે કે સામાન્ય માણસને ઘર વસાવવું મુશ્કેલ થઈ ગયું છે ત્યારે સંસ્થાને જમીન ખરીદવી કે મેળવવી એ બહુ મુશ્કેલ કાર્ય બનીને રહી ગયું છે. ત્યારે વિચરતા સમુદાય સમર્થન મંચની મુશ્કેલીઓ સમજી શકાય તેમ છે. ઉપરોક્ત સમાજના બાળકો માટે એક જ જગ્યાએ બોર્ડીંગ સ્કૂલનું નિર્માણ થાય એ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું સ્વપ્ન સાકાર થાય એ માટે વિચરતા સમર્થન મંચે ગુજરાતમાં જમીન શોધવા અને મેળવવા માટે અથાક પ્રયત્નો કર્યા, પણ ધાર્યું પરિણામ મળતું નહોતું ત્યારે ગુજરાતની માતબર સંસ્થા શ્રી સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટ મદદ આવી. એ વિષે શ્રી પ્રવીણભાઈ લહેરીએ જણાવ્યું કે ૧૯૮૨માં અમદાવાદથી ૩૫ કિલોમીટર દૂર ઉવારસદ ગામે સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટને ભૂદાનમાં મળેલી મોટી જમીન સહયોગી ધોરણે વિચરતા સમુદાય સમર્થન મંચને ફાળવી, અને એક સ્વપ્ન હકીકત બનવા તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે યુવક સંઘે, મંચ માટે અનુદાનમાં મેળવેલી રકમને બેંકમાં એફડી રૂપે સાચવી રાખવામાં આવી હતી એ રકમ અને પાછળથી મળેલું માતબર અનુદાન જોડીને વ્યાજ સાથે કુલ ૬૫,૭૩,૧૦૧૩/- રૂા.ની રકમ અર્પણ કરવા માટે યુવક સંઘના પદાધિકારીઓ, શ્રી નીતિનભાઈ સોનાવાલા, શ્રી જગદીપભાઈ જવેરી, શ્રી માણેકલાલ સંગોય, જવેરબેન સંગોય, નેણસીભાઈ વીરા, ભાનુમતીબેન વીરા, વલ્લભદાસ ઘેલાણી, ગિરીશભાઈ વકીલ, હસમુખભાઈ શાહ, કલ્પનાબેન શાહ, વિનોદભાઈ વસા, ચંદ્રકાંત જવેરી, સરલાબેન જવેરી, રેણુકાબેન પોરવાલ, દિલીપભાઈ કાકાબળિયા અને ચંદુભાઈ ફ્રેમવાળા, રાજેશભાઈ પટેલ તેમજ સંઘના મેનેજર, શ્રી હેમંતભાઈ કાપડડિયા અને હિસાબનીશ શ્રી પ્રવીણભાઈ દરજી સાથેનું પ્રતિનિધિ મંડળ અમદાવાદ ગયું હતું, જેમાં સંઘના પ્રતિનિધિ મંડળના સભ્યોએ તાત્કાલિક રૂ. ૨,૫૧,૦૦૦/- નું અનુદાન જાહેર કર્યું હતું એમ કુલ રૂા. ૬૮,૭૩,૧૦૧ જેટલી રકમ એકઠી થઈ હતી.

૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ને શનિવારે સવારે ૧૦.૩૦ કલાકે ઉવારસદ મુકામે હોસ્ટેલના મકાનનું ભૂમિપુજનનો કાર્યક્રમ યોજાયો હતો. યુવક સંઘના પ્રતિનિધિઓ અને સમર્થન મંચ તેમજ સદ્‌વિચાર પરિવારના ટ્રસ્ટીઓની હાજરીમાં બહુ ઉત્સાહપુર્વક ભૂમિપૂજન થયું. પ્રસંગમાં હાજર રહેલા સૌ કોઈને એ બહુ પવિત્રભૂમિ હોય એવો અનુભવ થયો હતો. શ્રીમતી કલ્પાબેન શાહ, મિત્તલબેન પટેલ અને શ્રી નીતિનભાઈ સોનાવાલાએ વિઘ્નહર્તા શ્રી ગણપતિને સ્થાપિત કરી ભૂમિ પૂજન કર્યું. શ્રી રશ્મિનભાઈ સંઘવીએ ખનન વિધિમાં શ્રીફળ વધેરી પૃથ્વીદેવતાને આરતી, વંદન કર્યા. શ્રી ચંદુભાઈ ફ્રેમવાલાએ ભાવવાહી સ્વરે વિશ્વમંગલની ભાવના ચરિતાર્થ કરતી પ્રાર્થના કરાવીને વાતાવરણને આનંદિત કરી દીધું. શ્રી પ્રવીણભાઈ લહેરી, શ્રી વિનોદભાઈ મહેતા, નીતિનભાઈ તથા કલ્પનાબેન શાહે ઇંટ રોપીને પાયો નાખ્યો. ઝવેરબેન સંગોયે ઉત્થાપન વિધિમાં સહભાગી થઈ કાર્યની પૂર્ણાહુતી કરી હતી. શ્રી લહેરીસાહેબે ભવિષ્યમાં બનનારી હોસ્ટેલનો ચિતાર આપ્યો હતો. આ શુભ પ્રસગે ફ્રેન્ડસ ઓફ વી.એસ.એસ.એમ.ના વિનોદભાઈ મેહતા, નીતિનભાઈ, રશ્મિનભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા અને કવિશ્રી માધવભાઈ રામાનુજે સમસ્ત માનવજાતિની સંવેદના પ્રગટાવતી કવિતાઓ પ્રસ્તુત કરીને પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો હતો.

બપોરે મંચની ઑફિસમાં વિચરતા સમુદાયના લોકોના હસ્તે

બનેલું વિશિષ્ટ લંચ લીધું હતું અને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના વ્યક્ત કરી હતી. સાંજે ૬.૦૦ કલાકે સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટના ગ્રાઉન્ડમાં મુખ્ય ચેક અર્પણ વિધિ અને વિચરતા સમુદાય સમર્થન મંચની તમામ પ્રવૃત્તિઓ વિષે લાઈવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, શરણાઈ અને ઢોલના સથવારે આમંત્રિત મહેમાનોનું કુમકુમ, તિલક અને પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું! અને ગુલાબની પાંખડીઓથી વધાવીને વાતાવરણને સુગંધીત બનાવી દીધું હતું...

નટ-બજાણીયાથી લઈને સરાણીયા, વાંસફોડા, ગાડલીયા, વાદી સમાજના લોકોએ પોતાની પરંપરાગત કળા અને કસબનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન જાણીતા વક્તા શ્રી લાલ રાંભિયાએ કર્યું હતું. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપસ્થિત સૌ પ્રતિનિધિઓ સાથે સંઘના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલાએ બેંક એફડીની રસીદો અને ચેક અર્પણ કર્યો ત્યારે ઉપસ્થિત સૌ કોઇએ તાળીઓના ગડગડાટ સાથે સંઘની અનુમોદના કરી હતી અને પછી તુરત દાનનો અસ્ખલિત પ્રવાહ શરુ થયો અને બહુ માતબર રકમના દાન ત્યાં ઉપસ્થિત સૌ મહાનુભાવો અને સંઘના સભ્યોએ ઘોષિત કર્યા હતા!

એ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સામાજિક ઉત્કર્ષની અણીશુદ્ધ ભાવના અને સેવાકીય સુવાસ થકી કેટકેટલીય સંસ્થાઓ આજે સમાજમાં સુંદર સેવાના કાર્યો કરી રહી છે અને એમાં નિમિત્ત સંઘ બન્યો છે. આ એક અસાધારણ ઘટના છે! સંસ્થાઓ સમાજના અનુદાનો થકી જ સેવા કાર્યો કરતી હોય છે, પણ એ સંસ્થાઓ માટે બીજી સંસ્થા અનુદાન જમા કરે અને જે તે જરૂરતમંદ સંસ્થાને આંગણે જઈને એ અનુદાન પહોંચાડે આવું આદર્શ ઉદાહરણ સમાજમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પૂરું પાડે છે. એ આપણા સંઘના સૌ સભ્યો, પ્રબુદ્ધ દાતાશ્રીઓ અને પદાધિકારીઓ માટે પણ ગૌરવ લેવા જેવી બાબત છે. આ ઐતિહાસિક ક્ષણોના સાક્ષી બનવાની અણમોલ પળો હતી કારણ કે આ બીજ બહુ જલ્દી પાંગરશે એમને જોઈતું પોષણ મળી રહ્યું છે!

સંઘવતી પ્રતિભાવ આપતા ઉપપ્રમુખશ્રી, નીતિનભાઈ સોનાવાલાએ સંઘની તમામ સિદ્ધિઓ ગણાવી હતી અને ગૌરવશાળી ઇતિહાસ દોહરાવ્યો હતો. સંઘના પૂર્વસુરીઓ અને પ્રભાવી વિદ્વાનોએ સ્થાપેલી સેવાની સુવાસને યાદ કરતા કહ્યું હતું કે શ્રી રમણભાઈ શાહે ૧૯૮૫માં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કોઈ એક સંસ્થા માટે અનુદાન એકઠું કરવાની પ્રથા શરૂ કરી હતી, જેને પરિણામે આજ સુધી સાડા પાંચ કરોડથી વધુ રકમનું માતબર દાન સંઘ દ્વારા એકત્રિત કરી જરૂરતમંદ સંસ્થાઓને અર્પણ કરવામાં આવ્યું છે.

નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત નહીં રહી શકનાર સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ શાહ અને નીરૂબેન વતી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. અને મુંબઈ જૈન યુવક સંઘ વતી ડૉ. ધનવંતભાઈ શાહે લખી મોકલેલો શુભેચ્છા સંદેશ બહુ ભાવપૂર્વક વાંચતી વેળાએ શ્રી નીતિનભાઈ સોનાવાલાની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, અમારા સંઘના વડીલોએ કેવા ઉચ્ચ સિદ્ધાંતો અને આદર્શ અમારા માટે ઘડ્યા છે. આ અમારા પથદર્શકો છે અને હું એમને વંદન કરું છું.

આ પ્રસંગે શ્રી લીલાધરભાઈ ગડા અને સ્થાનિક ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયા અને અન્ય મહાનુભાવોએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. મંચના છાત્રાલયની દીકરીઓએ હમ હોંગે કામિયાબ ગીત ગાઈને પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો અને શ્રી માદવભાઈ રામાનુજ, તેમજ બેનશ્રી મિત્તલ પટેલે આભારવિધિ કરી હતી. મીત્તલબેનની સુંદર, સમર્પિત સેવાકીય પ્રવૃત્તિની સુવાસ સમાજના અન્ય વર્ગો સુધી પહોંચે અને વંચિતોને એનો લાભ મળે એવી અભ્યર્થના સાથે કાર્યક્રમનું સમાપન થયું!

## 'વિશ્વનીડમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ–રાજકોટ'

૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ને રવિવારે બસ દ્વારા સંઘના સૌ સભ્યો રાજકોટ જવા રવાના થયા. વર્ષ ૨૦૧૫ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં રાજકોટની સામાજિક સંસ્થા વિશ્વનીડમ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ માટે અનુદાનની માગણી કરી હતી અને કુલ રૂા. ૩૦,૭૫,૮૯૯/- નું માતબર ફંડ જમા કર્યું હતું!

બપોરે જીતુભાઈ સંચાલિત હેપી હોમમાં સંઘના સૌ સભ્યો પહોંચ્યા. એ ઝુંપડપટ્ટીના બાળકો સાથે વાતો કરી તેમના હસ્તે ભોજન લીધું. શ્રી નીતિનભાઈ સોનાવાલા અને વિનોદભાઈ વસા, માણેકભાઈ સંગોઈએ બાળકો સાથે વાર્તાલાપ કર્યો તેમના વિદ્યા અભ્યાસ, પારિવારિક પરિસ્થિતિ, પસંદ, નાપસંદ અને ગમા અણગમા વિષે ઘણી વાતો કરી. ઉજ્વળ ભવિષ્યના સપના જોતા સૌ બાળકોની આંખોમાં એક ચમક આવી ગઈ હતી એવું અમે પ્રત્યક્ષ નિહાળ્યું. બધાને બહુ આનંદ થયો!

સતત અભાવના ભાવમાં જીવતા અને વિકાસની દોડમાં સૌથી વધુ પાછળ રહી ગયેલો અશિક્ષિત વર્ગ અને એના બાળકો ગામડા છોડી શહેર તરફ ગતિ કરી ગયા, પણ કેળવણીના અભાવને કારણે શહેરોમાં પોતાને કે પોતાના પરિવારોને વ્યવસ્થિત સેટ ન કરી શક્યા પરિણામે નાની મોટી મજૂરી કરી ગુજરાન ચલાવવાનું કામ મળ્યું, જેમાં આવકના સ્રોત્રો સાવ મર્યાદિત સામે વિકસિત શહેરોમાં જમીન અને જગ્યાના ભાવ આસમાને આવી વિષમ પરિસ્થિતિમાં ઝુંપડપટ્ટીના નિર્માણો થયા. ગરીબ, ગુરબાં, વંચિત વર્ગ શહેરની ભાગોળે કે વગડામાં ઝૂંપડા બાંધી વસવાના પ્રયત્નો કરવા માંડ્યો! આપણા સમાજની બલિહારી કે મજબૂરી જે કહો તે પણ વિચરતી જાતિ સ્થિર ન થઈ અને પરિણામે ખૂબ પરેશાનીઓનો સામનો કરવો પડ્યો તો આ ગ્રામીણ સમાજના સ્થિર થવા પ્રયત્નશીલ રહ્યો પણ આપણો સામાજિક ઢાંચો અને આર્થિક અસમાનતાને કારણે

સ્થિર ન થઈ શક્યો અને મુશ્કેલીઓ સામે ઝઝૂમ્યા કરે છે.

અભાવનો ભાવ જેને પીડતો રહે છે, પોતાના દુ:ખદર્દો, વેદનાઓ સહેતો અથડાતો કૂટાતો એ માણસ વ્યસની ન બને તો જ નવાઈ! ઝુંપડપટ્ટીના વાતાવરણની ભદ્ર સમાજ સાચી કલ્પના પણ નથી કરી શકતો એ હદે પરિસ્થિતિ ખરાબ હોય છે. એમાં બાળકોનું ભવિષ્ય શું? વિદ્યા અભ્યાસનું શું? કારણ કે જ્યાં વાતની શરૂઆત ગાળથી થાય બાળપણથી જ બાળકોને નાની મોટી મજૂરીએ મોકલવામાં આવે, માનસિક ત્રાસ, શારીરિક ઉત્પીડન, દાદા અને મવાલીઓનું રાજ, બે ટાઈમનો રોટલો પણ નિયમિત નથી મળતો એવા પરિવારના બાળકોને સારા વાતાવરણમાં વિદ્યા અને કેળવણી મળે સારા સંસ્કાર મળે અને બે ટાઈમ નિયમિત ભોજન મળે એવા ઉમદા વિચાર સાથે હેપી હોમની સ્થાપના થઈ.

આત્મીય કૉલેજના ઓડીટોરિયમમાં વિશ્વનીડમ્‌ના કાર્યક્રમનું આયોજન થયું હતું. રસ્તામાં બાળકો વિશ્વનીડમ્‌ના વિચારો દર્શાવતા બેનરો લઈને સ્વાગત કરતા હતા, એમ કહો પોતાની વ્યથા વંચાવતા હતા. અમે અમુક ફોટો લીધા છે જે જોઈને આપ એમની આંખોની ભાષામાં રહેલી મજબૂરી કે સંચાલકની પરિસ્થિતિને વાંચી શકશો. સંઘના સભ્યોના હસ્તે દીપ પ્રાગટ્ય થયું. કાર્યક્રમની શરૂઆત થઈ. પોતાના મનોભાવ વ્યક્ત કરતા શ્રી જીતુભાઈ રાજકોટના શાંતિનગરમાં કંતાન અને કોથળા બાંધીને એક રૂમ બનાવીને બાળકોને શિક્ષણના પાઠ પઢાવવાનું શરૂ કર્યું! થોડા મિત્રોની સહાય મળી. પ્રોત્સાહન મળ્યું અને એ પાકી રૂમ બની. ત્યાં શરૂ થયું પ્રથમ 'કલરવ કેન્દ્ર' એ જ વર્ષ જીતુભાઈની શુદ્ધ ભાવના અને સમર્પિતભાવને કારણે વાલીઓને પણ સમજણ આવી કે અમારા બાળકોનું ભવિષ્ય હવે ફક્ત શિક્ષણને કારણે જ ઉજ્વળ બનશે અને ૬૦ વિદ્યાર્થીઓથી શરુ થયેલી વિશ્વનીડમ્‌ની આ સેવા પ્રવૃત્તિ આજે કેટલાય બાળકો સુધી વિસ્તરી છે. તેમના વિષે જીતુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે હું સમાજમાં ભીખ નથી માગતો, કારણ કે મારા હેપી હોમના બાળકો પણ કાલે એ શીખે એ મને મંજુર નથી, એટલે હું સમાજના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ, દાતાશ્રીને મારા કામની માહિતી આપું છું. જરૂરતો જણાવું છું. મારો નાદ છે. 'ચાલો હાથ લંબાવીએ ભીખ આપવા માટે નહીં, સમાજને ઉપર ઉઠાવવા માટે.'

આવી ઉમદા ભાવના સાથે કામ કરતી આ કુમળા છોડ જેવી સંસ્થા ભવિષ્યમાં બહુ મોટું વટવૃક્ષ બનશે અને ઝૂંપડપટ્ટીના બાળકોને છાયા જ નહીં પણ વિકસવા મોટી ઓથ આપશે એવું અમને સૌને લાગ્યું! કેટલું મોટું સામાજિક ઉત્થાનનું કાર્ય વિશ્વનીડમ્ કરી રહ્યું છે.

મંચ પર રંગલા-રંગલીના પાત્ર દ્વારા કહેવામાં આવ્યું જેમાં સત્યનો રણકાર હતો, સેવાની સુગંધ હતી, એ અમે નજરે જોયું અનુભવ્યું!

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ફુલછાબના તંત્રી અને નખશીખ સજ્જન માણસ એવા શ્રી કૌશિક મહેતાએ પોતાના વક્તવ્યમાં વિશ્વનીડમ્‌ની સ્થાપનાથી લઈને અત્યાર સુધીની આ યાત્રામાં પોતે સહભાગી થયા, સાક્ષી બન્યા અને પોતાના અનુભવો વ્યક્ત કર્યા. સંસ્થા અને જીતુભાઈના આ અદ્‌ભુત સેવાયજ્ઞ વિષે તેમણે બહુ હૃદયસ્પર્શી વાતો કરી હતી અને એક અપીલ કરી હતી કે સમાજને આવા જીતુભાઈની બહુ જરૂર છે. આવો એમના સાથી બનીએ યથાશક્તિ સહભાગી બનીએ!

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખશ્રી, નીતિનભાઈ સોનાવાલાએ સંઘનો ગૌરવપૂર્ણ ઇતિહાસ અને સિદ્ધાંતો વિષે સ્પષ્ટતાં કરતાં કહ્યું કે જીતુભાઈ વિશ્વનીડમ્ માટે અમે જમા કરેલું અનુદાન આપની અમાનત છે એમ સમજીને અમે સુરક્ષિત સાચવી રાખ્યું છે. આપના પ્રયત્નો થોડો વધુ તેજ કરો અને બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે જમીન સંપાદન અથવા ભૂમિદાતાની શોધ કરો, વિદ્યાલય બનાવવા માટેના આપના સ્વપ્નને સાકાર કરવા મુંબઈ જૈન યુવક સંઘ આપની સાથે જ છે...

સંઘના પ્રમુખશ્રી, ચંદ્રકાંતભાઈ શાહ, નીરુબેન શાહ અને ડૉ. ધનવંતભાઈ શાહનો શુભેચ્છા સંદેશ તેમણે વાંચી સંભળાવ્યો હતો અને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. વિશ્વનીડમ્‌ને હાલ ફંડની બહુ જરૂરત છે પણ સંઘના નિયમોને આધીન યોગ્ય કરીશું એવી હૈયા ધારણા પણ તેમણે આપી હતી.

રાજકોટ જેવા મોંઘા શહેરમાં આવા સુંદર સેવાયજ્ઞો ચલાવવા એ આસાન કામ નથી. એક વ્યક્તિ કેટલું બધું સદ્ધર કાર્ય કરી શકે છે એનું જીવંત ઉદાહરણ એટલે વિશ્વનીડમ્ અને જીતુભાઈ! પરમાત્મા તેમની મનોકામના જલ્દી પૂરી કરે અને તેમનું સ્વપ્ન સાકાર થાય એવી શુભેચ્છાઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી વ્યક્ત કરવામાં આવતી હતી!

વિશ્વનીડમ્ એ કુમળો છોડ છે એને હવા કુદરત આપે છે! પાણી, આકાશ આપે છે! ધરતી ઓથ આપે છે! આપણે તો એને પોષણ આપવાનું છે. આ કળયુગમાં આપણે યોગી ન થઈ શકીએ તો કાંઈ નહીં, યથાશક્તિ ઉપયોગી તો થઈએ, જે સેવાકાર્ય આપણે નથી કરી શકતા એની અનુમોદના કરીએ, એવા સુંદર ભાવો સાથે કાર્યક્રમનું સમાપન થયું!

સમાજ ઉત્થાનના સેવા યજ્ઞમાં આવો સહભાગી થઈએ!
તન, મન, ધનથી યથાશક્તિ આવો સહભાગી થઈએ!
હાથ લંબાવીએ જરૂરતમંદના સાથી સહભાગી થઈએ!
માનવતાના મંગલ કાર્યમાં સાથે મળી સહભાગી થઈએ!

❑ **રાજેશ પટેલ**
ફોન: ૯૩૨૧૩૩૧૦૮૩

# ભાવ-પ્રતિભાવ

(૧)

માનનીયશ્રી

સૌ પ્રથમ મારો લેખ 'મહાત્મા ગાંધીના સહયાત્રીઓ વિશેષાંક'માં પ્રકાશિત કરવા બદલ આપનો તથા શ્રી સોનલબેન પરીખનો ખૂબ ખૂબ આભાર. શ્રી વીરચંદ ગાંધીના પુત્ર મોહનભાઈના લગ્નમાં હાજર ન રહી શકવા બદલ મહાત્મા ગાંધીજીએ દિલગીરી વ્યક્ત કરતો પત્ર મોહનભાઈને લખ્યો હતો. આ વાત મેં લખી હતી પણ આ લેખમાં આપ કદાચ જગ્યાના અભાવે સમાવી શક્યા નથી. આ પત્ર એમના પ્રપૌત્ર પાસે હાલમાં છે. શ્રી વીરચંદ ગાંધીનું હસ્તલિખિત સાહિત્ય તેમજ તેમને મળેલા ચંદ્રકો તથા ચાંદીનો કાસ્કેટ શ્રી પન્નાલાલભાઈ શાહ તેમજ શ્રી કાંતિભાઈ કોરા હસ્તક શ્રી મહાવીર જૈન વિદ્યાલયને એમના મહુવાસ્થિત કુટુંબીજનોએ સોંપેલ, પણ મારા સંશોધન કાર્ય દરમિયાન તપાસ કરતાં માત્ર ચંદ્રકો તથા કાસ્કેટ મહાવીર જૈન વિદ્યાલય પાસે છે, એમ જાણવા મળેલ.

હું લગભગ છેલ્લા બાર વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'ની આજીવન સભ્ય છું. 'પ્રબુદ્ધ જીવન' નવા નવા ઉત્તમ વિષયોને લઈને વિશેષાંક પ્રકાશિત કરે છે જે અભિનંદનને પાત્ર છે. આ સાથે સંકળાયેલા સહુને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

□ **પ્રીતિ એન. શાહ**, અમદાવાદ

મો.: ૦૯૪૨૬૩૪૭૩૬૩

(૨)

'પ્રબુદ્ધ જીવન'ના જાન્યુઆરી-૨૦૧૬ના અંકમાં પ્રસિદ્ધ થયેલ રાજકોટના શ્રી બાવણીના પત્રમાં ઉલ્લેખ થયેલ બાબત અનુસંધાને જૈન સમાજ તથા ભાઈશ્રી બાવાણીની જાણકારી અર્થે અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

શાકાહારીપણું જૈન ધર્મનું LEGEND-પ્રતીક નથી, પ્રોટોકોલ છે. જૈન ધર્મનું ભાવનાત્મક પ્રતીક અહિંસા છે. અહિંસાના સમર્થનમાં જીવદયા જૈનોનો મૂળભૂત અભિગમ છે.

માંસાહારી કે શાકાહારી કોઈપણ જીજ્ઞાસુ જૈન ધર્મની સમજ પ્રાપ્ત કરી શકે છે. જૈન સમાજના ધાર્મિક કાર્યક્રમો, ઉત્સવોમાં સામેલ થવા માટે કોઈ પ્રતિબંધ નથી.

'જૈન' નામવાચક-સમૂહવાચક શબ્દ નથી, ભાવવાચક-ગુણવાચક છે. જૈન ધર્મ સામાન્ય રીતે વ્યક્તિગત આરાધના-સાધનાનો માર્ગ છે. Psychology ના સિદ્ધાંત અનુસાર જૈન ધર્મમાં પણ સામૂહિક આરાધનાની પદ્ધતિ રહેલી છે. જેનાથી સ્વીકૃત નિયંત્રણ અને શિસ્તબદ્ધતા જળવાઈ રહે છે.

અહિંસા જૈન ધર્મનો વ્યવહારિક અભિગમ છે, હઠાગ્રહ નહીં! શાકાહારી કંદમૂળના ઉપભોગથી અસંખ્ય જીવોની હિંસા થતી હોવાની બાબતને જૈન દર્શનનું સમર્થન છે. અનંત સુક્ષ્મ જીવો જેમાં રહેલ છે તે કંદમૂળનો ત્યાગ એ જૈન ધર્મની અહિંસાનો સચોટ અને સૂક્ષ્મ પર્યાય છે. તેમ છતાં કેટલાય જૈન કંદમૂળનો ઉપયોગ કરતા હશે! શુભચ્છા સહ...

□ **સતિષ શાહ**

૩૧, સમીપ-સી એપાર્ટમેન્ટ,૩, મારૂતિનગર,

એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ગુજરાત.

મોબાઈલ-૩૮૭૯૦૯૩૯૪૬

(૩)

ડૉ. સેજલ શાહના પ્રશ્ને, વાચકોને જૈનો વિષે વિચારતા કરી મુક્યા. 'પ્રબુદ્ધ જીવન' હજી જૈનોને સ્પર્શ્યું ના હોવાની છૂપી ફરિયાદ તેમાં છે. જો ધર્મમાં સમયને અનુરૂપ પરિવર્તન ના આવે તો તે ધર્મ, પુષ્પની પેઠે મૂરઝાવા માંડે અને અંતે ખરી પડે! કર્મ-કાંડ એ તો એક સાધન છે. સાધના તો સામાજિક આચાર, વિચાર અને વ્યવહારની કરવી રહી, અહિંસા તો અતિ સૂક્ષ્મ માનસિક વૃત્તિ છે. નરસિંહ મહેતા કહેતા, 'ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી' મહર્ષિ વ્યાસ જે કરોડો ગ્રંથમાં કહેવાયું છે, તેને અર્ધા શ્લોકમાં નિરૂપે છે. 'પરોપકારાય પુણ્યાય, પાપાય પરપીડનમ્' એમાં બધા ધર્મનો સાર આવી ગયો.

કોઈ એક જ ધર્મ કે સંપ્રદાયને શા માટે વળગી રહેવું? તેનાં કેન્દ્રમાં, આત્માનો વિકાસ અને વિસ્તાર રહેવા જોઇએ. જીવન દરમ્યાન આપણે જ આત્માને ઊંડો ઊતારીને, ઊંચે ચડાવવાનો રહે છે, કે જેથી તે દૂરનું જોઈ શકે. આપણાં વિશ્વમાં કેટલા બધા ધર્મો, સંપ્રદાયો છે, વળી તેમાંયે ફાંટા તો પડતાં જ રહ્યા. ધર્મમાંયે અંગ્રેજોની Divide & Ruleની Policy પ્રવેશતી ગઈ. શ્વેતાંબર અને દિગંબર, સ્થાનકવાસી અને દેરાવાસી, તેમ મુસ્લિમોમાં શિયા અને સુન્ની, ક્રિશ્ચિયનોમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ વગેર. બુદ્ધ અને જૈન ધર્મ પણ કેટલા નજીક હતા, છે, છતાં જૂદાં ફંટાયા! કરુણા અને અહિંસા તો સહોદર બહેનો ગણાય. સત્ય અને ત્યાગ, ઈસુ અને ગાંધીનાં એક થયાં. મહંમદ સાહેબે ઇસ્લામ એટલે શાંતિનો પ્રચાર કર્યો. તેમણે પાક્ એટલે પવિત્ર, તન, મન અને ધનથી થવા કહ્યું. કેટલા થયા? એ બીજો પ્રશ્ન છે. જેહાદ કે બળવો, તો જાત સાથે કરવો રહ્યો. આતંકવાદના મૂળ શોધીને દૂર કરવા રહ્યાં. કટ્ટરતા ના પોષાય.

□ **હરજીવન થાનકી**

સીતારામ નગર, પોરબંદર

(૪)

જય જિનેન્દ્ર. 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે. જૈન ધર્મના પ્રચાર-એવં સમજણ માટે ખૂબ જ ઉપયોગી માસિક છે.

અમારા મિત્ર મંડળ (જૈનબંધુ) ભારે આનંદથી વાંચન કરે છે.

સંતોનો જોગ હોય ત્યારે જૂના અંકો સંતોને વાંચવા માટે આપવામાં આવે છે.

અભ્યાસુ લેખ વાંચીને કંઈક પ્રાપ્ત કર્યું છે તેવી અનુભૂતિ થાય છે.

હું નિવૃત્ત કર્મચારી છું. ૭૯ વર્ષની ઉંમર છે. નિવૃત્તિ બાદ પાંજરાપોળ ગૌશાળામાં કારોબારી સભ્યના નાતે હંમેશાં કાર્યાલયમાં બે ત્રણ કલાક પત્ર-વહેવાર આદિ કાર્ય કરું છું. અને વર્ધમાન જૈન લાયબ્રેરીનું સંચાલન કરું છું. બધા ફિરકાના પુસ્તકો છે. ત્રણેક હજાર પુસ્તકો છે. ખાસ કરીને પૂ. સ્વ. ચંદ્રશેખર ગણી અને પૂ. આચાર્ય રત્નસૂરિજીના પુસ્તકો વિશેષ છે.

વિરતીદુત-મુક્તિદુત જ્ઞાન બીફોર યુ, શાંતિ સૌરભ-જૈન પ્રકાશ, જૈન ક્રાંતિ આદિ દસેક જેટલા સામયિક ભેટ સ્વરૂપે લાયબ્રેરી માટે મોકલે છે.

આપને પ્રથમ પત્ર લખું છું. સાથે ફારૂકભાઈના પત્ર અંગે સંક્ષિપ્ત નોંધ પત્ર સ્વરૂપે આ સાથે મોકલું છું.

આપના મંગલ કાર્ય માટે ધન્યવાદ સહ ભૂરિ ભૂરિ અનુમોદના.

□ **ડી. એમ. ગોંડલિયા,** ટ્રસ્ટી
સ્થા. જૈન સંઘ, અમરેલી

(૫)

અધિક વાંચું છું. પેડ ખજૂરીનુ, છાંયડો નહીં ને ફળ ઊંચે. અલબત્ત માસ્ટર કી માનવને મળી જાય એક રાજમાર્ગને ધ્યેયથી સમરસતા થાય. પછી એક નવો જન્મ, અવસ્થાથી પરોપકાર માટે જ ફરિસ્તો, સાધુવાદ જ હું લેખું છું. આ મારું વ્યક્તિગત ચિંતન છે.

આપનો લેખ ડિસે. ૧૫માં, છેલ્લે પાને 'પ્રબુદ્ધ જીવન'માંનો, Currency Notes માં બાપુ ગાંધીજીનું ચિત્ર કયાં બેરિસ્ટર ને સાદગીભર, આ જ પ્રયાણ છે.

કર્મનો સિદ્ધાંત આ જ છે. પણ ડાબો કે જમણો, વંચિત રહેવા જોઇએ. દાન પુણ્ય રાત ગઈ, બાત ગઈ. મારા જેવા ઇતર વાચકો, અન્ય ચિંતન કરનારા, આપને અભિનંદનને સો સો સલામ જ હો. ઐસી કરની કર ચલો.

આ મનુષ્ય જીવન જ દુર્લભ છે. ના વેડફાય, પછી કોણે જોયા ૮૪ લાખ યોનિના દેહો?!

ઇશારા હી કાફી હૈ.

ગમ્યું એટલે લખાય જ.

□ **દામોદર કુ. નાગર,** જુગનુ
મો.: ૯૭૨૩૪૪૯૦૯૨.

**મૂક જીવોપદેશ** **(અનુસંધાન પૃષ્ઠ ૧૦ થી ચાલુ)**

રમતા આત્મ-રમમાણ રહી પૂર્ણ, અનંત, અવ્યાબાધ સ્વસુખના સ્વામી બનો!

આ જ તો જીવવિચારના અભ્યાસનો મહાલાભ છે તથા અપેક્ષાએ વાચક ઉમાસ્વાતિજી પૂર્વધરના સૂત્ર ।।परस्परोपग्रह जीवानाम।।નો સંદેશ છે.

આ પ્રમાણે જીવો તો જીવાતા જીવનથી મૂક જીવન-સંદેશ વહેતો મૂકે છે, તેમ જે પંચમહાભૂત પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–આકાશ કે જેનાથી જીવોના જીવન છે; તે પાંચમહાભૂતો પણ પોતાના પાંચ ગુણોથી ગુણવિકાસ કરીને તે પંચમહાભૂતોના ચક્રના ચકરાવામાંથી છૂટી પરમસ્થિતિદાયી પંચમગતિ એવી સિદ્ધગતિને પામવાનો અદ્ભુત સંદેશ આપે છે કે...

પૃથ્વી જેવા ધીર, સ્થિર, અડગ, આધારભૂત, સહનશીલ, ઉપજાઉ (ફળદ્રુપ) પરોપકારી થાઓ!

જલ જેવા પ્રવાહી, તરંગીત, શીતલતાદાયી, પવિત્ર રહી પવિત્ર કરનારા થાઓ!

અગ્નિ જેવા તપનારા, તાપનારા, પકવનારા, હૂંફ આપનારા, પ્રકાશનારા થાઓ!

વાયુ જેવા ગતિશીલ, કાર્યશીલ, ઠરનાર ને ઠારનાર થાઓ!

આકાશ જેવા નિર્લેપ, નિ:સંગ, નિરાકાર, સરળ, વ્યાપક, સહુને સમાવનાર સર્વાધાર થાઓ!

સહુ કોઈ મતિમાન ભવ્યાત્માઓ આ સંદેશ ઝીલી સ્વધામ સ્થિત થઈ શાશ્વત સ્વસુખના સ્વામી બની રહો એવી અભ્યર્થના!✷✷✷

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ (પ.),
મુંબઈ-૪૦૦૦૬૪. ફોન : ૦૨૨-૨૮૦૬૭૭૮૭.

## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  --Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**
**સંપર્ક : હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**
વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.
**–મેનેજર**

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **ઉત્તરાધ્યયનસૂત્ર પ્રભુ મહાવીરની અંતિમ દેશના**
લેખક : યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિ મ.સા.
પ્રકાશન : ગોંડલ સંપ્રદાયના પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા. પાંચમી આવૃત્તિ
પ્રાપ્તિસ્થાન : (૧) ઈન્દ્રપ્રસ્થનગર સ્થા. જૈન સંઘ ન્યૂ હાઉસિંગ બોર્ડ, હેમુ ગઢવી હૉલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૧. ફોન : (૦૨૮૧) ૨૨૨૪૭૨ મો. : ૦૯૩૨૨૮૯૦૩૦૦૦.
(૨) આશાબેન ઉદાણી, ચેમ્બૂર-મુંબઈ- મોબાઈલ : ૦૯૩૨૩૪૨૨૧૫
મૂલ્ય-રૂા. ૪૦/-, પાના-૨૮૮, આવૃત્તિ- પાંચમી, ઈ. સ. ૨૦૧૧.

આ પુસ્તકમાં ગોંડલ સંપ્રદાયના બહુમુખી પ્રતિભાવંત, યુવાપ્રણેતા બા.બ્ર.પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.એ મૂળપાઠ અને અર્થને સરળ રીતે સંસ્કારિત કરી આપ્યા છે. મોક્ષમાં પધારતાં પહેલાં છેલ્લા ૧૬ પ્રહર એકધારી વાણીના ધોધથી લોકોના દિલ ભીંજવ્યા, એ વાણીનો સંગ્રહ અને એનું નામ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' – શ્રુતનો અણમોલ નિધિ અને શ્રેષ્ઠ આગમ 'મૂળસૂત્ર' છે.

અર્ધમાગધીની ભાષાનો મૂળપાઠ ન સમજાય તો પણ અર્થ વાંચવાથી તન, મન, જીવન પાવન બન્યા વિના રહેશે નહિ. ગુજરાતી અર્થનું વાંચન ગમે ત્યારે કરી શકાય છે, જે ક્ષણભંગુર મનુષ્ય ભવમાં દીવાદાંડીરૂપ બને છે. અમુક અધ્યયનો કંઠસ્થ કરી સ્વાધ્યાય કરવાથી જીવન ધન્ય બની જશે. ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવાથી ૧ ઉપવાસનું ફળ મળે છે.

શ્રી મહાવીર પ્રભુની અંતિમ દેશના-માનવ જીવનનો આધાર મીઠા મીઠા વચનો જેમાં સંગ્રહિત છે એવા 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના સ્વાધ્યાયથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને પ્રબુદ્ધ બને છે. એવા આ પૂજ્યશ્રીએ સંકલિત કરેલ પુસ્તકમાં ૩૬ પ્રકરણોનું વાંચન, અધ્યયન માનવ જીવનને ધન્ય બનાવે છે. પ્રારંભમાં આપેલ સંક્ષિપ્ત કાવ્યમય વિભાગીકરણ ગ્રંથનો પરિચય અને કથાઓનો પરિચય કરાવે છે. પ્રભુની અંતિમ દેશના માનવ જીવનને સાર્થક કરે તેવી છે.

x x x

પુસ્તકનું નામ : **સુભાષિત સૌરભ**
લેખક : કુલીનચંદ્ર પો. યાજ્ઞિક
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ઉલ્લાસ મનુભાઈ શાહ, ૨૦૨, તિલકરાજ બિલ્ડીંગ, પંચવટી પહેલી લેન, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૬૪૨૭૯.
મૂલ્ય-રૂા. ૩૦૦/-, પાના-૧૦+૧૯૮=૨૦૮, આવૃત્તિ : પ્રથમ-૨૦૧૫.

સુભાષિત એ સંસ્કૃત સાહિત્યનું આગવું અંગ છે. સુભાષિતોની ઉપયોગિતા માણસના જીવનને સમૃદ્ધ બનાવવામાં રહેલી છે. સામાન્ય રીતે સુભાષિત એક જ શ્લોકમાં એક આખો વિચાર સમાવી લે છે. તેથી જ તે એક શ્લોકની કવિતા જેવું ભૌતિક બની જાય છે.

સુભાષિતોના આ સંગ્રહમાં અનુક્રમણિકા પ્રમાણે વિષયોમાં વર્ગીકરણ કરીને મૂકવામાં આવ્યા છે. દરેક પ્રકરણમાં નાના મોટા છંદો ગોઠવ્યા છે અને દરેક છંદના શ્લોકોમાં પ્રથમાક્ષરના અકારાદિ ક્રમ મુજબ આપવામાં આવ્યા છે. દરેક શ્લોકની સાથે તેનો અન્વય અને દરેક શબ્દનો અર્થ આપ્યો છે. જેથી વધારે સારી રીતે સમજી શકાય. દરેક શ્લોકની સાથે સમશ્લોકી ભાષાંતર આપ્યું છે. સમશ્લોકી અનુવાદ મૂળ શ્લોકને શક્ય તેટલો વફાદાર રાખવાનો પ્રયત્ન કર્યો છે.

સાથે સાથે સુભાષિતોને સામાન્ય વિષયો અને પ્રકારોના વિભાગમાં રજૂ કર્યા છે. સુભાષિતોના પ્રકારમાં અપાર વૈવિધ્ય છે. અનેક છંદો, વિષયો, રસો, અલંકારો, વ્યવહારુ વાતો, ઉપરાંત સમસ્યા, ચમત્કૃતિ, ચાતુરી, પાદપૂર્તિ જેવા પ્રયોગો ને વૈવિધ્યથી આ સાહિત્ય સભર છે. એકથી વધારે ખૂબીઓ એક જ સુભાષિતમાં વણાઈ ગઈ હોય છે. તે સિવાય ચિત્રકાવ્યોનો પ્રકાર પણ છે. હાસ્ય, પ્રશસ્તિ, ચાતુરી અને કૌતુક વગેરે પણ આ પુસ્તકના શ્લોકોમાં ભર્યા છે.

જિંદગીની સફરમાં અનેક શંકાઓ અને મૂંઝવણો પજવતા હોય છે. આવી અનેક મૂંઝવણોના ઉકેલ આ પુસ્તકમાં સમાવિષ્ટ સુભાષિતોમાં મળે છે. તે ઉપરાંત હાસ્ય, બુદ્ધિચાતુરી, ભાષાની સજ્જતા અને જીવનમૂલ્યોની સુગંધ પણ આ સુભાષિતોમાં મળે છે. જિજ્ઞાસુઓને રસ પડે એવી રોચક શૈલીમાં સુભાષિતોનો ખજાનો લેખકે ખુલ્લો મૂક્યો છે.

x x x


## પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | :માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | :શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| ૪. પ્રકાશકનું નામ | :શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામુ: | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | :શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | :ભારતીય |
| સરનામું | :રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | :શ્રી મુંબઈ જૈન યુવક સંઘ :૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૬ ❑ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

પુસ્તકનું નામ : **જૈન ધર્મ અહો અહો આશ્ચર્યમ્**
સંકલન-આલેખન : સુબોધભાઈ બી. શાહ
પ્રકાશક : સુબોધભાઈ બી. શાહ
૩૦૧, આંગી ફ્લેટ, નવા વિકાસ ગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
કિંમત-અમૂલ્ય, પાના-૧૨૦, આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૫.

જૈન ધર્મમાં ત્યાગ, તપ અને ક્રિયાને પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. જૈન ધર્મમાં તપનો મહિમા અપરંપાર છે. પ્રાચીન ગ્રંથોમાં પણ કેટલીય મનની તપશ્ચર્યાઓ રોજીંદા જીવનમાં વણી લેવામાં આવી છે. તપશ્ચર્યા નિકાચીત કર્મનો ક્ષય કરવા શક્તિમાન છે. પછી તે આ ભવનાં હોય કે પૂર્વ ભવનાં હોય. અને માનવજન્મનો હેતુ ફરીથી જન્મ ન લેવો પડે એ હોય છે. જે તપશ્ચર્યા દ્વારા સિદ્ધ થાય છે. જૈન ધર્મ સાગર જેટલો વિશાળ અને ઊંડાણવાળો છે. તે સાગરમાં અનેક સિદ્ધાંતો રૂપી રત્નો ભરેલાં છે તેમાં તપશ્ચર્યા એક અમૂલ્ય રત્ન છે.

શરૂઆતના પાનાઓમાં તપશ્ચર્યાના વિભાગો તથા ઝીણવટપૂર્વકનું વર્ણન આપવામાં આવ્યું છે જે સામાન્ય માણસ જૈન હોય કે અજૈન હોય એવી ભાષામાં આપવામાં આવ્યું છે.

માનવ જીવનનું ચણતર ધર્મના પાયા પર જ નિર્ભર છે. માનવ જીવનનું તેજ ધર્માચરણ છે. જો માનવ જીવનમાંથી તેજ વિલીન થઈ ગયું તો તેની કોઈ કિંમત નથી. દાન, શીલ, તપ અને ભાવ તે ધર્મના ચાર સ્થંભો છે. નિકાચિત કર્મના ક્ષય માટે તપશ્ચર્યા એક અમોઘ શસ્ત્ર છે. માટે કોઈ પણ જાતની સાંસારિક સ્પૃહા રાખ્યા વગર મનુષ્યે વિવિધ પ્રકારના તપનું આચરણ કરવું જોઇએ.

આ પુસ્તક તપશ્ચર્યા વિશે સંક્ષિપ્તમાં મહત્ત્વનું જ્ઞાન આપે છે.

x x x

પુસ્તકનું નામ : **વો જબ યાદ આયે**
લેખક : ડંકેશ ઓઝા
પ્રકાશક : ગુર્જર ગ્રંથ કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૨૧૪૬૬૩.
કિંમત-૧૪૦/-, પાના-૧૦+૧૫૦=૧૬૦.
આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૫.

વ્યક્તિવિષયક લેખો માટે ક્યારેક શબ્દચિત્ર, રેખાચિત્ર અને જીવનચરિત્ર જેવા શબ્દો વપરાય છે. આ પુસ્તકમાં આ પ્રકારના લેખો છે જેમાં ઘણું વૈવિધ્ય છે. કેટલાંક લેખો પૂરા કદના છે તો કેટલાંક લેખો ટૂંકા છે. પરંતુ વ્યક્તિત્વ ઉપસાવવાનો આશય સફળ થયો છે. જેમનો પરિચય ન હોય છતાં જેમના વિશે લેખો લખાયા છે. એવા લેખોમાં એ.બી. શાહ, ખુશવંતસિંહ કે નીરદબાબુને ગણાવી શકાય. જાહેર જીવનના ઈન્દુલાલ યાજ્ઞિક, મોરારજી દેસાઈ, રવિશંકર મહારાજ, ડૉ. આંબેડકર, બબલભાઈ મહેતા વગેરે ગણાવી શકાય. જેમાંથી લેખકના વ્યક્તિત્વનો અંદાજ વાચકને મળે છે. કેટલાંક લેખો સમીક્ષાલેખ જેવા છે. જેમાં બાબુભાઈ ઢેબરિયા, જુવાનસિંહ જાડેજા કે પુ. ગ. માળગાંવકર વગેરે છે.

લેખકના મનોજગત પર જે વ્યક્તિત્વોની અસર થઈ હોય અને માનસપટ પર કાયમી રીતે છવાઈ ગયા હોય તેવી વ્યક્તિઓની આભા અહીં શબ્દસ્થ થઈ છે. અહીં જે વ્યક્તિઓ વિશે લખાયું છે તેઓ માણસની ભીડના 'ખાસ' ગણના હોઇએ તેના વિષે લખાયું છે. તેથી એ બધાં વ્યક્તિત્વો લેખકની નાગરિક સંવેદનાનો અને સમજનો વિસ્તાર કરનારા પુરવાર થયાં છે. લેખકે હિન્દી ફિલ્મ ગીતોનો ઉપયોગ-એની કેટલીક પંક્તિઓ પુસ્તકના શીર્ષક અને પ્રસ્તાવના માટે ઉપયોગમાં લીધાં છે. બીજી રીતે કહીએ તો આ પુસ્તકમાં સાંપ્રત સમયની અને જાહેર જીવનની વીસરાતી જતી વ્યક્તિઓ સાથેનો જાહેર પ્રેમાલાપ છે અને આદરભાવ છે.

મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓનો પરિચય વાચકને ગૌરવ અને પ્રેરણાનું રસપાન કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : **યુગ પુરુષ આંબેડકર**
લેખક : રાજેન્દ્ર મોહન ભટનાગર
અનુવાદ : છાયા ત્રિવેદી
પ્રકાશક-ગુર્જર પ્રકાશન, ઉલ્લાસ મનુભાઈ શાહ, ૨૦૨, તિલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૨૬૫૬૪૨૭૯.
કિંમત-૫૦૦/-, પાના-૧૦+૪૯૦, આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૫.

આંબેડકર સાહેબની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે આ પુસ્તક ગુજરાતી વાચકો સુધી પહોંચી રહ્યું છે. આ પુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકરને ચારિત્રનાયક સ્વરૂપે વ્યક્ત કરે છે. ડૉ. રાજેન્દ્રમોહન ભટનાગર, લિખિત આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ છાયા ત્રિવેદીએ સરસ કર્યો છે. ગુજરાતી ભાષાનું જ સર્જન લાગે તેવી કલાત્મકતા તેમણે રાખી છે. ગુજરાતી વાચકો માટે આ નવલકથા દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકર એક વિરલ ચરિત્રનાયક તરીકે સ્મરણીય બની રહેશે.

ડૉ. ભીમરાવ આંબેડકરના જીવનની સત્ય ઘટનાઓ ઉપર આધારિત આ એક નવલકથા છે. બાબાસાહેબે આખું જીવન સમાજના ઉપેક્ષિત એવા દલિત વર્ગના ઉદ્ધાર માટે સમર્પિત કર્યું અને ભેદભાવ દૂર કરવા અને સંવાદી સમાજની રચના કરવા માટે તેઓ સંઘર્ષ રત રહ્યા. તે ઉપરાંત તેઓ સામાજિક અને ધાર્મિક અસમાનતાઓ સામે અહિંસક લડત આજીવન લડતા રહ્યા. આંબેડકર બૌદ્ધ ધર્મ અંગીકાર કરે છે તેનું લેખકે સચોટ વર્ણન કર્યું છે. સન્માન અને સ્વાભિમાનથી જીવવાના માણસ તરીકેના અધિકારો માટે સંઘર્ષો કર્યા અને દેશની આઝાદી તથા દલિત વર્ગની આઝાદી માટે લડ્યા તેનું આલેખન લેખકે કર્યું છે.

ડૉ. આંબેડકરે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડ્યું, એ બંધારણની પ્રક્રિયા, તે વખતનું મનોમંથન અને અન્ય લોકોને વ્યવહાર વગેરે પાસાંઓને શ્રી રાજેન્દ્ર મોહને સુપેરે વ્યક્ત કર્યા છે.

વાચકોને આ પુસ્તકમાંથી ડૉ. ભીમરાવ આંબેકરના જીવન અને કવન વિશે રસપ્રદ માહિતી પ્રાપ્ત થશે.

x x x

પુસ્તકનું નામ : **રંગ વિમર્શ**
લેખક : ભરત દવે
પ્રકાશક-સંસ્કાર સાહિત્ય મંદિર, S.N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૩૦૪૨૫૯.
કિંમત-૨૫૦/-, પાના-૮+૨૪૦.
આવૃત્તિ : પહેલી, ૨૦૧૫.

અન્ય કલાઓના મુકાબલે નાટક એક ગંભીર અને શિસ્તબદ્ધ કલા છે. આ પુસ્તકમાં સમાવાયેલા તમામ વ્યાખ્યાનો અને લેખો નાટકની ગૌરવશાળી પરંપરા ચાલુ રાખવાની દિશામાં આપવામાં આવ્યા છે. વ્યાખ્યાનો અલગ-અલગ વર્ષોમાં અલગ અલગ શ્રોતાજૂથો સમક્ષ અપાયા હોવાથી તેમાં સ્વાભાવિક રીતે જ પરસ્પર જોડાણ કે સાતત્ય ન હોય પરંતુ વિષયનું વૈવિધ્ય જાળવી રાખવામાં આવ્યું છે. સાથે સાથે આ વ્યાખ્યાનોમાં દૃષ્ટાંતો અને કથનો એક જ હોવા છતાં જુદા જુદા સંદર્ભમાં પ્રયોજાયેલા

હોવાથી પુનરાવર્તન ટાળી શકાયું નથી.

આ પુસ્તકમાં અપાયેલા બાર પ્રકરણોમાં લેખકે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં આલેખેલ ગુજરાતી રંગભૂમિનું અવલોકન સૂક્ષ્મ અને અત્યંત રસપ્રદ બન્યું છે. સાથે સાથે ગુજરાતી એકાંકીનો વિકાસ, ગુજરાતી ભાષામાં લખાયેલા એકાંકીઓનું વાસ્તવિક અને સૌથી વધારે ખેડાયેલ પ્રકાર તરીકે રજૂ થયું છે. 'મહાન નટોની દૃષ્ટિએ અભિનયકલા'માં શેક્સપિયર, મહાન બ્રિટિશ નટ ઓલિવર લોરેન્સ, જર્મનીના બર્ટોલ્ટ બ્રેખ્તે સ્ટાનિસ્લાવસ્કી, ઈલિયા કઝાન વગેરેના નાટક અને પ્રેક્ષકો વિષયક મંતવ્યો રસપ્રદ રીતે રજૂ થયાં છે અને અભિનય એ માનવ સંસ્કૃતિનો પ્રાચીનમાં પ્રાચીનતમ વ્યવસાય છે તે સાબિત કરી બતાવ્યું છે. 'મારી રંગયાત્રા'માં ભરત દવે પોતાની વ્યક્તિગત અનુભૂતિને કલાત્મક રીતે નાટકીય ઢબે આલેખે છે.

આ રીતે ભરત દવેનું આ પુસ્તક રંગ વિમર્શ ગુજરાતી રંગભૂમિમાં નવોન્મેષની આશા પ્રકટ કરે છે.

x x x

પુસ્તકનું નામ :
The Jaina Stupa at Mathura Art & Icons
લેખક : ડૉ. રેણુકા જે. પોરવાલ
પ્રકાશક-પ્રાચ્ય વિદ્યાપીઠ, શાઝાપુર (એમ.પી.) કુપદ રોડ. ફોન નં. (૦૭૩૬૪) ૨૨૨૨૧૮.
પ્રાપ્તિસ્થાન : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મોહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. : ૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય-૯૦૦/-, પાના-૩૦૪.
આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૬.

ડૉ. રેણુકાબહેન પોરવાલે મથુરાના જૈન પુરાતત્ત્વમાં અધ્યયન પર મહાનિબંધ લખીને ઐતિહાસિક અનુસંધાન કર્યું છે. મથુરાના સ્તૂપ વિશેના લેખોમાં જૈન શ્વેતાંબર પરંપરાના મુનિગણ-વાચકવેશના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શિલ્પ અને અભિલેખો દ્વારા તત્કાલીન પ્રવાહોની જાણકારી મળે છે. ડૉ. રેણુકાબહેને આ મહાનિબંધમાં તેની વિસ્તારપૂર્વક છણાવટ કરી છે. તેમણે કરેલ અધ્યયન સમ્પ્રદાય નિરપેક્ષ છે.

સાત પ્રકરણમાં વિસ્તરેલ આ ગ્રંથમાં જૈન સ્તૂપના ચિત્રો સાથે સંશોધનાત્મક અને સર્જનાત્મક માહિતી આપી છે. જૈન સ્તૂપની માહિતી ઉપરાંત અન્ય શિલ્પ સ્થાપત્યથી આ ગ્રંથ વધારે સમૃદ્ધ બન્યો છે. તે ઉપરાંત શિલાલેખો અને અંગ્રેજી ભાષામાં એનો અનુવાદ વાચકને અત્યંત મદદરૂપ થાય એમ છે.

ડૉ. રેણુકબહેને આ સંશોધન કાર્ય પાછળ કરેલો અથાક પરિશ્રમ ધન્યવાદને પાત્ર છે. તેમણે જ્ઞાન ભંડારોની મુલાકાતો લઈ શિલ્પ સ્થાપત્યનો અભ્યાસ કર્યો અને આ ગ્રંથ પ્રાપ્ત થયો. શબ્દ અને શિલ્પથી જ જગતના ધર્મો અને સંસ્કૃતિ જીવંત રહે છે. શબ્દ દ્વારા શિલ્પના અભ્યાસથી ધર્મ અને સંસ્કૃતિના વિકાસની માહિતી મળે છે અને તેમાં થયેલ પરિવર્તનનો પરિચય આપણને થાય છે.

જ્ઞાનવર્ધક એવા આ ગ્રંથ દ્વારા શિલ્પ વિશેની સૂક્ષ્મ માહિતી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ અને ગ્રંથના કર્તા રેણુકબહેન અઢળક અભિનંદનને પાત્ર છે.

x x x

**સાભાર સ્વીકાર**

પુસ્તકનું નામ : **'જિંદગી ના મિલેગી દોબારા'**
લેખક-**રોહિત શાહ**,
પ્રકાશક-ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. મૂલ્ય-રૂા. ૧૫૦/-

x x x

પુસ્તકનું નામ : જ્વનિકા
લેખક-બિપિન ધોળકિયા
પ્રકાશક-હર્ષ પ્રકાશન, ૪૦૩, ઓમદર્શન ફ્લેટસ, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મૂલ્ય-રૂા. ૧૫૦/-

x x x

પુસ્તકનું નામ : **'મૈં બમ્બઈ કા બાબુ'**
લેખક-મુનિ વિદ્યાનંદ વિજય
પ્રકાશક-એન.એમ. ઠક્કરની કુંપની. ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨. ફોન નં. : ૨૨૦૧૦૬૩૩.

x x x

પુસ્તકનું નામ :
(૧) હૃદયરોગને ઓળખો અને અટકાવો
(૨) હૃદયરોગમાં તનાવ અને તનાવ પ્રબંધ
(૩) હૃદયરોગ અને આહાર
(૪) હૃદયરોગ અને વારંવાર પૂછાતા પ્રશ્નો
(૫) હૃદયરોગ અને યુનિવર્સલ હીલિંગ કાર્યક્રમ
(૬) હૃદયરોગમાં શવાસન અને ધ્યાન
(૭) હૃદયરોગમાં વિજ્ઞાન અને અધ્યાત્મ

આ સાત પુસ્તકોના લેખક અને સંપાદક નીચે પ્રમાણે છે.

લેખક-ડૉ. રમેશ આઈ. કાપડિયા
સંપાદન-રમેશ સંઘવી

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## પંથે પંથે પાથેય (અનુ. પૃષ્ઠ છેલ્લાનું ચાલુ)

થઈ ગયા તેની ખબર જ ન રહી. છેલ્લે દિવસ અમને વાંઢના એક પરિવારના ઘરે ભોજનનું આમંત્રણ મળ્યું અને અમે પહોંચ્યા ભીખાના ઘરે. આ વાંઢ એટલે દસથી પંદર મકાનોની એક સોસાયટી જ!

પણ આમને મકાનો કેમ કહેવા? અરે! ઝૂંપડા પણ ન કહેવાય. કચ્છમાં તેને ભુંગુ કહેવાય. અમે જ્યારે એ ભીખાના ઘરે પહોંચ્યા ત્યારે અમે શરમાઈ ગયા, કારણ કે અમારું સ્વાગત એવી રીતે કરવામાં આવ્યું હતું જાણ શબરીની ઝૂંપડીએ રામ પધાર્યા હોય! હા,...હા,... લગભગ અડધો કિ.મિ. દૂરથી જ અમારું સ્વાગત કરવામાં આવ્યું. અમારા હાથ પગ ધોવડાવ્યાં, બાજોઠ પાથર્યા અને તેની ઉપર સરસ કચ્છી ભરત ભરેલું કપડું પાથરવામાં આવ્યું. પછી આ બાજોઠ ઉપર અમારા ભોજનની થાળી આવી ત્યારે ખૂબ જ આશ્ચર્ય પામી ગયા, કારણ કે અમને એમ હતું કે આવા વગડામાં જમવાનું તે વળી કેવું હશે? પણ મારાથી બોલાઈ ગયું કે મહેમાનગતિ તો કચ્છની જ. ભલે માણસ ગમે તેવા ઝૂંપડામાં રહેતા હોય, પણ મહેમાન તો જાણે ભગવાન જ. અમારી થાળીમાં ભોજન પીરસાણા. વગડામાં પણ માલપૂડા ચોખ્ખા ઘીથી ભરેલી તાંસળી, તળેલા મરચા અને દાળનું શાક. આમ તો આપણને ગઈકાલે શું જમ્યા હતા તે પણ યાદ નથી રહેતું, પણ મને તો તે ભીખલાના ઘરે છ વરસ પહેલાં ભરેલા ભાણે જમ્યો તે થાળીની દરેક વાનગી આજે પણ યાદ આવે છે. કારણ કે આ થાળીમાં ભગવાનને ધરાવવામાં આવતા ભોગનો ભાવ પણ પીરસેલો હતો અને એ ભાવ આ ગરીબના થીંગડા વીંટેલા ઘરમાં જ જોવા મળે હો!

✷ ✷ ✷

વિશ્વનીડમ્, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે,
પોસ્ટ મુંજકા. પીન ૩૬૦ ૦૦૫.
જિલ્લો રાજકોટ. મોબાઈલ : ૦૯૪૨૭૭૨૮૯૧૪

# એક યુગને અલવિદા...

શાસ્ત્રમાં કહેવાયેલ બોધ લખવા બોલવા માટે કદાચિત સરળ હોઈ શકે છે, પણ સ્વીકારવા માટે હંમેશાં કઠીન. કોઈ એક વ્યક્તિના આ દુનિયામાં ન રહેવાથી એની સાથે સંકળાયેલ દરેક વ્યક્તિમાં કશુંક મૃત્યુ પામતું હોય છે. ધનવંતભાઈ નામ પ્રમાણો ધનવંત–ગુણોમાં, શબ્દમાં, સમજમાં, મિત્રતામાં, વ્યક્તિત્વમાં ધની. એમના ગુણો વિશે બધા જ જાણે છે, પણ એમની જિંદગીમાં મને વિશેષ જગ્યા આપીને મને, મને મારા વિચારોને પ્રોત્સાહિત કરી, મોકળા મને વહેવાનો માર્ગ આપ્યો.

કોઈ જાતના ફેરફાર વગર મને સ્વીકારીને મારા પોતા ઉપર વિશ્વાસ દૃઢ કરાવ્યો. મારી આવડત સાથે મારી ઓળખ કરાવી. બિનશરતી પ્રેમ, શુદ્ધ પ્રેમથી મને આત્મ-સન્માન અને આત્મ-વિશ્વાસથી છલકાવી દીધી. પપ્પાના મિત્ર તરીકે તમને મળી પણ ક્યારે મારા મિત્ર બની ગયા ખબર ન રહી. દીકરી, સખી, પ્રિયજન, મિત્ર, હું કોણ હતી? ધનવંત, ધન્નો, ડી.બી. તમે કોણ હતા? દરરોજ સવારે તમારો ગુડમોર્નિંગનો મેસેજ મને નિરર્થક લાગતો. ઓછામાં ઓછાં એક આમંત્રણ વગર એક અઠવાડિયું પણ નહિ જતું અને વર્ષમાં હું બેએક આમંત્રણનો સ્વીકાર કરું. પણ એ પ્રસંગોમાં હું આવું ત્યારે મારા બધા જ અસ્વીકારને તમે ભૂલી જતાં. દર મહિને 'પ્રબુદ્ધ જીવન'ના લેખ માટે છેલ્લા દિવસ સુધી ઉચાટમાં રહીને, ઉઘરાણી કરીને છેલ્લે વખાણથી મારા બધા વાંક ધોઈ નાખતા. ઉંમરના બાધ વગર હું તમને લાડથી તુકારોયે કરતી. હક્કથી ગુસ્સે પણ થતી. લડતી, ઝગડતી, વિશ્વના કોઈ પણ વિષય ઉપર ચર્ચા કરતી. હવે તમે નથી, ધનવંતભાઈ હવે નથી.

ધર્મની સમજ આપનાર, અગવડોને અવગણીને જવાબદારી નિભાવનાર પ્રબુદ્ધ વ્યક્તિ કે સાહિત્યકાર તરીકે કે સેવા ધર્મને નવી સમજ આપનાર માનવી તરીકે આપણે બધાય એમની ખોટ અનુભવશું.

પણ હું?

મારામાં વિશ્વાસ મૂકનાર, મને અમાપ પ્રેમ કરનાર વ્યક્તિના જવાથી મારી વિશેષતા મને કોણ જણાવશે? હું પાછી સાધારણ થઈ ગઈ.

સાવ હવાના અસ્તિત્વની માફક શ્વાસમાં જ રહ્યા, અને એટલા જ ઉપેક્ષિત.

કાશ દરેક શ્વાસ જાગૃત પણે લીધો હોત!!

## *FAREWELL TO AN ERA...*

Dearest DB,

Today is Deadline Day. D day ... Article day - you should have been calling me constantly and saying - 'Jawahar bhai na blood pressure no vichar kar ane please jaldi article mokal.'

Dhanvant bhai you are gone, finito -- a story over. And what happened since Sunday eight thirty when Reeti called and said 'Reshma, pappa gaya.'

Five days and entire nights, I am filled with a hundred different things you have told me, our innumerable arguments, your insistentness, my reluctantness, your expressions for me, your wishes of me, your smiles and your frowns, your words of endearment and your list of expectations of me but the greatest happening in my experience of mourning for you is that you made me realise something extremely vital about human dynamics .

Till now I had lost people I had loved deeply - Anil bhai, Suman bhai, Neela Ba, the void and pain unbearable, the feelings of loss all permeating but this was the first time I had lost someone who loved me and that was a completely new experience for me. I had taken you, your unconditional affection, your unflinching faith in me for granted. You had given me a sense of entitlement over you, a feeling I rarely had for anyone in my life, I flowered with you and did not even know that till you were gone.

One of the best three days of my life were when you made me compere The Jain Yuvak Sangh programme for Pujya Gurudev Rakesh bhai Jhaveri, my Master's discourse and when I recall that now I am amazed at how smoothly it all went because you gave me a complete free reign. You gave a complete amateur a total free reign DB, made everything as per my suggestions, sanctioned all my budgets, all the aspects where I thought should be done differently and you made it all happen to me, for me. You put in me the confidence which even I didn't have in me. It helped me discover me, it helped me grow.

I am Plain Jane – it was your eyes that made the difference. For you I was the best writer, best singer, best organiser, best in everything. You could see a vast potential in me and you stood for me, your

confidence made me overcome my inhibitions and blocks.

So here I am now sunk into a deep sense of loss and feeling lost and you are not there to cheer me up. I have to go back to being ordinary again.

Wish you God speed DB – your soul has already progressed to another bhav and may you progress quickly towards liberation.

Reshma Jain
The Narrators
Email : reshma.jain7@gmail.com

## MUSHAK VIHAR

☐ Gujarati : **Aacharya Muni Shri Vatsalyadeepji** ● Translation : **Pushpa Parikh**

**SHRAVAK KATHA**

This is a story about one philanthropic king Kumarpal.

In his youth he was very much fond of wandering and visiting different places. After visiting many places and being tired he once chose a nice big tree and thought of resiting under it. Somehow he fell asleep.

When he woke up he was surprised to see one rat coming out of his hole with one silver coin in his mouth. He was very much engrossed in watching that rat's behaviour. That rat used to keep the coin at one place and bring another coin. This action of him was repeated many times. After bringing 21 coins the rat sat & danced over the heap of coins. Then after some time the rat took some of the coins one by one. In the meantime Kumarpal collected the remaining coins. When the rat came out he was very much upset as all his coins had disappeared. Kumarpal could make out that the rat who had no use of the coins was also upset because of the loss of his coins.

After many years when Kumarpal became a king and had 18 states under him, one day he was reminded of the rat's incident and the condition of rat because of the loss of coins. He had seen the rat in a very bad state and who was on the verge of dying.

That moment only he decided to get constructed a Jain temple in the memory of that rat. When the temple was ready he gave it the name `Mushak Vihar' (Rat Vihar). ✷ ✷ ✷

Pushpa Parikh, Kenway House, 6/B, 1st Floor,
V. A. Patel Marg, Mumbai-400 004. Tele. : 23873611.

## આ ધર્મ ! (અનુસંધાન પૃષ્ટ ૨૧ થી ચાલુ)

કરનાર ગુરુઓ કેટલા? આંગળીને વેઢે ગણાય એટલા પણ નહીં. શીલ ને પ્રજ્ઞાથી વિભૂષિત આપણા ઋષિ-મુનિઓ ને મનિષિઓએ આપણને હજારો વર્ષના તપને અંતે પ્રાપ્ત કરેલ બ્રહ્મનો પારસમણિ વારસામાં આપ્યો છે...પણ બ્રહ્મને ભ્રમ સમજી આપણે પારસમણિને વાટકે ભીખ માગવા નીકળ્યા છીએ! જીવ, જગત ને જગન્નાથનું તાત્ત્વિક રહસ્ય સમજાવતા આપણાં શંકર, રામાનુજ, માધ, ચૈતન્ય, રામાનંદ, કબીર, નાનક જેવા આચાર્યો ને સંતોને આપણે વિસરી ગયા છીએ. ગોકુળ-મથુરા, દ્વારિકા ને ડાકોરમાં જે ઉત્સવો ઉજવાય છે ને તેમાં ભાગ લેતી જનતાને જોઈએ છીએ ત્યારે લાગે છે કે ઓહ ! આપણે કેટલા બધા ધાર્મિક બની ગયા છીએ? પણ ધર્મનો એ નશો ઉતરી જાય છે ને સંસારના વ્યવહારમાં પડ્યા બાદ જે પ્રપંચો આદરીએ છીએ ત્યારે જ આપણને સમજાય છે કે એ કેવળ બાહ્ય રંગરોગાન જ હતું. ક્ષણિક ઉભરો હતો. આપણા પ્રાણનો એ સ્થાયી ભાવ નહોતો. વ્યભિચારી ચંચળ ચાળો હતો. વ્યવહારમાં જે ઉતરે નહીં, પ્રતિષ્ઠિત થાય નહીં તે ધર્મ નથી પણ કેવળ પોથીમાંનાં રીંગણાં જ છે જે વઘારીને ખવાતાં પણ નથી! કુંભ-મેળામાં લાખોની મેદની જામે છે. એમાંય અસલી ને કૃતક સંતો-ભક્તો હશે પણ મેરા ભારત મહાનની સો કરોડની વસ્તીમાંથી કેવળ એક જ ટકો-જો સાચા સંતો-સાધુઓ-સંન્યાસીઓ ને સંસારીઓ મળી રહે તો ભયોભયો થઈ જાય!...પણ સડાચારને સદાચાર માનવા લાગેલી ગુમરાહ જનતાને કોઈ ધર્મનેતા ક્યારે મળવાનો? લોકસભાની કાર્યવાહી જોતાં રાજકારણી સુધરે તેમાં લાગતું નથી અને ધર્મ જેવા પવિત્ર શિક્ષણ ક્ષેત્રને પેટ ભરવાની પ્રપંચ-જાળ બનાવી ચૂકેલા 'શિક્ષણકારો'ને એમની ફરજનું ભાન કોણ કરાવશે? એ ભૂલવું ન જોઈએ કે ધર્મ અને શિક્ષણને લલાટે હક્ક સીમિત હોય છે ને ફરજો-કર્તવ્યો વિશાળ ને વિસ્તૃત. ધર્મનું ગંગાજળ રાજકારણીઓને ક્યારેય પવિત્ર બનાવી શકશે નહીં કારણ કે એ નરકનું દ્વાર છે.

✷ ✷ ✷

# A small gesture can escort a big smile !!

◻ PRACHI SHAH

Jain spirit flourishing in little hearts on foreign land is a spiritual aura that you will experience when you meet students of *Gyanshala* at *JVBNA center in N.J.-U.S.A*. JVBNA is a nonprofit Jain Organization lead by *Terapanti Samanijis* who are disciples of *Acharya Shri Tulsi and Acharya Shri Mahapragya.*

